# કોડિયું

વર્ષ : ૭૩ | નવેમ્બર: ૨૦૧૯ | અંક : ૦૪


## ◆ સૂચના ◆

☛ 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.

☛ પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.

☛ કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. અથવા ડિમાન્ડડ્રાફ્ટથી સ્વીકારવામાં આવે છે.

## ◆ લેખ મોકલવા માટે ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## ◆ લેખકોને ◆

☛ શિક્ષણ, ગ્રામવિકાસ તથા પુનર્ગઠન અંગેના લેખો આવકાર્ય છે.

☛ અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

## ◆ લવાજમ ◆

વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

## અનુક્રમણિકા


| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પાના નં. |
|---|---|---|---|
| ૦૧ | અંતરંગયોગ | - ભાણદેવજી | ૧૩૭ |
| ૦૨ | ગાંધીજીએ ટોલ્સટોયને કઈ રીતે ઓળખ્યા ? | - હિરજી નાકરાણી | ૧૪૦ |
| ૦૩ | સૉક્રેટિસ, ભારતીય સંસ્કૃતિ અને વર્તમાન : 'દર્શક'ની સાખે | - ઉર્વીશ કોઠારી | ૧૪૫ |
| ૦૪ | મોરારિબાપુનો પ્રેમ... | - દિનુ ચુડાસમા | ૧૫૧ |
| ૦૫ | ડૉ. વિક્રમ સારાભાઈ... | - પદ્મનાભ જોષી | ૧૫૪ |
| ૦૬ | અંતિમ ક્ષણનો વિવેક | - મોહન દાંડીકર | ૧૬૨ |
| ૦૭ | કર્મનિષ્ઠ રસોયા બહેન જયામાડી | - મહિપતસિંહ ઝાલા | ૧૬૩ |
| ૦૮ | ભાંગ્યાનો ભેરુ.....'કાળિયોકોશી' | - હીરજી ભીંગરાડિયા | ૧૬૮ |
| ૦૯ | સંસ્થા સમાચાર | - પ્રશાંત મહેતા | ૧૭૧ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
શ્રી જુગલકિશોર વ્યાસ
(મો. ૯૪૨૮૮૦૨૪૮૨)

**સંપાદક-મંડળ:**
ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
ડૉ. સંજય તલસાણિયા
(મો. ૯૪૨૭૬૬૮૦૮૩)
શ્રી પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા,
ફોન : ૦૨૮૪૬-૨૪૪૧૧૮

## તંત્રી સ્થાનેથી...

પ્રકાશનું પર્વ દીપાવલી આવીને ગયું. ફરી એક નવું વર્ષ શરૂ થયું. પ્રકાશ સાથે હરક્ષણનું પરિવર્તન જોડાયેલું છે. રોજિંદા જીવનની બીબાઢાળ દિનચર્યામાંથી કાંઈક જુદું કરવું કે જીવવું એ આનંદસ્રોત છે. દૃશ્યો બદલાય, ઘટના બદલાય અને સર્વાંશે સંવેદનાઓ બદલાય એ નવું નવું વિચારવાની અને નવું નવું સર્જનાત્મક કામ કરવાની પ્રેરણા આપતી હોય છે. વાઘબારશ એ સરસ્વતી-જ્ઞાનનું પર્વ છે, ધનતેરશ એ ધન્વંતરિ-આરોગ્યની સુખાકારીનું પર્વ છે, કાળીચૌદશ એ હિંમત-સાહસનું પર્વ છે. અને છેલ્લે આવતું પ્રકાશપર્વ એ તો લક્ષ્મીનું-સુવિધાઓનું મહાપર્વ છે. આમ નોલેજ, હેલ્થ, કરેજ અને વેલ્થ એમ ચાર જીવનના મૂળભૂત આધારસ્થંભોથી નવાવર્ષનો શુભારંભ થાય છે. આ આધારસ્થંભોનો હકારાત્મક સ્વીકાર એટલે સંસ્કૃતિ અને પ્રકૃતિને પોષતી ટકાઉ જીવનશૈલી. રામના વિજયની ઘટના સાંસ્કૃતિક ઘટના છે. ધનના ઢગલા કરીને ખળાને ખૂણે ઊભો ખેડૂત જે હરખ સાથે આરામ ઝંખે છે અને આંતરિક ઝળાહળા થાય છે તે પ્રાકૃતિક ઘટના છે. આમ સંસ્કૃતિ અને પ્રકૃતિના સુભગ સમન્વયથી સ્પર્શ, સંવેદના અને સંબંધોના ત્રિવેણી પવિત્ર સંગમથી રચાતું આ ઉત્સાહપર્વ આપણા જીવનનો આંતરિક પ્રકાશ પેદા કરતું 'જનરેટર પર્વ' છે ! એ પ્રકાશથી આપણે ઈશ્વરના દર્શન કરવાના છે.

આજે અદ્યતન પદાર્થ-વિજ્ઞાનનો અને પ્રાચીન અધ્યાત્મ-વિજ્ઞાનનો સમન્વય આપણને સમજાવી રહ્યો છે કે સમગ્ર વિશ્વ એક ગતિશીલ, અખંડ અને અવિભાજ્ય છે. વિશ્વના તમામ અંગો વચ્ચેના આંતરસંબંધોને જોડીને સમસ્ત વિશ્વની અખંડિતતાનું સ્વયં વ્યવસ્થાપન કરતું ચૈતન્ય પોતે જ ઈશ્વરસ્વરૂપ છે.

શુભેચ્છાઓ માટે લાલશાહીથી લખાતાં પોસ્ટકાર્ડથી માંડીને બધું જ જાતે બનાવવામાં જે આવતું હતું તેના સ્થાને આજે બધી જ સામગ્રી બજારુ બની ગઈ છે ત્યારે સ્પર્શ-સંવેદના-સંબંધોનો અભાવો જીવનની ઉદાસીનતા અને કૃત્રિમતાને જન્મ આપે છે. હાયબ્રીડ પ્રોડક્ટ મોટી, આકર્ષક અને વિપુલ જથ્થામાં હોય છે પણ તેમાં સ્વાદ અને જરૂરી પોષક તત્ત્વોની ઉણપ હોય છે તેવો ઘાટ આ બજારુ સંસ્કૃતિએ ઘડયો છે, ત્યારે આપણે આપણા વિવેકને જાગૃત કર્યા વગર છૂટકો નથી. આ વર્ષના પ્રારંભે પ્રકૃતિએ 'ક્યાર' વાવાઝોડું મોકલ્યું અને ભારે બાહ્ય વિનાશ વેર્યો છે પરંતુ આપણે 'પ્યાર' વાવાઝોડું જન્માવીને પરસ્પરની ચાહતથી તેને આંતરિક પ્રકાશથી ઉજાગર કરવાનું છે.

લોકદક્ષિણામૂર્તિ સંસ્થાઓના બૃહદ પરિવારને આ નવા વર્ષના પ્રારંભે અત્યંત ભાવપૂર્ણ વંદના-શુભેચ્છાઓ-અભિનંદન-આનંદ પાઠવીએ છીએ.

— અરુણ દવે

## (૦૧) અંતરંગયોગ

- ભાણદેવજી

**ગતાંકથી ચાલુ...**

**સમાપત્તિના પ્રકારો :**

સમાપત્તિના ચાર પ્રકારો છે.

૧. સવિતર્ક :

'શાબ્દિક જ્ઞાન, ખરું જ્ઞાન અને ઇન્દ્રિયજન્ય જ્ઞાન - આ ત્રણે વિકલ્પોથી સંકીર્ણ થયેલી સમાપત્તિને સવિતર્ક કહે છે.'

આપણે અગળ જોઈ ગયા છીએ કે સમાપત્તિમાં વિષય સાથે ચિત્તનું તાદાત્મ્ય થાય છે. આ તાદાત્મ્યથી વિષયનું રહસ્ય સ્વરૂપ પ્રગટ થાય છે. યૌગિક રહસ્ય વિદ્યા મુજબ પદાર્થ દેખાય છે તેટલો જ અને તેવો જ નથી. ભૌતિક પદાર્થ પણ રહસ્યપૂર્ણ ઘટના છે. આ જ્ઞાન શબ્દ, ઇન્દ્રિય કે તર્કથી મેળવી શકાય તેમ નથી. એ માટે એક વિશિષ્ટ દૃષ્ટિ(છઠ્ઠી ઇન્દ્રિય)નો વિકાસ થવો જોઈએ. સમાપત્તિમાં આ રહસ્યોદ્‌ઘાટન થાય છે. પરંતુ આ સવિતર્ક સમાપત્તિ આરંભની અવસ્થા છે. આ સમાપત્તિ ત્રણે પ્રકારનાં જ્ઞાનથી સંકીર્ણ થયેલી છે. શાબ્દિક જ્ઞાન એટલે શાબ્દિક વર્ણનથી મળેલું જ્ઞાન. ઇન્દ્રિયજન્ય જ્ઞાન એટલે પંચેન્દ્રિય દ્વારા મેળવેલું જ્ઞાન. (તાર્કિક જ્ઞાનનો સમાવેશ આમાં જ કરવામાં આવે છે કેમ કે તર્ક પણ પ્રત્યક્ષ પર આધારિત છે) આ બંનેથી પર એક ત્રીજું રહસ્યપૂર્ણ જ્ઞાન છે, જેનાથી વિષયનું ખરું સ્વરૂપ પ્રગટ થાય છે. આ ત્રણે જ્ઞાનને અનુક્રમે શબ્દ, જ્ઞાન અને અર્થ કહેવામાં આવેલ છે. શાબ્દિક જ્ઞાન અને ઇન્દ્રિયજન્ય જ્ઞાન હજુ હાજર છે તેથી રહસ્યોદ્‌ઘાટન સંપૂર્ણ થયું નથી.

૨. નિર્વિતર્ક :

'સ્મૃતિ પરિશુદ્ધ થતાં, સ્વભાન ચાલ્યું જાય છે ત્યારે ખરું જ્ઞાન પ્રકાશિત થાય છે. આ અવસ્થાને નિર્વિતર્ક સમાપત્તિ કહે છે.'

નિર્વિતર્ક સમાપત્તિ એ સવિતર્ક સમાપત્તિ પછીની ભૂમિકા છે. અહીં ત્રણે પ્રકારનાં જ્ઞાનની સંકીર્ણતા ચાલી જાય છે. માત્ર ખરું જ્ઞાન(રહસ્યપૂર્ણ જ્ઞાન) જ પ્રકાશિત થાય છે. તેને જ અર્થમાત્રનિર્ભાસ કહે છે.

અર્થમાત્રનિર્ભાસની આ અવસ્થા આવે છે કેવી રીતે ?

સામાન્ય અવસ્થામાં માત્ર શબ્દજન્ય અને ઇન્દ્રિયજન્ય જ્ઞાન જ હોય છે. સવિતર્ક સમાપત્તિમાં એક ડગલું આગળ વધીને 'અર્થ' જ્ઞાનનો ઉદય થાય છે. પરંતુ હજી ત્રણે જ્ઞાનની મિશ્રિત અવસ્થા છે. આ મિશ્રણનું કારણ શું? સ્મૃતિ. કેમ કે શાબ્દિક જ્ઞાન, ઇન્દ્રિયજન્ય જ્ઞાન(તર્કજન્ય જ્ઞાન સહિત) સ્મૃતિ પર આધારિત હોય છે. પ્રત્યક્ષીકરણએ આ પ્રકારના જ્ઞાનનો પાયો છે અને પ્રત્યક્ષીકરણની પ્રક્રિયા સ્મૃતિ વિના બની શકે નહિ. તેથી સ્મૃતિ આ મિશ્રણમાં કારણભૂત છે. સ્મૃતિનું પરિશોધન થતાં નિમ્ન પ્રકારનાં બંને જ્ઞાન આડખીલી રૂપ બનતાં અટકે છે અને ખરું રહસ્યજ્ઞાન પરિશુદ્ધ સ્વરૂપે પ્રગટે છે.

સવિતર્કમાંથી નિર્વિતર્કમાં જતાં બીજી પણ એક ઘટના ઘટે છે. તે છે સ્વરૂપશૂન્યમિવ સ્વભાનની ચેતનાનો લોપ. સવિતર્ક કરતાં નિર્વિતર્ક સમાપત્તિમાં વધુ ઊંડાણ છે. ચેતના વધુ ઊંડી જતાં સ્વભાન ચાલ્યું જાય છે, તેને જ સ્વરૂપશૂન્યમિવ કહે છે.

સ્વરૂપ(સ્વભાન)નો અર્થ અહીં અહંકારી ચેતના છે. ઇવ શબ્દ વાપર્યો છે તે બતાવે છે કે અહીં પણ સ્વનું ભાન સંપૂર્ણપણે ચાલ્યું જતું નથી.

૩-૪. સવિચાર અને નિર્વિચાર :

સમાપત્તિના ઉપરોક્ત બંને પ્રકારોનાં સ્વરૂપ અને સંબંધ જેવાં જ સ્વરૂપ અને સંબંધ સવિચાર અને નિર્વિચાર સમાપત્તિનાં પણ છે. ભિન્નતા માત્ર એટલી જ છે કે અહીં સમાપત્તિનો વિષય સૂક્ષ્મ છે.

'આનાથી (પ્રથમ બંને સમાપત્તિના વર્ણનથી) સૂક્ષ્મ વિષયવાળી સવિચાર અને નિર્વિચાર સમાપત્તિની પણ વ્યાખ્યા થઈ ગઈ.'

પ્રથમ બંને સ્વરૂપો અને આ બંને સ્વરૂપોનો ભેદ

'સૂક્ષ્મવિષયા' શબ્દ દ્વારા સૂચિત થાય છે.

સૂક્ષ્મ વિષયોમાં તન્માત્રાઓ, મન, અહંકાર અને અવ્યક્ત પ્રકૃતિ સુધીના પદાર્થોનો સમાવેશ થાય છે.

એટલે કે નિર્વિચાર સમાપત્તિનો અભ્યાસ દૃઢ થતાં અધ્યાત્મનો પ્રસાદ મળે છે. તે જ અવસ્થા વિશે આગળ જતાં કહે છે : ઋતમ્ભરા તત્ર પ્રજ્ઞા..

એ વખતે ઋતંભરા પ્રજ્ઞાનો ઉદય થાય છે. ઋત એટલે વિશ્વ વ્યવસ્થાનું સત્ય. તેનું જ્ઞાન આ પ્રજ્ઞાથી થાય છે. તેથી તેને ઋતંભરા પ્રજ્ઞા કહે છે.

**ઉન્નત અંતરંગયોગ :**

ધારણા, ધ્યાન, સંપ્રજ્ઞાત સમાધિ તથા તેના પ્રકારો અને સમાપત્તિ તથા તેના પ્રકારો વિષે આપણે જોયું. હવે પછી આપણે સમાધિનાં ઉચ્ચ સ્વરૂપો વિષે જોઈશું. આમ તો ધારણાથી આરંભીને કૈવલ્ય સુધીના સમગ્ર ક્ષેત્રને અંતરંગયોગ કહે છે. પરંતુ તેના પણ જો બે વિભાગો કરીએ તો ધારણાથી નિર્વિચાર સમાધિ સુધીના ક્ષેત્ર સુધીનો પ્રથમ વિભાગ અને ત્યાર પછીના ઉચ્ચ સ્વરૂપના સમાધિ પ્રકારોથી કૈવલ્ય સુધીનો બીજો વિભાગ ગણાય છે. પ્રથમ વિભાગ યમાદિના બહિરંગયોગની તુલનાએ અંતરંગયોગ છે, પરંતુ બીજા વિભાગની તુલનાએ તો એ પણ બહિરંગ છે.

'આ ત્રણે (ધારણા, ધ્યાન, સંપ્રજ્ઞાત સમાધિ) આગળ કહેલાની તુલનાએ અંતરંગ છે.'

'તે પણ નિર્બીજની તુલનાએ બહિરંગ છે.'

સમાધિનાં આ ઉચ્ચ સ્વરૂપો એટલે કે ઉન્નત અંતરંગયોગ અંગે પતંજલિએ બહુ સંક્ષેપમાં નિર્દેશ કર્યો છે અને તેમ થવાનું કારણ એ છે કે આ અવસ્થાઓ અંગે કંઈ પણ કહેવું બહુ મુશ્કેલ છે. આ છટમ્જ્ઞ અવસ્થાઓ છે. તેનું નિર્વચન ન કરી શકાય. છતાં જે કંઈ કહેવાયું છે તેને આધારે આપણે તેમને સમજવા પ્રયત્ન કરીએ. જે અનુભવગમ્ય છે તેને શબ્દગમ્ય બનાવવાનો પ્રયત્ન હંમેશાં અપૂર્ણ રહેવાનો એટલું ધ્યાનમાં રાખવું જોઈએ.

યોગસૂત્રમાં ઉન્નત અંતરંગયોગની ચાર અવસ્થાઓનો નિર્દેશ કર્યો છેઃ (૧) અન્ય (૨) નિર્બીજ સમાધિ (૩) ધર્મમેઘ સમાધિ (૪) કૈવલ્ય.

**અન્ય (અસંપ્રજ્ઞાત) સમાધિ :**

આ સમાધિથી ઉન્નત અંતરંગયોગનો આરંભ થાય છે. 'અન્ય' શબ્દ 'સંપ્રજ્ઞાતથી આગળની સમાધિ' એમ સૂચવવા માટે વપરાયો છે. 'અન્ય' શબ્દ માટે અસંપ્રજ્ઞાત શબ્દ પણ વપરાય છે. જોકે પતંજલિએ 'અસંપ્રજ્ઞાત' શબ્દનો ઉપયોગ કર્યો નથી.

અસંપ્રજ્ઞાત એટલે પ્રજ્ઞાવિહીન એવો અર્થ નથી. પણ સંપ્રજ્ઞાતથી જુદી એવો છે. સંપ્રજ્ઞાત સમાધિ પ્રજ્ઞાયુક્ત છે. અહીં પણ પ્રજ્ઞા તો છે જ અને વધુ વિકસિત છે. સમાધિનાં આ અને આગળનાં સ્વરૂપોનું નિર્વચન શક્ય નથી, એમ સૂચવવા માટે 'છદ્મઅઃ' શબ્દ વાપરવામાં આવ્યો છે. એટલે આ શબ્દ દ્વારા પણ પતંજલિએ ઘણું કહી દીધું છે. સમાધિના પ્રસ્તુત સ્વરૂપ અંગે પતંજલિ એક સૂત્ર આપે છે :

'પ્રત્યયોના વિરામનો અભ્યાસ જેની પહેલાં કરવામાં આવ્યો છે અને જેમાં હજી સંસ્કારો શેષ રહ્યા છે તેવા સમાધિ સ્વરૂપને 'અન્ય' સંજ્ઞા કહે છે.'

આ વ્યાખ્યામાં 'અન્ય' સમાધિ વિશે લક્ષણો સૂચવવામાં આવ્યાં છે.

(૧) પૂર્વનાં સમાધિ સ્વરૂપોમાં પ્રત્યયોની હસ્તિ રહે છે. અહીં પ્રત્યયો પણ વિરામ પામે છે.

(૨) સંપ્રજ્ઞાત સમાધિમાંથી 'અન્ય'માં જવા માટે પર્યાપ્ત પ્રમાણમાં પ્રત્યયોના વિરામનો અભ્યાસ કરવામાં આવે તે આવશ્યક છે.

(૩) સમાધિનાં આ સ્વરૂપોમાં પણ સંસ્કારો બાકી રહે છે. આ નિર્બીજ સમાધિ નથી કે કૈવલ્ય નથી. અહીં પ્રત્યયોનો વિરામ છે, પરંતુ સંસ્કારોનો ક્ષય હજી બાકી છે.

**નિર્બીજ સમાધિઃ**

માનવ ચિત્તમાં અનેક પ્રકારના સંસ્કારો હોય છે. સમાધિના અભ્યાસથી ચિત્તમાં નવા સંસ્કારો ઉદિત થાય છે. આ સમાધિજન્ય સંસ્કારો અન્ય સંસ્કારોનો પ્રતિબંધ કરે છે.

અહીં યોગજન્ય સંસ્કારો ભોગજન્ય સંસ્કારોનો પ્રતિબંધ કરે છે. સાધક સમાધિમાંથી પાછો આવે છે ત્યારે નવો પ્રકાશ, નવું જ્ઞાન લઈને આવે છે. સમાધિનો આ અનુભવ સાધકના ચિત્ત પર રૂપાંતરકારી અસર ઉપજાવે

છે. આ અસર તે જ ંત્નદ્વઃ જ.જીાદ્ધિઃ છે. જો સમાધિના અનુભવો સાધકના જીવનને બદલી ન નાખે તો તે સમાધિ ખરી સમાધિ નથી. સમાધિના વારંવારના અભ્યાસથી જન્મેલા આ યોગજ સંસ્કારો માયિક-ભોગજન્ય સંસ્કારોને ભૂંસી નાખે છે અને સાધકનું ચિત્ત સંસ્કારોથી મુક્ત થવા માંડે છે.

એથી પણ આગળ વધીને માયિક સંસ્કારોથી મુક્ત થયેલું ચિત્ત સમાધિજન્ય સંસ્કારોથી પણ મુક્ત થાય - તેનો પણ નિરોધ થાય ત્યારે નિર્બીજ સમાધિ ઘટે છે.

નિર્બીજ સમાધિના સ્વરૂપ અંગે પતંજલિ કહે છે :

'તેના (સમાધિજન્ય સંસ્કારો)ના પણ નિરોધથી સર્વનિરોધ થતાં નિર્બીજ સમાધિ સિદ્ધ થાય છે.'

ચિત્તવૃત્તિના નિરોધની અને સંસ્કારોના ક્ષયની યાત્રા અહીં પૂરી થાય છે. છતાં અધ્યાત્મયાત્રાનો અહીં અંત નથી. અધ્યાત્મયાત્રા અનંતની યાત્રા છે. તેનો અંત કદી આવતો નથી. અધ્યાત્મ-હિમાલયની યાત્રામાં એક શિખર પર ચડીએ ત્યારે નવાં શિખરો દૃષ્ટિગોચર થાય છે. કોઈકે ઠીક જ કહ્યું છે :

**ધર્મમેઘ સમાધિઃ**

યોગસૂત્ર મુજબ સમાધિના ઉચ્ચતમ સ્વરૂપને ધર્મમેઘ સમાધિ કહે છે.

'ઉચ્ચ પ્રકારના પ્રકૃતિ વિષયક જ્ઞાન પ્રત્યે પણ વિરક્તને નિરંતર વિવેક જ્ઞાનથી ધર્મમેઘ સમાધિ થાય છે.'

પ્રકૃતિના ગુહ્ય સ્વરૂપને આ જ્ઞાન સમ્યક્ અને ઉત્કૃષ્ટ રીતે સમજાવે છે. એટલે આ જ્ઞાન પ્રકૃતિ વિષયક ક્ષેત્રમાં સર્વોત્તમ છે. યોગસૂત્રના વિભૂતિપાદમાં પતંજલિ સ્પષ્ટ રીતે અને વિસ્તારથી સમજાવે છે કે સંયમની કળા દ્વારા યોગી પ્રકૃતિનાં ગહન રહસ્યો ખોલી શકે છે અને ઈન્દ્રિય કે તર્કથી ન પામી શકાય તેવા ગુહ્ય જ્ઞાનને આ સંયમની કળાથી પામે છે. આ જ્ઞાન પ્રકૃતિના ક્ષેત્ર પૂરતું ઉચ્ચતમ છે, પરંતુ પુરુષ જ્ઞાન નથી. એટલે સાચો આધ્યાત્મિક પુરુષ તેનાથી પણ વિરક્ત થાય તે આવશ્યક છે. કેમ કે આવા જ્ઞાન પ્રત્યેની આસક્તિ પણ આધ્યાત્મિક વિકાસમાં બાધારૂપ બની શકે.

આવા રહસ્યપૂર્ણ જ્ઞાન-પ્રસંખ્યાન પ્રત્યે પણ અકુસીદ-વિરક્ત રહેનારને સર્વથા વિવેકખ્યાતિ એટલે કે નિરંતર પ્રકાશમાન વિવેક જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ વિવેક જ્ઞાનના બળથી સાધક ધર્મમેઘ સમાધિ પામે છે.ॅ/ાટઈી' ર્અક્ષરદ્ઘઈદ્ઘસ્ દ્ધીરૈં-દ્દટઈૈં એવું તેનું શાસ્ત્રમાં વર્ણન છે. કૈવલ્યાવસ્થામાં પ્રવેશ માટેનું આ અંતિમ દ્વાર છે. આ સમાધિમાં યોગી પર જ્ઞાન, આનંદ, શાંતિ અને શક્તિની વર્ષા થાય છે.

**કૈવલ્ય :**

ધર્મમેઘ સમાધિથી ક્લેશ અને સંસ્કારોની આત્યંતિક નિવૃત્તિ થાય છે. આત્મા પ્રકૃતિના બંધનથી પૂર્ણતઃ મુક્ત થાય છે અને કેવળ પુરુષ સ્વરૂપે પ્રકાશે છે. આ અવસ્થાને યૌગિક પરિભાષામાં 'કૈવલ્ય' કહે છે. યૌગિક ધારણા મુજબ આ અવસ્થાને સર્વોચ્ચ આધ્યાત્મિક અવસ્થા ગણવામાં આવે છે. આને જ મોક્ષ કે આત્મપ્રાપ્તિ કહે છે.

કૈવલ્યાવસ્થા એ સમાધિની અવસ્થા નથી પણ સ્વરૂપ સ્થિતિ છે અને કૈવલ્યાવસ્થાએ પહોંચનાર પુરુષ એ સ્થિતિમાંથી કદી ચ્યુત થતો નથી. જો ચ્યુત થાય તો તે કૈવલ્યાવસ્થા હતી જ નહિ એમ સમજવું. યોગિક સમજ મુજબ સમાધિ એ સતત રહેતી અવસ્થા નથી. પરંતુ સાધક સમાધિના કોઈ સ્વરૂપમાં અમુક નિશ્ચિત સમય સુધી રહે છે. જ્યારે કૈવલ્યાવસ્થામાં આવું નથી. કૈવલ્યાવસ્થા તો આધ્યાત્મિક વિકાસની અંતિમ પરિણતિ છે અને ત્યાં પહોંચેલો કદી પાછો ફરતો નથી.

આ અવસ્થામાં પ્રકૃતિના કોઈ પણ પ્રભાવ હેઠળ પુરુષ રહેતો નથી. પ્રકૃતિનો દર્શનક્રમ પૂરો થાય છે.

'જેવી રીતે નર્તકી પોતાનું નૃત્ય રંગભૂમિ પર બતાવીને નિવૃત્ત થાય છે. તેવી રીતે પ્રકૃતિ પણ પુરુષની આગળ પોતાને બતાવીને નિવૃત્ત થાય છે.'

'પુરુષાર્થ શૂન્ય થયેલા ગુણોનું પોતાના કારણમાં વિલીન થવું અથવા ચિતિશક્તિ-પુરુષનું પોતાના સ્વરૂપમાં અવસ્થિત થવું એ કૈવલ્ય છે.'

પ્રકૃતિના અપસર્ગ ક્રમે પાછા ફરતાં ફરતાં એવી અવસ્થા આવે છે કે ત્રિગુણાત્મક પ્રકૃતિ પુરુષાર્થશૂન્ય બની જાય છે. હવે પ્રકૃતિના ગુણોને પુરુષ માટે કશું કરવાનું રહેતું

**(અનુસંધાન પાના નં. ૧૪૪ ઉપર)**

## (૦૨) ગાંધીજીની દોઢ શતાબ્દી-૦૯
## ગાંધીજીએ ટોલ્સટોયને કઈ રીતે ઓળખ્યા ?

- હિરજી નાકરાણી

રશિયન મહર્ષિ લિયો ટોલ્સ્ટોયની જન્મ શતાબ્દીનો ઉત્સવ તા.૧૦-૯-૧૯૨૮ના રોજ અમદાવાદના સત્યાગ્રહ આશ્રમમાં ગાંધીજીની નિશ્રામાં ઉજવાયેલો. તે વખતે તેમણે લિયો ટોલ્સ્ટોયનાં લખાણો અને વિચારોનો પ્રભાવ પોતાના જીવન ઉપર કઈ રીતે, ક્યારે અને કેવા સંજોગોમાં પડ્યો હતો તે રજૂ કરતાં કહે છે :

"દત્તાત્રેયની માફક મેં જગતમાં ઘણા ગુરુ કર્યા છે, એમ હું મારે વિશે કહી શકું તો મને ગમે. પણ મારી એ સ્થિતિ નથી. મેં તો એથી ઊલટું કહ્યું છે કે હું હજી સુધી ધર્મગુરુને શોધવા મથી રહ્યો છું. ગુરુ મેળવવાને મોટી લાયકાત જોઈએ એવી મારી માન્યતા છે. અને તે દિવસે દિવસે રૂઢ થતી જાય છે. જેને એ લાયકાત મળી રહે છે તેની પાસે ગુરુ ચાલીને આવે છે. મારામાં એ લાયકાત નથી. ગોખલેને મેં રાજ્યપ્રકરણી ગુરુ કર્યા છે. તેમણે મને તે ક્ષેત્ર પરત્વે પૂરો સંતોષ આપ્યો હતો. એમના કહેવાને વિશે કે એમની આજ્ઞાને વિશે મને તર્ક વિતર્ક કદી ન થતા. એ મારી સ્થિતિ કોઈ ધર્મગુરુને વિશે નથી.

"છતાં એટલું તો કહું કે ત્રણ પુરુષોએ મારા જીવન પર મોટામાં મોટી અસર કરી છે. એમાં પહેલું સ્થાન હું રાયચંદ કવિને આપું છું, બીજું ટોલ્સ્ટોયને અને ત્રીજુ રસ્કિનને. ટોલ્સ્ટોય અને રસ્કિન વચ્ચે હરીફાઈ ચાલે અને બંનેના જીવન વિષે હું વધારે જાણું તો બેમાં કોને પહેલા મૂકું એ નથી જાણતો. પણ અત્યારે તો બીજું સ્થાન ટોલ્સ્ટોયને આપું છું. ટોલ્સ્ટોયના જીવન વિશે ઘણાએ વાંચ્યું હશે, તેટલું મેં નથી વાંચ્યું. તેમણે લખેલાં પુસ્તકોનું મારું વાચન પણ બહુ ઓછું છે એમ કહીએ તો ચાલે. એમનાં જે પુસ્તકોની અસર મારા ઉપર બહુ જ પડી તેનું નામ "Kingdom of Heaven is within you"એનો અર્થ એ કે ઈશ્વરનું રાજ્ય તમારા હૃદયમાં છે. એને બહાર શોધવા જશો તો ક્યાંય નહીં મળે. એ મેં ચાલીસ વરસ પર વાંચેલું. એ વેળા મારા વિચારો કેટલીયે બાબતમાં શંકાશીલ હતા; કેટલીય વખત મને નાસ્તિકતાના વિચારો આવી જતા. વિલાયત ગયો ત્યારે તો હું હિંસક હતો; હિંસા પર મને શ્રદ્ધા હતી, અને અહિંસા વિશે અશ્રદ્ધા હતી. આ પુસ્તક વાંચ્યા પછી મારી એ અશ્રદ્ધા ચાલી ગઈ. ત્યાર પછી એમનાં કેટલાંક બીજાં પુસ્તકો મેં વાંચ્યાં. તેની દરેકની શી અસર થઈ તે ન કહી શકું, પણ તેમના સમગ્ર જીવનની શી અસર થઈ તે જ કહી શકું છું.

"એમના જીવનમાંથી બે વસ્તુ મને પોતાને ભારે લાગે છે. તેઓ કહે તેવું કરનારા પુરુષ હતા. એમની સાદાઈ અદ્દભુત હતી; બાહ્ય સાદાઈ તો હતી જ. એ અમીર વર્ગના માણસ. આ જગતના છપ્પન ભોગ તેમણે ભોગવેલા. ધનદોલતને વિશે મનુષ્ય જેટલું ઇચ્છે છે તે બધું તેમને સાંપડેલું. છતાં એમણે ભર જુવાનીમાં પોતાના સુકાનને ફેરવ્યું. દુનિયાના અનેક પ્રકારના રંગો જોયા, અનેક પ્રકારના સ્વાદ ચાખ્યા, છતાં જ્યારે એમને લાગ્યું કે એમાં કાંઈ જ નથી ત્યારે તેમણે પૂંઠ ફરવી અને છેવટ સુધી પોતાના વિચારોમાં મક્કમ રહ્યા. તેથી એક ઠેકાણે તો મેં લખી મોકલ્યું છે કે ટોલ્સ્ટોય આ યુગની સત્યની મૂર્તિ હતા. એમણે સત્યને જેવું માણ્યું તેવી રીતે ચાલવાનો ઉગ્ર પ્રયત્ન કર્યો. સત્યને છુપાવવાનો કે મોળું કરવાનો પ્રયત્ન ન કર્યો. લોકોને દુઃખ થશે કે સારું લાગશે; મોટા શહેનશાહને ઠીક લાગશે કે નહીં એનો વિચાર કર્યા વિના તેમને જે પ્રકારે જે વસ્તુ ભાસી એ જ પ્રકારે એમણે કહી. ટોલ્સ્ટોય પોતાના યુગને માટે અહિંસાના એક ભારે પ્રવર્તક હતા. અહિંસા વિશે જેટલું સાહિત્ય પશ્ચિમને સારુ ટોલ્સ્ટોયે લખ્યું, તેટલું સોંસરવું ચાલી જાય એવું બીજા કોઈએ લખેલું મારી જાણમાં નથી. એથી આગળ જઈને કહું તો

અહિંસાનું સૂક્ષ્મ દર્શન ટોલ્સ્ટોયે જેટલું કર્યું અને એના પાલનનો જેટલો પ્રયત્ન ટોલ્સ્ટોયે કર્યો એટલો અમલ, એટલો પ્રયત્ન કરનાર અત્યારે હિન્દુસ્તાનમાં કોઈ છે એવો મને ખ્યાલ નથી; એવા કોઈ મનુષ્યને હું જાણતો નથી.

"મારે સારુ આ સ્થિતિ દુઃખદાયક છે, મને એ ગમતી નથી. હિન્દુસ્તાન કર્મભૂમિ છે. હિન્દુસ્તાનમાં ઋષિમુનિઓએ અહિંસાના ક્ષેત્રમાં મોટામાં મોટી શોધો કરી છે, પણ આપણે વડીલોપાર્જિત મિલ્કત પર નભી નથી શકતા. એમાં જો વૃદ્ધિ ન કરતા જઈએ તો એને ખાઈ જઈએ છીએ એ વિશે ન્યાયમૂર્તિ રાનડેએ આપણને ચેતવી મૂકેલા છે. વેદાદિ સાહિત્યમાંથી કે જૈન સાહિત્યમાંથી મોટી મોટી વાતો ગમે તેટલી કરીએ કે સિદ્ધાંતોને વિશે પ્રમાણો ગમે તેટલાં ટાંકીએ અને દુનિયાને આશ્ચર્યચકિત કરીએ, તો પણ દુનિયા આપણને ખરા નહીં ગણે. તેથી જ રાનડેએ આપણો ધર્મ એ ગણાવેલો કે આપણે એ મૂડીમાં વધારો કરવો; બીજા ધર્મવિચારકોએ લખેલું હોય તેની સાથે એની સરખામણી કરવી; તેમ કરતાં કાંઈ નવું મળી આવે કે નવું અજવાળું પડે તો તેનો તિરસ્કાર ન કરવો. પણ આપણે તે પ્રમાણે કર્યું નથી. આપણા ધર્માધ્યક્ષોએ એક પક્ષીય જ વિચાર કર્યો છે. તેમનાં વાચન, કથન અને વર્તનમાં એકમેળ પણ નથી. પ્રજાને સારું લાગે કે નહીં, જે સમાજમાં પોતે કામ કરે છે તે સમાજને સારું લાગે કે નહીં તો પણ ટોલ્સ્ટોયની માફક ચોખ્ખે ચોખ્ખું સંભળાવનારા માણસો આપણે ત્યાં નથી મળી આવતા. એવી આપણા આ અહિંસાપ્રધાન મુલકની દયામણી દશા છે.

આપણી અહિંસા નિંદવાલાયક છે. માંકડ, મચ્છર, ચાંચડ પક્ષી અને અન્ય પ્રાણીઓને જેમ તેમ કરીને નભાવવામાં જાણે આપણે અહિંસાની સમાપ્તિ જોઈ રહ્યા છીએ. તે પ્રાણીઓ રિબાય તો ફિકર નથી કરતા; રિબાવવામાં પોતે ભાગ લેતા હોઈએ તોયે ફિકર નથી કરતા, પણ રિબાતાં પ્રાણીઓને કોઈ પ્રાણમુક્ત કરે અથવા આપણે તેમાં ભાગ લઈએ તો તેમાં આપણને ઘોર પાપ લાગે છે. એ અહિંસા નથી, એવું હું લખી ગયો છું અને ટોલ્સ્ટોયનું સ્મરણ કરાવતી વખતે ફરી કહું છું કે અહિંસાનો અર્થ એ નથી. અહિંસા એટલે પ્રેમનો સમુદ્ર, અહિંસા એટલે વેરભાવનો સર્વથા ત્યાગ. અહિંસામાં દીનતા, ભીરુતા ન હોય. ડરી ડરીને ભાગવાનું ન હોય, અહિંસામાં તો દઢતા, વીરતા, નિશ્ચલપણું હોવું જોઈએ.

"આ અહિંસા હિન્દુસ્તાનમાં શિક્ષિત વર્ગમાં જોવામાં આવતી નથી. તેમને સારું ટોલ્સ્ટોયનું જીવન પ્રેરણારૂપ છે. એમણે જે વસ્તુ માની તેનું પાલન કરવાનો ભારોભાર પ્રયત્ન કર્યો, અને એમાંથી કદી પાછા ન ફર્યા. હું માનતો નથી કે એમને પેલી સોટી ન મળી. ન મળી એમ તો એમણે પોતે કહ્યું. એમને એમ કહેવું શોભતું હતું. પણ ટોલ્સ્ટોયના ટીકાકારો લખે છે કે સોટી તેમને ન મળી. તે હું માનતો નથી. એમને જે અહિંસાનું દર્શન થયું, એનો એમણે સર્વાંશે અમલ ન કર્યો, એમ કોઈ કહે તો હું માનું. આ જગતમાં એવો જીવતો પુરુષ કોણ છે જે પૂરો અમલ કરી શક્યો છે? મારું તો માનવું છે કે દેહધારીને માટે સંપૂર્ણ અહિંસાનો અમલ અશક્ય છે. દેહ રહ્યો છે ત્યાં સુધી કંઈક પણ અહંભાવ તો રહ્યો જ છે. અહ્મભાવ છે ત્યાં સુધી જ શરીરને ધારણ કરવાપણું છે, તેથી શરીરની સાથે અહિંસા રહેલી જ છે. ટોલ્સ્ટોયે પોતે જ કહેલું કે જે પોતાને આદર્શે પહોંચ્યો માને તે ખલાસ થયો સમજવો; ત્યારથી એની અધોગતિ શરૂ થઈ. જેમ જેમ આદર્શની નજીક જઈએ તેમ તેમ આદર્શ દૂર ભાગતો જાય છે. જેમ તેની શોધમાં આગળ વધતા જઈએ એમ જણાય છે કે હજી એક ટૂક ચડવી બાકી છે. કોઈ જપાટાબંધ ટૂકો ન જ ચડી શકે. એમ માનવામાં હીણપ નથી, નિરાશા નથી, પણ નમ્રતા અવશ્ય છે. તેથી આપણા ઋષિઓએ કહ્યું કે મોક્ષ એ શૂન્યતા છે. મોક્ષ મેળવનારને શૂન્યતા મેળવવાની છે. એ ઈશ્વરપ્રસાદ વિના ન મળે. એ શૂન્યતા જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી આદર્શરૂપે જ રહે છે. એ વસ્તુને ટોલ્સ્ટોયે ચોખ્ખી જોઈ. તેને બુદ્ધિમાં અંકિત કરી તેની તરફ બે પગલાં ભર્યાં, તે જ વખતે એમને લીલી સોટી જડી. એ સોટીનું એ વર્ણન ન કરી શકે. મળી એટલું જ કહી શકે. છતાં મળી એમ કહ્યું હોત તો ટોલ્સ્ટોયનું જીવન સમાપ્ત

થાત.

"ટોલ્સ્ટોયના જીવનમાં જે વિરોધાભાસ દેખાય છે તે ટોલ્સ્ટોયની નામોશી કે ઊણપ નથી પણ જોનારાની છે. એમર્સને કહ્યું છે કે અવિરોધ એ નાનકડા માણસનું ભૂત છે. આપણા જીવનમાં કદી વિરોધ નથી આવવાનો એમ બતાવવા જઈએ તો આપણે મૂઆ પડ્યા છીએ. તેમ કરવા જતાં ગઈ કાલનું કાર્ય યાદ રાખીને તેની સાથે આજનો મેળ કરવો પડે અને એવો કૃત્રિમ મેળ સાધતાં અસત્ય આચરવું પડે. સીધો રસ્તો જ એ છે કે જે ઘડીએ સત્ય લાગે તે આચરવું. આપણી જો ઉત્તરોત્તર વૃદ્ધિ થતી હોય તો આપણાં કાર્યોમાં બીજાને વિરોધ ભાસે તેથી શું ? ખરું જોતાં એ વિરોધ નથી પણ ઉન્નતિ છે. તેમ ટોલ્સ્ટોયના જીવનમાં જે વિરોધ જણાય છે તે વિરોધ નથી, પણ આપણા મનમાં લાગતો વિરોધાભાસ છે. મનુષ્ય પોતાના હૃદયમાં કેટલા પ્રયત્નો કરતો હશે. રામરાવણના યુદ્ધમાં કેટલી જીતો મેળવતો હશે, એનું ભાન એને પોતાને નથી હોતું. જોનારાને તો ન જ હોઈ શકે. જે જરાક લપસ્યો તો તે કંઈ જ નથી એમ જગતને લાગે છે. અને લાગે છે તે સારું જ છે. તેને સારુ જગત નિંદાને યોગ્ય નથી. તેથી સંતોએ કહ્યું છે કે જગત જ્યારે આપણને નિંદે, ત્યારે આપણે આનંદ માનવો અને સ્તુતિ કરે ત્યારે થથરવું. જગત બીજું ન કરી શકે. તેણે તો મેલ જુએ ત્યાં તે નિંદવો જ રહ્યો. પણ મહાપુરુષનું જીવન જોવા બેસીએ ત્યારે મેં કહેલી વાત યાદ રાખવી. એણે હૃદયમાં કેટલાં યુદ્ધો કર્યાં હશે અને કેટલી જીતો મેળવી હશે, એનો પ્રભુ સાક્ષી છે; એ જ નિષ્ફળતાઓ એ સફળતાનાં નિશાન છે.

"આટલું કહીને હું એમ સમજાવવા નથી માગતો કે તમે તમારા દોષોને ઢાંકજો કે પહાડ જેવા હોય તેને રજ જેવા માનજો. આ તો મેં બીજાને વિશે કહ્યું છે. બીજાના હિમાલય જેવડા દોષોને રાઈ જેવડા માનીએ અને આપણા રાઈ જેવડાને હિમાલય જેવડા માનીએ. આપણામાં જરા પણ દોષ જણાય, જાણ્યે કે અજાણ્યે અસત્ય થઈ ગયું દેખાય, તો આપણને બળી મરવા જેવું થવું જોઈએ. ઝાળ લાગવી જોઈએ. સર્પ કે વીંછીનો દંશ તો કંઈ નથી. એને ઉતારનારા ઘણા મળે, પણ અસત્ય અને હિંસાના દંશમાંથી મુક્તિ કોણ આપે ? એ મુક્તિ ઈશ્વર જ આપી શકે અને આપણો પુરુષાર્થ હોય તો જ મળે. તેથી આપણા દોષને વિશે આપણે સાવધાન રહીએ. તેને જેટલા મોટા જોઈ શકાય તેટલા જોઈએ. અને જગત આપણને દોષિત ઠરાવે ત્યારે એમ ન માનીએ કે જગત કેટલું કૃપણ છે કે નાના દોષોને મોટા કહે છે ! ટોલ્સ્ટોયને કોઈ એમનો દોષ બતાવે તો એને તે ભયંકર કરી મૂકતા. જોકે એમનો દોષ બતાવવાનો પ્રસંગ ભાગ્યે જ આવ્યો હોય. કારણ કે એ ભારે આત્મ નિરીક્ષણ કરતા. બીજો બતાવે તે પહેલાં તો એમણે પોતાનો દોષ જોઈ લીધો હોય, અને એને સારુ પોતે જે પ્રાયશ્ચિત કલ્પેલાં, તે પણ કરી નાખ્યાં હોય. એ સાધુઓની નિશાની છે. તેથી હું માનું છું કે એમને પેલી સોટી મળી હતી.

બીજી એક અદ્‌ભુત વસ્તુનું ભાન ટોલ્સ્ટોયે લખીને અને પોતાના જીવનમાં ઉતારીને કરાવ્યું અને તે 'બ્રેડલેબર'. એ એમની પોતાની શોધ નહોતી. એક લેખકે એ વસ્તુ રશિયન સર્વસંગ્રહમાં લખેલી; એ લેખકને ટોલ્સ્ટોયે જગત આગળ ઓળખાવ્યો. અને એમની વાત પણ મૂકી. જગતમાં જે અસરકારકપણું દેખાય છે, દોલત અને કંગાલિયત દેખાય છે; તેનું કારણ એ છે કે આપણે જીવનનો કાયદો ભૂલી ગયા છીએ. એ કાયદો તે 'બ્રેડલેબર'. ગીતાના ત્રીજા અધ્યાયને આધારે હું એને યજ્ઞ કહું છું. ગીતાએ કહ્યું કે યજ્ઞ કર્યા વિના ખાય; તે ચોર છે, પાપી છે. તે જ વસ્તુ ટોલ્સ્ટોયે કહી બતાવી છે. 'બ્રેડલેબર'નો આડો-અવળો ભાવાર્થ કરી આપણે તેને ઉડાવી ન દઈએ. એનો સીધો અર્થ એ છે કે શરીર વાંકુ વાળીને જે મજૂરી ન કરે તેને ખાવાનો અધિકાર નથી. આપણે દરેક જણ ખાવા પૂરતી મહેનત કરી નાંખીએ તો જે ગરીબાઈ જગતમાં દેખાય છે તે ન જોઈએ. એક આળસુ બેને ભૂખે મારે છે. કારણ, તેથી તેનું કામ બીજાને કરવું પડે છે. ટોલ્સ્ટોયે કહ્યું કે લોકો પરોપકાર કરવા મથી રહ્યા છે, તેને નિમિત્તે પૈસા ખરચે છે ને ઇલકાબ મેળવે છે. પણ તેમ કરવાને બદલે જરાક જેટલું કામ કરે એટલે કે બીજાના ખભા પરથી ઊતરી જાય તો બસ છે અને એ ખરી વાત છે. એ

નમ્રતાનું વચન છે. પરોપકાર કરીએ પણ અમારા એશ-આરામમાંથી લવલેશ ન છોડીએ એમ કહેવું એ તો અખા ભગતે કહ્યું એના જેવું થયું, 'એરણની ચોરી ને સોયનું દાન' એમ કંઈ વિમાન આવી શકે ?

"ટોલ્સ્ટોયે કહ્યું તે બીજાએ નથી કહ્યું એમ નહીં, પણ એમની ભાષામાં ચમત્કાર હતો; કેમ કે જે કહ્યું તેનો અમલ એમણે કર્યો. ગાદી-તકિયે બેસનાર તે મજૂરી કરવા લાગ્યા. આઠ કલાક ખેતીનું કે બીજી મજૂરીનું તેમણે કામ કર્યું એટલે એમણે સાહિત્યનું કામ ન કર્યું, એમ નહીં. જ્યારે તે શરીર મહેનત કરતા થયા ત્યાર પછી તો તેમનું સાહિત્ય વધારે શોભ્યું. એમણે જેને પોતાનું મોટામાં મોટુ પુસ્તક કહેલું છે તે કલા એટલે શું? (વોટ ઇઝ આર્ટ?) એ એમણે આ યજ્ઞકાળમાં મજૂરી ઉપરાંતના વખતમાં લખેલું. મજૂરીથી તેમનું શરીર ન ઘસાયું તેમની બુદ્ધિ વધારે તેજસ્વી થઈ, એમ એમણે પોતે માનેલું અને એમના ગ્રંથોના અભ્યાસીઓ કહી શકશે કે એ વાત સાચી છે.

"ટોલ્સ્ટોયના જીવનનો ઉપયોગ કરવો હોય તો તેમના જીવનમાંથી ઉપલી ત્રણ વસ્તુઓ આપણે જાણી લેવી જોઈએ. યુવકસંઘના સભ્યોને આ વચનો કહેતાં હું તેમને યાદ દેવા માંગું છું કે તમારી પાસે બે માર્ગ છેઃ એક સ્વેચ્છાચારનો અને બીજો સંયમનો. તમને જો લાગે કે ટોલ્સ્ટોયે જીવી જાણ્યું ને મરી જાણ્યું, તો તમે જોશો કે જગતમાં ખરેખર માર્ગ બધાંને સારુ અને યુવકોને સારુ તો વિશેષ કરીને સંયમનો જ છે; હિન્દુસ્તાનમાં તો ખાસ છે. 'સ્વરાજ' એ કંઈ સરકાર પાસેથી લેવાનું છે એમ નથી. આપણી પડતી સ્થિતિના કારણો તપાસતાં તમને જણાશે કે સ્વરાજની ચાવી આપણા હાથમાં છે; તે નથી ઇંગ્લેન્ડમાં, નથી સિમલામાં કે નથી દિલ્હીમાં. એ ચાવી તમારા ને મારા ખિસ્સામાં છે. આપણા સમાજની અધોગતિ અને મંદતા દૂર કરવામાં શિથિલતા રહેલી છે. એ બધું કાઢી નાખીએ તો જગતમાં એવી કોઈ શક્તિ નથી જે આપણને પોતાની ઉન્નતિ કરતાં, સ્વરાજ મેળવતાં રોકી શકે. આપણા રસ્તામાં આપણે પોતે જ આળોટી રહ્યા છીએ. અને ત્યાંથી નીકળવાનો ઇનકાર કરીએ છીએ. યુવક સંઘના સભ્યોને હું કહું છું કે, તમારે માટે આ સુંદર કાળ છે. બીજી રીતે કહું તો વિષમ કાળ છે. ત્રીજી રીતે કહું તો પરીક્ષાનો કાળ છે. યુનિવર્સિટીની પરીક્ષા આપી પદવી મેળવો તે બસ નથી. જગતની પરીક્ષા અને ઠોકરોમાંથી પસાર થાઓ ત્યારે ખરી પદવી મેળવી કહેવાય. તમારે સારુ આ સંધિકાળ છે, સુવર્ણકાળ છે. તેમાં તમારી સામે બે માર્ગ પડ્યા છે; એક ઉત્તર તરફ જાય છે, બીજો દક્ષિણ તરફ જાય છે. એક પૂર્વ જાય છે તો બીજો પશ્ચિમ જાય છે. એમાંથી તમારે પસંદગી કરવાની છે. એમાંથી ક્યો પસંદ કરશો તે વિચારી લેવાનું છે. દેશમાં પશ્ચિમમાંથી અનેક વાયુ - મારી દૃષ્ટિએ ઝેરી વાયુ આવે છે.

"ટોલ્સ્ટોયના જીવન જેવો સુંદર વાયુ પણ આવે છે ખરો. પણ એ કંઈ દરેક સ્ટીમરમાં થોડો આવે છે ? દરેક સ્ટિમરમાં અથવા કહો કે દરરોજ — કારણ, દરરોજ કોઈ ને કોઈ સ્ટીમર તો મુંબઈ કે કલકત્તાના બારામાં આવે જ છે. બીજા પરદેશી માલ જોડે પરદેશી સાહિત્ય પણ આવે છે. એમાંના વિચારો માણસને ચકચૂર કરનારા છે. સ્વેચ્છાચાર તરફ લઈ જનારા છે એ ખચીત માનજો. એવું ગુમાન નહીં રાખતા કે તમે જે વિચારો કરેલા છે કે જે પુસ્તકો તમે અધકચરી સ્થિતિમાં વાંચેલાં છે ને તેમાંથી જે સમજ્યા છો તે જ સાચું છે. જે પુરાણું છે તે જંગલી અસભ્ય છે, ને નવી નવી શોધો થઈ છે તે જ સાચી છે. તમે એ ગુમાનમાં હો તો મને નથી લાગતું કે તમે તમારા સંઘને શોભાવશો. સરલાદેવી પાસેથી તમે નમ્રતા, સભ્યતા, મર્યાદા, પવિત્રતા શીખ્યા છો એ આશા હજી સુધી ખરી ન પાડી શક્યા હો તો હવે પછી પાડજો. તમે કેટલાંક સારાં કામ કર્યાં છે. એની પ્રશંસાથી ફુલાશો નહીં, પ્રશંસાથી ભાગતા રહેજો. ઘણું કરી નાખ્યું એમ ન માનજો.

"આપણા ઋષિમુનિઓએ કહ્યું છે કે અંતરનાદ સાંભળવા માટે અંતરકાન જોઈએ, અંતરચક્ષુ જોઈએ અને તે મેળવવા સંયમ જોઈએ. તેથી પાતંજલ યોગદર્શનમાં યોગાભ્યાસ કરનારને સારુ, આત્મદર્શનની ઇચ્છાવાળાને સારુ પહેલો પાઠ યમનિયમના પાલનનો બતાવ્યો છે. સંયમ

સિવાય મારી, તમારી કે કોઈની પાસે બીજો રસ્તો નથી. એ ટોલ્સ્ટોયે પોતાના લાંબા જીવનમાં સંયમી રહીને બતાવ્યું. હું ઇચ્છું છું, પ્રભુ પાસે પ્રાર્થના કરું છું કે એ વસ્તુ આપણે દીવા જેવી શુદ્ધ રીતે જોઈ શકીએ અને આજે ભેળા થયા છીએ તો નિશ્ચય કરીને વીખેરાઈએ કે ટોલ્સસ્ટોયના જીવનમાંથી આપણે સંયમ જ સાધવાના છીએ.

"આપણે નિશ્ચય કરીએ કે સત્યની આરાધના છોડવાના નથી. સત્ય માટે દુનિયામાં સાચી અહિંસા એ જ ધર્મ છે. અહિંસા પ્રેમનો સાગર છે. તેનું માપ જગતમાં કોઈ કાઢી શક્યું નથી. એ પ્રેમસાગરથી આપણે ઊભરાઈ જઈએ તો આપણામાં એવી ઉદારતા આવે કે તેમાં આખા જગતને આપણે સંકેલી શકીએ છીએ. એ કઠિન વસ્તુ છે ખરી, છતાં સાધ્ય છે.

"જેણે કામો જીતેલાં છે, જે અહિંસાની, પ્રેમની મૂર્તિ છે, તેમને માટે એ અહિંસા લૂલાંલંગડાં પ્રાણીને ન મારવામાં જ નથી આવી જતી. એમાં ધર્મ હોય છે ખરો, પણ પ્રેમ તો એથી અનંતગણો આગળ જાય છે. એની ઝાંખી જેને નથી તે લૂલાંલંગડાં પ્રાણીઓને બચાવે તોય શું ? ઈશ્વરના દરબારમાં એની કિંમત ઓછી જ અંકાશે.

"ત્રીજી વસ્તુ તે 'બ્રેડલેબર'- યજ્ઞ. શરીરને કષ્ટ આપીને, મહેનત કરીને જ ખાવાનો આપણને અધિકાર છે. પારમાર્થિક દૃષ્ટિએ કરેલું કામ તે યજ્ઞ. મજૂરી કરીને પણ સેવાને અર્થે જીવવાનું છે. લંપટ થવાને કે દુનિયાના ભોગો ભોગવવાને માટે જીવવાનું નથી. કોઈ કસરતી યુવાન આઠ કલાક કસરત કરે તો એ 'બ્રેડલેબર' નથી. તમે કસરત કરો, શરીરને મજબૂત બનાવો, એને હું અવગણી નાંખતો નથી. પણ જે યજ્ઞ ટોલ્સ્ટોયે કહ્યો છે, ગીતાના ત્રીજા અધ્યાયમાં બતાવ્યો છે, તે એ નથી. જીવન એ યજ્ઞને ખાતર છે, સેવાને ખાતર છે એમ જે માનશે તે ભોગોને સંકેલતો જશે. એ આદર્શ સાધવાના પ્રયત્નમાં જ પુરુષાર્થ છે. એ વસ્તુ ભલે સંપૂર્ણતાએ કોઈએ મેળવી નથી. એ દૂર જ ભલે રહે. ફરહાદે શિરીનને સારુ પથ્થરો ફોડ્યા તેમ આપણે પણ ફોડીએ. આપણી એ શિરીન તે અહિંસા. એમાં આપણું નાનકડું સ્વરાજ તો સમાયેલું છે જ. પણ તેમાં તો બધું છે."

**(અનુસંધાન પાના નં. ૧૩૯ ઉપરથી)**

નથી. એટલે ગુણોનો પ્રતિપ્રસવ થાય છે. પુરુષ સામેથી પ્રકૃતિનો પથારો સમેટાઈ જાય છે.

ગુણોની પ્રવૃત્તિનો હેતુ પુરુષનો ભોગ અને અપવર્ગ બંને છે. પુરુષ ભોગમાંથી મુક્ત થયો છે અને તેની મુક્તિ પણ સિદ્ધ થઈ છે. તેથી ગુણો માટે કોઈ પુરુષાર્થ કરવાનો બાકી રહેતો નથી. એટલે ગુણો પ્રતિપ્રસવ દ્વારા પોતાના કારણમાં - અવ્યક્ત પ્રકૃતિમાં લીન બને છે અને ચિતિશક્તિ એટલે પુરુષ પોતાના કેવળ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થાય છે.

સમાધિ અંગે એક વિશિષ્ટ વાત :

સામાન્ય રીતે ચેતનાના ઉચ્ચતર સ્તરોમાં સાધક બાહ્યભાન જાળવીને પ્રવેશી શકતો નથી. માત્ર સમાધિ અવસ્થામાં જ તેનો આ ઉચ્ચતર સ્તરોમાં પ્રવેશ થાય છે. પરંતુ અસાધારણ આધ્યાત્મિક વિકાસ પામેલ ઉચ્ચ અવસ્થાના સિદ્ધ પુરુષો જાગૃત અવસ્થામાં, બાહ્ય ભાન જાળવીને પણ ચેતનાના ઉચ્ચતર સ્તરોમાં પ્રવેશી શકે છે તેમની આ સિદ્ધિ અસાધારણ ગણાય. કારણ કે જે અન્ય સાધકને માત્ર સમાધિ અવસ્થામાં સાધ્ય બને છે તે તેમને જાગૃતાવસ્થામાં પણ સાધ્ય બને છે.

દૃષ્ટાંતતઃ કેટલાક સાધકો ભાવ જગત આદિ દિવ્યલોકમાં માત્ર સમાધિ અવસ્થામાં જ પ્રવેશી શકે છે પરંતુ અસાધારણ આધ્યાત્મિક સામર્થ્યવાન પુરુષ આ જ સ્તરોમાં જાગૃત અવસ્થામાં પણ પ્રવેશી શકે છે. તેની આ સિદ્ધિ અસાધારણ ઊંચી ગણાય.

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૬૮૮

## (૦૩) સૉક્રેટિસ, ભારતીય સંસ્કૃતિ અને વર્તમાન : 'દર્શક'ની આંખે

- ઉર્વીશ કોઠારી

(વર્ષોથી લંડનસ્થિત સંસ્થાના શુભેચ્છક અને 'દર્શક'ના અભ્યાસુ સાહિત્યકાર અને 'ઑપિનિયન'ના સ્થાપકતંત્રી શ્રી વિપુલભાઈ કલ્યાણીની પહેલથી ભારત બહારના દર્શકચાહકોની શુભેચ્છાઓ અને આર્થિક સહાયથી રચાએલ નિધિમાંથી છેલ્લા ચાર વર્ષથી દર્શકદાદાના જન્મદિવસ ૧૫ ઑક્ટોબરે એક વ્યાખ્યાનમાળા ગુજરાતના વિવિધ સ્થળોએ યોજાઈ રહી છે. આપણા પરિવારના સદાબહાર વડીલ- તજજ્ઞ-પત્રકાર-નિરીક્ષક એવા શ્રી પ્રકાશભાઈ ન. શાહની માર્ગદર્શક હૂંફથી લોકભારતી દ્વારા આયોજિત આ વ્યાખ્યાનમાળાનું ચોથું વ્યાખ્યાન સુરેન્દ્રનગરની સુવિખ્યાત મૈત્રી વિદ્યાપીઠ ખાતે યોજાઈ ગયું. વત્સલ નાગજીદાદાના આગ્રહભર્યા આમંત્રણથી યોજાએલ આ સમગ્ર પ્રસંગને અખંડ વારસદારો ડૉ. નિખિલેશભાઈ અને સંચાલક ડૉ. જયશ્રીબહેને અત્યંત ભાવપૂર્ણ આતિથ્યથી સુપેરે સંપન્ન કર્યાના આનંદ-સંતોષ સાથે વિદ્વતાનો કોઠાર ધરાવતા વક્તા શ્રી ઉર્વીશ કોઠારીના વ્યાખ્યાનનો સાર અહીં રજૂ કરતા સંતોષની લાગણી અનુભવીએ છીએ -તંત્રી)

નાનાભાઈ ભટ્ટ અને મનુભાઈ પંચોળી 'દર્શક' - આ બંનેનાં લખાણનો પરિચય બહુ મોડેથી થયો. ભણવામાં 'દર્શક'ની નવલકથામાંથી કે નાટકમાંથી પાઠ આવતા હશે, પણ થોડાં વર્ષ પહેલાં તેમની સૉક્રેટિસ અને લોકશાહી વિશેની પુસ્તિકા વાંચીને મનમાં ઘણા ચમકારા થયા. ત્યાર પછી તેમનાં એ પ્રકારનાં વધુ લખાણ વાંચ્યાં. સાથોસાથ, 'વાગીશ્વરીનાં કર્ણફૂલ'માં તેમણે ક્લાસિક કૃતિઓનું જે રીતે(રસાસ્વાદલક્ષી) વિવેચન કર્યું, તેમાં પણ 'દર્શક'ની સૂઝ, સ્પષ્ટતા, ઊંડાણ, ચોટદાર અભિવ્યક્તિ, સરળતા ઉપરાંત લોકશાહી અને નાગરિકધર્મ વિશેની નિસબત બહુ સ્પર્શી. એ વિષયોમાં 'દર્શક'નાં કેટલાંક લખાણના પ્રકાશમાં આજની સ્થિતિની થોડી વાત કરવી છે.

થોડા સમય પહેલાં ક્યાંક વાંચવામાં આવ્યું : જુલિયસ સીઝર પર લોકશાહીની હત્યાનો આરોપ થયો, ત્યારે સિઝરે એ મતલબનું કહ્યું કે લોકશાહી મરેલી જ હતી. મેં તો તેનું મડદું બહાર ફેંક્યું છે. એટલે કે, એક અર્થમાં સારું થયું. લોકોને વાસ્તવિકતાની ખબર પડી કે હવે ખરેખર લોકશાહી નથી. વર્તમાન સરકારની કામગીરીનું પણ ઘણા લોકો આ ધોરણે મૂલ્યાંકન કરે છેઃ લોકશાહીનું અને બંધારણીય સંસ્થાઓનું ખૂન તો કૉંગ્રેસે કરી જ નાખેલું. એ આરોપ વર્તમાન સરકાર પર મૂકી શકાય તેમ નથી.

એ આરોપ છે તો સાચો. ન્યાયતંત્રથી માંડીને બીજી અનેક બંધારણીય સંસ્થાઓ કૉંગ્રેસના, ખાસ કરીને ઇંદિરા ગાંધીના રાજમાં કોમ્પ્રોમાઇઝ્ડ થઈ. લોકશાહીનું શીલ લૂંટાયું, સત્ત્વ ખંડિત થયું. 'દર્શક' પણ ઇંદિરા ગાંધીને 'ખરાં મેકિયાવેલિયન' ગણાવીને લખ્યું હતું, 'મેકિયાવેલી કહે છે, જે પ્રજા માટે રાજ્ય કામ કરે છે તે પ્રજા હકીકતમાં ભોળી અને બીકણ છે, તો બીજી બાજુ લોભી અને લાલચુ છે. તેને તત્કાળ સુખની ઝંખના છે. એટલે તેને કોઈ સિદ્ધાંતો જ નથી કે નથી કોઈ આદર્શની ભાવના. અરે, તમે લાંબા ગાળે કોઈ નંદનવન ઊભું કરવાની યોજના કરો તેની પણ કંઈ પડી નથી. તો તત્કાળ ખરેખર કંઈ આપી દો તેવું પણ નથી. હા, તેમને તત્કાળ કંઈક મળી ગયું તેવો ભ્રમ થવો જોઈએ... લોકોને કશું દઈ દેવું અનિવાર્ય નથી. સત્તા માટે કંઈ પણ કરવું તે ખોટું પણ નથી. પ્રજાને વચનો-દેખાવ દ્વારા જીતી લો. લોકોને મંદિરમાં જવાનું-શ્રદ્ધા રાખવાનું ગમે છે. તો તમે પણ મંદિરમાં જાવ. તમને શ્રદ્ધા છે તેવો દેખાવ કરો...આપણાં ઇન્દિરાજી ખરાં મેકિયાવેલિયન જ હતાં. તેમણે એ રીતે જ વહીવટ ચલાવ્યો અને બરાબર ચૂંટાયાં.' (સોક્રેટિસથી માર્ક્સ, ૨૦૧૮, પૃ. ૭૭)

આ વાત આગળ કરીને ઘણા એવું સૂચવે છે કે 'ઇંદિરા ગાંધીએ જે કર્યું, તે વધારે અસરકારક રીતે નરેન્દ્ર મોદી કરે છે. તેમાં આભ તૂટી પડ્યું હોય એવો કકળાટ શાનો?' અને સોશિયલ મીડિયા કે ટીવી ચેનલો પર એવા નોકરિયાત કે ફ્રીલાન્સર પ્રશ્નકર્તાઓ પણ મળી રહેવાના કે 'ઇંદિરા ગાંધી આ બધું કરતાં હતાં ત્યારે તમે બધા ક્યાં હતા?'

આપણે વાત ‘દર્શક’ નિમિત્તે લોકશાહીની અને વર્તમાન સ્થિતિની કરવાની છે.  એટલે આવા સવાલના જવાબ આપવા પણ પડે. તો, બીજા સવાલનો જવાબ પહેલોઃ તમે ક્યાં હતા? મારું તો જાણે સમજ્યા-- ઇંદિરા ગાંધીએ કટોકટી લાદી ત્યારે હું બાળમંદિરમાં હતો--પણ પ્રકાશભાઈ જેવા મોટા ભાગના લોકો હોવા જોઈએ ત્યાં જ હતા--જેલમાં. ટૂંકમાં, જે અત્યારે આ સરકારની બિનલોકશાહી રીતરસમનો વિરોધ કરે છે, તેમાંના ઘણા ખરા ઇંદિરા ગાંધીની બિનલોકશાહી રીતરસમોના પણ વિરોધી હતા અથવા ધીમે ધીમે બન્યા હતા.

હવે પહેલો સવાલઃ તો આભ તૂટી પડ્યું હોય એવું કેમ લાગે છે?

કારણ કે, ઇંદિરા ગાંધીએ લાદેલી કટોકટી દેખીતી હતી. એટલે તેની સામેની લડાઈ સહિયારી અને એકજૂથ બની. અત્યારની કટોકટી દેખીતી નથી. કોઈ દલીલ કરી શકે, ‘તમે આટલું બોલી શકો છો, એ જ દેશની ધબકતી લોકશાહીનો પુરાવો નથી? ’

પણ જેમ ચૂંટણીઓ યોજી દેવી ને મત આપી દેવો એ જ લોકશાહી નથી, તેમ આટલું બોલી શકાય છે એટલા માત્રથી લોકશાહીને ધબકતી જાહેર કરી દેવાય નહીં. કેમ કે, વર્તમાન શાસકોનો અભિગમ જુદો છે. તેમનો જ પ્રિય શબ્દપ્રયોગ વાપરીને કહું તો, તે ટુકડે ટુકડે કટોકટી આણી રહ્યા છે. ના, આણી ચૂક્યા છે. દેશની એકેએક બંધારણીય સંસ્થાઓ પહેલાં ક્યારેય હતી નહીં એટલી ભાંગેલી (કોમ્પ્રોમાઇઝ્ડ) અથવા નિર્વીર્ય બની છે. ન્યાયતંત્ર પ્રત્યેનો આદર જાળવી રાખવા માટે અપવાદો સામે જોવું પડે એવી સ્થિતિ છે. ઘણા વખતથી એકંદરે ઠેકાણાસરની કામગીરી કરતું ઇલેક્શન કમિશન હવે સત્તાધારી પક્ષના મેળાપીપણામાં ચાલતું ને નિર્ણયો લેતું હોય એવા આરોપ થાય છે.

દેશની નીતિ જેના આધારે ઘડવામાં આવે છે અને દેશની પરિસ્થિતિનો ચિતાર જેની પરથી મળે છે, એ છે સરકારી આંકડા. પણ આંકડા જાહેર કરતી સંસ્થાઓનો એવો ઘડોલાડવો કરી નાખવામાં આવ્યો છે કે ત્યાંથી આંકડા આવતા જ બંધ થઈ ગયા. કોઈ પત્રકાર તેનો ધર્મ અદા કરીને આંકડા લીક કરે, તો લીક કરનારને નૈતિકતાના ઉપદેશ આપવાના, પણ સાચા આંકડા પોતે બેઠક તળે દબાવીને બેસી ગયા છે, એવું નહીં કહેવાનું. લીક થયેલા આંકડા જૂઠા જાહેર કરવાના. પોતાને અનુકૂળ આંકડા ન આવે, તો ગણતરીની રીત બદલી નાખવાની.

'કેગ'ના અહેવાલની શી દશા હતી, એ પણ રાફેલના વિવાદ વખતે જોયું. એ વખતે 'ધ હિંદુ'અખબારના એન. રામ એવી વિસ્ફોટક નોંધો લઈ આવ્યા, જેમાં યોગ્ય પ્રક્રિયાનું પાલન થયું નથી એવા સંકેત હતા. પછી શું થયું? કંઈ નહીં. ચૂંટણી જીત્યા એટલે બધી ચર્ચા પૂરી. એવો એક શ્લોક હતો કે સર્વે ગુણાઃ કાન્ચનમાશ્રયન્તિ. બધા ગુણો સોનામાં સમાઈ જાય છે. એવું જ, ચૂંટણી જીત્યા એટલે બધું સાચું થઈ ગયું. હવે રાફેલનો સોદો યાદ કરો, ત્યારે રાફેલ વિમાન કેટલું સારું છે એની વાતો થાય. અલ્યા ભાઈ, એમ તો બોફર્સની તોપ ક્યાં ખોટી હતી? કારગીલ પાછું મેળવવામાં તેનો કેટલો મોટો ફાળો હતો, પૂછો કોઈ જાણકારને. એટલે તેમાં થયેલી કટકી ભૂલી જવાની?

વાત ચાલતી હતી ટુકડે ટુકડે આવી ગયેલી કટોકટીની. અત્યારે મુદ્દા એવી રીતે ઊભા કરવામાં આવે છે, જેથી વિરોધ કરનારા એકજૂથ ન થાય. સરકારને તેની બહુ ફાવટ છે. એટલે જેમને 'લિબરલ'ની ગાળ પડે છે એવા લોકો પણ વહેંચાયેલા રહે છે. કેમ કે, તે પ્રશ્ન આધારિત વિચારે છે ને એકબીજા સાથે મતભેદમાં ઉતરે છે, પણ બધા પ્રશ્નોને જોડતી અને તેના મૂળ જેવી વ્યાપક કટોકટીને તે

જોઈ શકતા નથી. લોકો ગ્લોબલ વૉર્મિંગને લીધે ઓગળતી બરફની ચાદરોની વાત કરે છે. એ તો ખેર બહુ અગત્યની છે, પણ ઘરઆંગણે ટુકડે ટુકડે કરીને લોકશાહીની ચાદર ઓગળી રહી છે ને આપણને ખબર પડતી નથી. આપણે એક ટુકડો જોઈએ છીએ, પણ તે ટુકડો કઈ ચાદરનો ભાગ છે અને એ આખી ચાદરમાં શું થઈ રહ્યું છે ને કેટલું બાકી રહ્યું છે, તે આપણે જોતા નથી.

લોકશાહીની એ ચાદરને ઇંદિરા ગાંધીએ ઘણું નુકસાન પહોંચાડ્યું. પણ ત્યાર પછીના ગાળામાં એ ચાદરે પોતાનું પોત ઠીકઠીક પ્રમાણમાં પાછું મેળવ્યું હતું. આ ચાદરની એ ખૂબી છેઃ તે નષ્ટ થાય, તેમ ફરી બને પણ ખરી. ઉદાહરણ તરીકે, ટી. એન. શેષન ઇંદિરા ગાંધી પછીના યુગમાં મુખ્ય ચૂંટણી કમિશનર બન્યા અને તેમણે ચૂંટણીપંચના બંધારણીય દાંત-નહોરનો લોકોને પરચો આપ્યો. એવી જ રીતે, કેગની સક્રિયતા કે સીવીસી જેવી બંધારણીય સંસ્થાની સક્રિયતા પણ ઇંદિરા ગાંધીએ લોકશાહીની ચાદર છિન્નભિન્ન કર્યા પછીની છે.

વર્તમાન સરકારે આ બધું એક સાથે નહીં, એક એક કરીને, ટુકડે ટુકડે ખતમ કર્યું છે. સરકારની સમાંતરે ચાલીને લોકશાહીને તંદુરસ્ત બનાવવામાં કે તેની બીમારી ઘટાડવામાં બંધારણીય સંસ્થાઓ મદદરૂપ બનતી હતી. વર્તમાન સરકારે તે બધી પર બિનસત્તાવાર કબજો કરી લીધો છે. રીઝર્વ બેક્રમાં પણ કેવા ખેલ ચાલ્યા હશે ને સરકારના નીમેલા ગવર્નરોએ પણ કેમ રાજીનામાં આપવાં પડ્યાં હશે, તે ધારી શકાય એવું છે.

આમ, એક તરફ ટુકડે ટુકડે લોકશાહી ખતમ કરવાનો કાર્યક્રમ પૂરબહારમાં છે, ત્યારે નાગરિકોનું ધ્યાન બીજે ભટકાવવા માટેની તરકીબો પણ ચાલુ છે. હાથચાલાકીનો એ તો જૂનો નિયમ છે. ડાબા હાથમાંથી કશું ગાયબ કરવું હોય તો જમણા હાથે એવું કંઈક કરવાનું કે લોકોનું ધ્યાન જમણા હાથ પર કેન્દ્રિત થઈ જાય. સરકાર એ ખેલમાં બહુ પાવરધી છે. એટલે વડાપ્રધાન ટ્વિટર પર અમથા અમથા સક્રિય હોય, પણ તેમની સરકારની નીચે રેલો આણનારો મુદ્દો આવે એટલે તે ચૂપ થઈ જાય. વડાપ્રધાન અમેરિકા જઈને 'હાઉડી' કરી આવે, પણ ઘેર માનીતા(પાળીતા) પત્રકારો અને ઇન્ટરવ્યુકારો સિવાય બીજા કોઈ સાથે વાત ન કરે. ગાંધીજીને સ્વચ્છતાની બાટલીમાં પૂરી દે ને ઉપરથી બૂચ બંધ. હવે તો ગાંધીજીને પ્લાસ્ટિકની થેલીઓ સામેના વિરોધ ખાતે ખતવી દે. અને બુદ્ધિશાળી લોકો પણ આ પગલાની કુટિલતા સમજવાને બદલે ભોળપણથી કહે, 'સ્વચ્છતા ઝુંબેશ તો સરસ જ છે. તેમાં ખોટું શું કર્યું?'

વર્તમાન રાજમાં નાગરિક સંગઠનોનું સ્થાન સાયબર સેલ અને સોશિયલ મીડિયા પરના ટ્રોલે લીધું છે. એટલે, સરકાર ટુકડે ટુકડે કટોકટી આણી શકી છે, અને હજુ નાગરિકોમાં તેનો અહેસાસ નથી. તે દર્શાવે છે કે સૌથી મોટી કટોકટી નાગરિકતાની છે.

★ ★ ★

નાગરિકોના ઘડતર વિશે 'દર્શક'ના વિચારોમાં જતાં પહેલાં થોડી વાત ભારતીય સંસ્કૃતિની પણ કરી લઈએ. રાફેલનાં પૈડાં નીચે લીંબુ કે ચંદ્રયાન-૨ની પ્રતિકૃતિ તિરુપતિના મંદિરમાં--એ ભારતીય સંસ્કૃતિ નથી. એ વ્યક્તિગત શ્રદ્ધાના કે માન્યતાના મામલા છે. તે ધર્મ કે સંસ્કૃતિ, કશું જ નથી. પરદેશમાં ફૂલેલાફાલેલા ફિરકા ને સંપ્રદાયો એનઆરઆઈઓ માટે ભારતીય સંસ્કૃતિના સમાનાર્થી છે. પ્રાચીન ભારતમાંથી સાચું ગૌરવ લેવા જેવું એટલું બધું છે કે ગણેશની પ્લાસ્ટિક સર્જરી જેવાં તકલાદી ગૌરવ લેવાની જરૂર નથી. તેનાથી તો ઉલટું સાચી સિદ્ધિઓને ઝાંખપ લાગે છે.

ભારતની ખરેખરી સંસ્કૃતિ કેવી હતી? તેમાં લોકશાહી, રાજા-પ્રજાના સંબંધો અને વૈચારિક સ્વતંત્રતા કેવાં હતાં? તેના વિશે 'આપણો વૈભવ અને વારસો'માં 'દર્શક' સરસ અજવાળું કર્યું છે. 'મહાભારતના યુદ્ધ પછીના ઉપનિષદ યુગમાં ઋષિઓ પાછા અરણ્યમાં ચાલ્યા ગયા...તેમણે જીવનના ગૂઢ પ્રશ્નો વિશે જે ચર્ચાઓ કરી, અનુમાનો બાંધ્યાં, જે કાચા-પાકા, કામચલાઉ કે સ્થિર નિયમો તારવ્યા તેની નોંધ તે ઉપનિષદ છે. તેમાં એક વસ્તુ

સર્વમાન્ય છે. જીવનના મર્મને ઉકેલવાની તીવ્ર જિજ્ઞાસા. જુદા જુદા મુનિઓ જુદી જુદી દિશામાં ચાલ્યા ને પોતાની મર્યાદા આવતાં અટકી પડ્યા.' આટલું લખીને 'દર્શક' હિંદુ ધર્મને બંધિયાર કરવા ઉત્સુક લોકો માટે સ્પષ્ટતાથી નોંધ્યું છે, 'એ કાળે વિચારનું કેટલું મોટું સ્વાતંત્ર્ય હશે એનો એ પુરાવો છે. જે લોકો એકમત હતા તેમનું જ લખાણ સચવાયું નથી. યજ્ઞનો મહિમા ગાનારા, યજ્ઞ વિશે ઉપેક્ષા સેવનારા, યજ્ઞને ઓછું મહત્ત્વ આપવાવાળા સૌ એમાં છે.' ('આપણો વૈભવ અને વારસો', ૧૯૮૯, પૃ. ૬૮-૬૯)

આપણી સંસ્કૃતિનાં સૌથી ઉજ્જ્વળ પાસાંમાંનો એક અને વર્તમાનમાં સૌથી લાગુ પડે એવો ભાગ શાસક તથા શાસિત વચ્ચેના સંબંધનો હતો. એ વખતે લોકશાહી તો ક્યાં હતી? છતાં, રાજાશાહીમાં લોકોનો દરજ્જો 'બિચારી રૈયત'નો ન હતો. 'આપણા પૂર્વજોના મતે રાજા, એ પ્રજાએ પસંદ કરેલ સેવક હતો. એને રક્ષણ ઉપરાંત બીજાં કર્તવ્યો સોંપાયાં હતાં. ને જો એ નિષ્ફળ જાય તો પ્રજા એને પદભ્રષ્ટ કરવાને અધિકારી હતી. સાદી ભાષામાં કહીએ તો પ્રજા અને રાજા વચ્ચે એક કરાર થતો અને એ કરારના પાલન પેટે એને ઉત્પન્નનો છઠ્ઠો ભાગ મળતો હતો. શાસ્ત્રમાં આ ભાગને સ્પષ્ટપણે 'વેતન' એવું નામ આપ્યું છે.' (આ.વૈ.વા.પૃ. ૧૬૬)

સિંહાસને બેસતાં પહેલાં રાજાને કહેવામાં આવતું કે 'રાષ્ટ્ર તમને સોંપાય છે-ખેતી માટે, વિકાસ માટે, કલ્યાણ માટે, સમૃદ્ધિ માટે. એટલે આ રાજ્ય તમારું નથી. તમને ચોક્કસ હેતુસર સોંપાતું ન્યાસ(ટ્રસ્ટ) છે. અને ઐતરેય બ્રાહ્મણમાં જણાવ્યા પ્રમાણે રાજાએ પ્રતિજ્ઞા લેવી પડતી, હું જો તમને પીડું તો મારું સઘળું પુણ્ય, મારું સ્વર્ગ, મારું આયુષ્ય ને મારી સંતતિ નષ્ટ થાઓ.' તેમ છતાં અને વારેવારે અપાતા રાજધર્મના ઉપદેશ છતાં, રાજા ફરજ પાળશે એવું આપણા પૂર્વજો માની લેતા ન હતા. એટલે, 'દર્શક' નોંધ્યું છે કે 'એમણે વેદકાળમાં સમિતિ-સભાની રચના કરી હતી. તે છેક બુદ્ધકાળ સુધી જુદાં જુદાં સ્વરૂપે ચાલુ રહી. છતાં, જે રાજા પોતાનો ધર્મ ચૂકતો તેને માટે સ્પષ્ટ હતું-મૃત્યુ.

હું તમારું રક્ષણ કરીશ એમ બોલીને જે રાજા રક્ષણ કરે નહીં, તેનો હડકાયા કૂતરાની જેમ તત્કાળ સૌએ વધ કરવો.' (આ.વૈ.વા.પૃ.૧૬૭)

ભારતનાં ગણરાજ્યોની પરંપરાના અભ્યાસ પરથી 'દર્શક' તારણ કાઢ્યું કે 'શક્તિ એ મુક્તિની દાસી થવી જોઈએ. આ વાત ગણરાજ્યોના પ્રજાજનોને ધાવણમાં શીખવાતી હતી... આપણા આજ સુધીના ઇતિહાસના શ્રેષ્ઠ પુરુષો કહેવાય એવા ત્રણ-શ્રીકૃષ્ણ, બુદ્ધ ને મહાવીર-ગણરાજ્યોમાં જન્મ્યા ને ઉછર્યા હતા.(આ.વૈ.વા.,પૃ. ૧૭૪-૫) ભારતીય પરંપરાની જિજ્ઞાસા અને મોકળાશ વિશે ખાસ ધ્યાન દોરતાં 'દર્શક' લખ્યું કે તેના લીધે જ 'પુરોહિતધર્મનું ઉન્મૂલન કરનાર બુદ્ધને કે ઈશ્વરના અસ્તિત્વનો જ ઇંકાર કરનાર સાંખ્યવાદીઓને એમના વિરોધી સમુહે ન તો પહાણા માર્યા કે ન તો સોક્રેટિસની માફક એમને ઝેર પીવાની ફરજ પાડી.' (આ.વૈ.વા.,પૃ. ૧૭૭)

વૈદિક યુગથી બૌદ્ધયુગ સુધી રાજાપ્રજા વચ્ચે કરાર હતો. પછી બ્રાહ્મણ પુરોહિતોએ રાજનીતિ વિશેના ગ્રંથ લખવાનું શરૂ કર્યું. તેમાં ગણરાજ્યોનો વિરોધ, એકચક્રી રાજ્યની તરફેણ અને રાજા દેવાંશી છે તેવા વિચારની સ્થાપના કરવામાં આવી અને ધીમે ધીમે બ્રાહ્મણોની સર્વોપરિતા સ્થપાઈ.(આ.વૈ.વા.,પૃ. ૧૯૯)

★ ★ ★

ભારતની સંસ્કૃતિમાં દર્શકે જેમ રાજાપ્રજાના સંબંધો પર અને તેના લોકશાહી મિજાજ પર પ્રકાશ પાડ્યો, તેમ ગ્રીસની અને સૉક્રેટિસની વાતમાં પણ તેમણે વર્તમાન લોકશાહીની વાતનો સંદર્ભ જાળવી રાખ્યો. 'સૉક્રેટિસથી માર્ક્સ'માં તેમણે એથેન્સની લોકશાહી વિશે પેરિક્લીઝનું નિવેદન આપ્યું છે કે 'આપણે ત્યાં જે નાગરિક જાહેર પ્રશ્નોમાં રસ લેતો નથી તે નિરુપદ્રવી નહીં, પણ નકામો ગણાય છે.' દર્શકે લખ્યું હતું, 'સૉક્રેટિસ ઇચ્છતો હતો કે લોકશાહીનું ટોળાશાહીમાં, ઘેટાશાહીમાં, લાંચરુશ્વતથી ખરડાયેલી મતશાહીમાં પરિવર્તન ન થાય અને તે માટે જીવનભર

મથ્યો...બીજી રીતે વિચારીએ તો સૉક્રેટિસે જિંદગી આખી લોકોને તેમના અધિકારોની સુરક્ષા કરી શકે તે માટે જ્ઞાન-ડહાપણ આપવાની કોશિશ કરી...તેણે સતત લોકોને ચેતવ્યા કર્યા, સમજાવ્યા જ કર્યા કે ભાઈ તમે ખોટે રસ્તે છો. આ રસ્તે તમે ચડો છો તેમાં તમને અને લોકશાહીને નુકસાન થશે.' ('સૉક્રેટિસથી માર્ક્સ', પૃ. ૩૫)

શું સૉક્રેટિસનો જમાનો કે શું અત્યારનો, લોકોને ખોટે રસ્તે ચડાવવામાં બુદ્ધિશાળી-પ્રભાવશાળી વક્તાઓની પણ ભૂમિકા હતી. સૉક્રેટિસના જમાનામાં તે 'સૉફિસ્ટ' કહેવાતા, અત્યારના જમાનામાં ચિંતક કે વક્તા તરીકેની ઓળખ ધરાવતા ઘણા નમૂના આપણને આંખ સામે દેખાય. એવા લોકો સાથે ચર્ચા કર્યા પછી સૉક્રેટિસે તેમને('દર્શક'ના ગુજરાતીમાં) 'બુદ્ધિની વારવનિતાઓ' ગણાવ્યા હતા અને તેમની ટૂંકી ઓળખ બુદ્ધિની મદદથી સારાને ખરાબ અને ખરાબને સારું દેખાડી શકે તે સૉફિસ્ટ. 'લોકોના મત મેળવવા માટે ચાતુરી જોઈએ, આકર્ષણ ઊભું થવું જોઈએ, દલીલો જોઈએ, છટા જોઈએ, લોકોને આંજી નાખવા માટેની કળા જોઈએ-- આ બધું સૉફિસ્ટો પૈસા લઈને ઉચ્ચ વર્ગના લોકોને શીખવતા હતા. તેમણે શીખવાડ્યું કે સામાજિક કાયદા તો માણસે પોતાની સગવડ માટે કર્યા છે. સગવડ હોય ત્યારે પાળવા ને ન હોય ત્યારે નહીં. તેમાં કશું સનાતન સત્ય જેવું ન હોય.' આટલું કહીને દર્શકે લખ્યું હતું, 'લોકશાહીમાં સૉફિસ્ટો તો હોવાના જ, પણ સૉક્રેટિસ નથી હોતા એની ચિંતા છે.' (સૉક્રેટિસઃ લોકશાહીના સંદર્ભમાં, ૧૯૮૨, પૃ.૨૨-૨૩)

સત્તાનું વિકેન્દ્રીકરણ બહુ જાણીતો પ્રયોગ છે, પણ દર્શકે તેને વધારે સ્પષ્ટતાથી અને જુદી રીતે સમજાવ્યો હતો, 'લોકશાહી પોલિસેન્ટર્ડ સોસાયટી(બહુકેન્દ્રી સમાજ) છે. લોકશાહીમાં સત્તાનાં વિવિધ કેન્દ્રો હોય છે. મજૂરોનું એક કેન્દ્ર હોય છે, માલિકોનું બીજું, ખેડૂતોનું ત્રીજું. આ ભાતભાતનાં જુદાં જુદાં સત્તાનાં--બળનાં કેન્દ્રો, વિચારનાં કેન્દ્રો, અનુભવનાં કેન્દ્રો, તે બધાં જ્યારે અનુભવોની અભિવ્યક્તિ કરે છે ત્યારે તેમાંથી એક સરવાળો નીકળે છે કે આ કરો તો લગભગ સર્વને માન્ય રહેશે. જે રાજ્યપદ્ધતિની અંદર આ પોલિસેન્ટર્ડ સોસાયટીનો ખયાલ જ ન હોય અને એકકેન્દ્રી (અત્યારની પરિભાષામાં કહીએ તો, સમરસ) સમાજ મનમાં હોય તે લોકશાહીની ગમે તેટલી વાતો કરતા હોય તો પણ ખરેખર એ લોકશાહીમાં માનતા નથી. રાજ્યનો અંકુશ એક વસ્તુ અને રાજ્ય સિવાય બીજાં સત્તાકેન્દ્રો જ ન હોય એ બીજી વસ્તુ છે...આવું થતાં આગળ જતાં મતદારોનો પણ એકડો નીકળી જવાનો.' (સદીનું સરવૈયું, ૧૯૮૩, પૃ. ૯૦-૯૧)

લોકશાહીમાં યેનકેનપ્રકારેણ, મતદારોને બહેકાવીને અથવા તેમને અવળા પાટે દોરીને ચૂંટણીઓ જીતી જનારા નેતાઓ પછી જનતાજનાર્દનનો મહિમા કરતા જોવા મળે છે. એ સ્થિતિ નવી નથી. તેના વિશે દર્શકની તપાસ અને નિદાન સ્પષ્ટ હતાં. એક તો, તેમણે કહ્યું કે ટોળાશાહીના નામે લોકશાહીને ખપાવી દેવાનું જે રાજકારણીઓ કરી રહ્યા છે, તેઓ લોકશાહીના મોટામાં મોટા ઘાતકો છે. બીજું, તેમણે કેટલીક પાયાની માન્યતાઓ સામે સવાલ ઉઠાવ્યા. આ માન્યતાઓ કઈ?

૧) મતદારો સર્વસામાન્ય હિત સમજી શકે છે. ૨) સમજી શકે છે એટલું જ નહીં, બીજી લાલચોને વશ થયા વિના સાચી રીતે મત આપી શકે છે. ૩) આવું કોઈમાં ન હોય તો સમજાવટથી તેનામાં આવી શકે છે. અને તેમણે લખ્યું કે, 'જે આવી સમજાવટ કરે નહીં, ઊલટું સમજશક્તિ નષ્ટ થાય તેવી લાલચો આપી, અંધ જૂથ કે સ્થાનિક અભિમાન ચગાવી મતો લેવાની કરામત કરે તેને લોકશાહીના ઘાતકો જ કહેવા જોઈએ ને?' (સૉક્રેટિસઃ લોકશાહીના સંદર્ભમાં, પૃ. ૮)

સૉક્રેટિસ વિશે વાત કરતાં અને એ સિવાય પણ દર્શકે સૌથી વધુ ભાર મતદારોની કેળવણી પર મૂક્યો હતો. સૉક્રેટિસને ટાંકીને તેમણે લખ્યું હતું, 'મૂલ્ય-પરિવર્તન કર્યા વિનાની લોકશાહી એ ભયજનક છે... લોકશાહીમાં મત એટલો જરૂરી નથી, પક્ષ એટલો જરૂરી નથી, બંધારણ પણ પછીના નંબરે આવે. પહેલી જરૂર મતદારોની કેળવણીની

છે. એટલે જ હું રાજનીતિમાં પડ્યો નથી. મારે એક જ સત્તા જોઈએ છેઃ મતદારોને કેળવવાની. એ રાજકારણીઓને પસંદ પડતું નથી.' દરેક સમયનો સવાલ હોય છે કે મતદારોને કેળવવા કેવી રીતે. ચારેક દાયકા પહેલાં 'દર્શકે' લખ્યું હતું, 'કેળવવાની હિંમત નથી, કેળવવાની કોઈની ધીરજ નથી, કેળવવાની કોઈની તૈયારી નથી અને કેળવવા માટે જોઈતું સાતત્ય નથી.' અને 'પ્રોપેગન્ડા એ કેળવણી નથી. એ તો જાગીરી પ્રચાર છે, સત્ય નહીં. આ ચાલે તો પછી મતદાર જેવી કોઈ ચીજ જ નહીં રહે. કારણ કે મતદારને આપણે તું વિચારીને મત આપ તેમ કહીએ છીએ. પ્રચારનાં માધ્યમો રાજ્યનાં છે. શિક્ષણનું તમે રાષ્ટ્રીયકરણ કરો એટલે પછી બધા એકસરખો વિચાર કરતા થઈ જશે. અભિપ્રાયો હશે, વિચાર નહીં હોય... જ્યારે તમે મતદારોને કેળવણી નથી આપતા ત્યારે તમારે મતદારોને કોઈ ને કોઈ રીતે રીઝવવા પડે છે...લોકશાહીમાં મતદારોને ન કેળવો તો એની સમજદારી વિશે આશા ન રાખવી અને તો આ બધી જ ગરબડો ચાલુ રહેવાની.' (સદીનું સરવૈયું, પૃ. ૮૯-૯૦)

ચૂંટણીશાહી બનીને રહી ગયેલી લોકશાહીમાં એક સમજ એવી પણ બની છે કે લોકોને તેમને લાયક હોય એવા નેતાઓ મળે છે. પણ એ બાબતમાં દર્શકનું દર્શન જુદું હતું. તેમણે લખ્યું હતું, 'કોઈપણ સમાજ ઉન્નત થાય તે પહેલાં તે સમાજના નેતાઓ તે પરિસ્થિતિ, તે પ્રજા ને તેમના પ્રશ્નો કરતાંયે ચાર આંગળ ઊંચાં આવે તે પ્રથમ જરૂરિયાત છે. સમગ્ર પ્રજાનો સ્તર ઊંચે આવતાં બહુ વાર લાગે છે. પણ તે છતાંયે તે સમાજની આગેવાની દીર્ઘદર્શી ને નિઃસ્વાર્થ હોય તો પ્રગતિ અટકતી નથી. ને નેતાઓ જ જ્યારે હીન કક્ષાએ ઊતરી પડે છે ત્યારે પ્રજા પરાજિત થાય તે વાતની ઇતિહાસે વારેવારે સાહેદી આપી છે.' (વાગીશ્વરીનાં કર્ણફૂલ, ૧૯૬૩, પૃ. ૧૪૮)

'દર્શક'ની કમાલ એ છે કે તેમણે ઉત્તમ સાહિત્યનું જે વિવેચન કર્યું તેમાં પણ લોકશાહી માટેની અને નાગરિક ઘડતર માટેની તેમની નિસબત દેખાઈ આવે છે. 'વાગીશ્વરીનાં કર્ણફૂલ'માં તેમણે 'વૉર એન્ડ પીસ' (ટૉલ્સ્ટોય) અને 'ઘરેબાહિરે' (ટાગોર) જેવી મહાન કૃતિઓનું વિવેચન કર્યું. વિવેચન કેટલું માર્મિક, રસાસ્વાદ કરાવનારું, વિશ્લેષણ કરનારું અને છતાં પરિભાષાથી મુક્ત, સરળ હોઈ શકે તેનો એ ઉત્તમ નમૂનો છે. સાથોસાથ, 'ઘરેબાહિરે'ના તેમના વિવેચનમાંથી તેમણે ટાંકેલા ફક્ત ત્રણ નમૂના આપું છું. તે પાત્રના સંવાદ છે, પણ તેમાં વ્યક્ત થતી રાષ્ટ્ર, રાષ્ટ્રવાદ અને દેશના લોકો વિશેની સમજને કારણે ટાગોરની સાથોસાથ 'દર્શક' માટે પણ વિશેષ ભાવ થાય. બંગભંગની ચળવળ પછીના અરસામાં 'રાષ્ટ્રવાદ'ની ભરતી અને તેનાં ભયસ્થાનો ચીંધતાં નવલકથાનું એક પાત્ર કહે છે, 'જ્યારે તમે દેશને દેવ તરીકે મનાવીને, અન્યાયને કર્તવ્ય તરીકે, અધર્મને પુણ્ય તરીકે ચલાવી દેવા ઇચ્છો છો ત્યારે મારા હૃદયને આઘાત લાગે છે.' (વા.ક., પૃ. ૧૧૯) એ જ પાત્ર અન્ય પ્રસંગે કહે છે, 'દેશને માટે જુલમ કરવો એટલે દેશ ઉપર જ જુલમ કરવો'. (વા.ક., પૃ. ૧૨૫) અને લોકશાહી જ નહીં, સ્વતંત્રતાને વ્યાખ્યાયિત કરતો આ સંવાદ, 'માણસે કેવાં કપડાં પહેરવાં, કઈ દુકાનેથી માલ ખરીદવો, શું ખાવું, કોની સાથે બેસીને ખાવું, એ પણ જો ભયના દોર વડે નક્કી કરવામાં આવે તો માણસની સ્વતંત્રતાનો ધરમૂળથી જ ઇનકાર કરવામાં આવે છે એમ કહેવાય.' (વા.ક., પૃ. ૧૨૫)

છેલ્લે તેમની પુસ્તિકા 'આપણો સ્વરાજધર્મ'માંથી સૌના વિચાર માટે થોડા મુદ્દા ટાંકીને સમાપન કરું.

- લોકશાહીની સાચી કસોટી, પ્રતિકૂળ વિચારો કે યોજનાઓ સીધા કે આડકતરા દબાણ વિના પ્રગટ કરવાની મોકળાશમાં છે.

- સાચું સ્વરાજ થોડા માણસો સત્તા પ્રાપ્ત કરે તેમાંથી નહીં આવે, પણ સત્તાનો દુરુપયોગ થાય ત્યારે તેનો વિરોધ કરવાની સૌ શક્તિ મેળવે તેનાથી આવશે. (ગાંધીજી)

- અવતારવાદ ધાર્મિક ક્ષેત્રમાંથી આર્થિક અને રાજકીય ક્ષેત્રમાં આવ્યો છે.

- નાગરિકને વામણો કરીને કદી મહાન ધ્યેય સિદ્ધ થઈ શકે નહીં.

## (૦૪) મોરારિબાપુનો પ્રેમ...

- દિનુ ચુડાસમા

(પૂ. મોરારિબાપુએ 'માનસ પ્રેમસૂત્ર' કથા રમણરેતીમાં તા.૨૧-૦૩-૧૯૯૨માં કરી, એ પછી 'માનસ-સત્ય-પ્રેમ-કરુણા' લેસ્ટર(યુ.કે.)માં તા.૧૫-૦૭-૨૦૦૬માં અને 'માનસ-પ્રેમ' નાથદ્વારામાં તા.૧૫-૦૮-૨૦૧૨માં કરી હતી. 'પ્રેમ'ને કેન્દ્રમાં રાખી ત્રણ માનસકથાઓ ગાનાર બાપુ આજીવન પ્રેમભક્તિના ઉપાસક રહ્યા છે.)

જગતમાં સત્યવીર સૉક્રેટિસ, પ્રેમમૂર્તિ જિસસ, કરુણાના પર્યાય બુદ્ધ, અહિંસાના આચરણકર્તા મહાવીર, સેવા દ્વારા શાંતિ-પ્રેમને જરૂરિયાતમંદ માણસો સુધી લઈ જનારાં મધર ટૅરેસા, 'સત્ય એ જ પરમેશ્વર'ને જીવનમાં ચરિતાર્થ કરતા ગાંધીજી અને 'બ્રહ્મ સત્ય જગત્ સ્ફૂર્તિ' જેવું સૂત્ર રચી જીવી જનારા વિનોબા જેવા માનવપુષ્પો વિશ્વવાડીમાં ખીલતાં રહ્યાં છે. આ તપસ્વીઓ ખુદના આચરણથી જગતને અનન્ય-નૂતન મારગ દર્શાવી ગયા. આપણે આ બધી વિભૂતિઓનાં દર્શન કર્યાં નથી પરંતુ એ બધાનું દર્શન આજે આપણને યુદ્ધમય સમયમાં શાંતિનો રસ્તો બતાવે છે; કોંક્રિટનાં જંગલોમાં કુદરતની કેડી ચીંધે છે; મશીનોથી લબાલબ દુનિયામાં માનવતાનાં બીજ વાવે છે.

પ્રેમમૂર્તિ ક્રાઇસ્ટ કહી ગયા, 'પ્રેમ એ જ પરમેશ્વર'. પ્રેમપંથ ભલે પાવકની જ્વાળા હોય પણ એ સ્વીકાર્યા વિના આત્મશુદ્ધિ, સુખ, શાંતિ અસંભવ છે, એવું આપણે સમજીએ છીએ. પ્રેમ વિનાની દુનિયા એટલે પૃથ્વી પર સૂર્યની ગેરહાજરી. પ્રેમની દીક્ષા જો જીવનમાં આત્મસાત્ કરીએ તો જીવન માણી શકાય, જીવંત હોવા તરફ ગતિમય રહી શકીએ. આખરે તો વિશ્વની ચેતનાઓ સત્ય, પ્રેમ, કરુણાના મારગે ચાલતી રહી છે અને જગતને પ્રેમમય પંથના પથિક થવા નોતરું આપી સાદ આપી રહી છે.

બહુરત્ના વસુંધરાએ ચેતનાથી દરેક સમયે ધરતી ઉપર ઊર્જામય લોકો પોતાના જીવનકાર્યથી યજ્ઞકર્મ કરતા રહેતા હોય છે. આપણે એ સહજ લોકોને સેવતા હોઈએ તો એમની આંતરિક સમૃદ્ધિની અનુભૂતિ થાય. એવા એક સહજ સાધુ એટલે મોરારિબાપુ. કોણ એમના નામથી વિદિત નથી ? ૬૦ વર્ષમાં આઠસોથી પણ અધિક રામકથા વ્યાસપીઠ પરથી ગાનારા મોરારિબાપુ પોતાના જીવનમંત્ર તરીકે સત્ય, પ્રેમ, કરુણાને સેવતા સૃષ્ટિમાં સંવેદનાનું ઝરણું વહાવી રહ્યા છે. લયપૂર્ણ ચાલતા, મૃદુ સ્મિત વેરતા, પરમ વિવેકી, માણસાઈનું ઓજસ આસપાસ પ્રસરાવતા બાપુ ભીતરથી ભજનમાં ભળી ગયેલા એકરૂપ અનુભવાય છે. શ્રોતાઓને એ ભજનનાં ફળરૂપ નાદ અને સરવાણીઓ વ્યાસપીઠથી અભિવ્યક્ત થાય એ પ્રેમરસ હૃદયમાં રેડવા જેવો હોય, મોરારિબાપુ સૂત્ર આપે છે કેઃ-

'એકવીસમી સદીનો મંત્ર છે 'પ્રેમ' ! મારા શ્રોતાઓને હું નિવેદન કરું છું કે મારે આપની પાસેથી કંઈ ન જોઈએ, પરંતુ આપ કંઈ આપવા ચાહો તો એટલું કરો, પરસ્પર પ્રેમ કરો અને પરસ્પર દ્વેષ ઓછો કરો. ભાઈ-ભાઈમાં દ્વેષ મટે, પાડોશી-પાડોશીમાં દ્વેષ મટે, રાષ્ટ્ર-રાષ્ટ્રમાં પ્રેમ રહે. બે ભાઈઓને સાથે રહેવું હોય તો પ્રેમથી સાથે રહો, પરંતુ જુદું પડવું હોય તો પણ પ્રેમથી જુદા પડો.'

મોરારિબાપુની દરેક રામકથા જાણે કે એક આધ્યાત્મિક પ્રયોગ કહી શકાય. સમાજના છેવાડે શ્વસતા માણસોના ઉત્કર્ષ માટે વ્યાસપીઠ અહર્નિશ ઉત્સુકતાની અનુભૂતિ બાપુ આચરણથી કરાવે... વિચરતી અને વિમુક્ત જાતિઓ માટે કથા, અઢારેય વરણ માટે કથા, કિન્નર સમાજ હોય કે માનવ સમાજે જેને કોઠા ઉપર બેસાડેલ છે એવી ગણિકા બહેનો માટે છેલ્લે બાપુએ 'માનસગણિકા'નું ગાયન અયોધ્યામાં વ્યાસપીઠ પરથી કર્યું છે. સળગતા સમયમાં, અનેક પડકારોનો સામનો કરતી ગણિકાઓને પોતાની દીકરીઓ કહી બાપુ કથા માટે સ્વયં સામેથી આમંત્રણ સ્વીકારવા માટે મુંબઈના રેડલાઈટ એરિયા-કમાઠીપુરા ગયેલા. આ એમની બહેનો તરફની કરુણા હતી. જેમની ભીતર પ્રેમરસ દ્રવે-પનપે તે માણસ જ આવું



(અનુસંધાન પાના નં. ૧૫૩ ઉપર)

'માણસાઈ મહોરે' એવું વર્તન કરી શકે.

અયોધ્યામાં 'માનસગણિકા'ના સમયે વ્યાસપીઠ આસપાસ કેટલીયે ગણિકા બહેનો નવ દિવસ રામકથામૃતનું શ્રવણ કરી ધન્ય થઈ અને કથા દરમિયાન તેમને માટે સવા છ કરોડ રૂપિયાની ધનરાશિ એકઠી કરી આપી. દેહવ્યાપારમાં ધકેલાયેલી બહેનોને પગભર થવા આ ધનરાશિમાંથી આર્થિક મદદ કરાશે. અયોધ્યામાં વ્યાસપીઠ પરથી માનસગણિકાના ગાન દરમિયાન બાપુની આંખોમાં આંસુનો ભેજ હતો, ભીતર ભીનાશ પ્રસરેલી... કથાની અખિલાઈ અહીં ઉજાગર થઈ, શીલવંત સાધુની કેફિયત હૈયેથી સાંભળો.

'આ મારો પ્રેમયજ્ઞ છે. અહીં આંસુઓનો અભિષેક થાય છે. રામકથા ભાવજગતની કથા છે, કર્મજગતની પણ કથા છે અને જ્ઞાનજગતની પણ કથા છે. હું માત્ર રામની કથા જ નથી સંભળાવતો, હું તો આપને સ્મિત આપવા આવ્યો છું.'

વ્યાસપીઠ પરથી સ્મિત આપતાં, મોરારિબાપુ ખાદી જ પહેરે, ખાદી એમને ખૂબ ગમે ને ગાંધી-જીવનશૈલી આત્મસાત કરવા માટે ગાંધીકથા-દાંડીકથા ગાઈ છે. વિશ્વના અનેક અલખના ઓટલા/ઘાટો પરથી રામકથાનું ગાન કર્યું છે. એ પછી ગંગાના તટથી લઈ નાઈલ સુધી પહોંચી ગઈ, ધરતીથી આકાશ મારગે ગઈ... ગંગાસતીના તીર્થસ્થાનેથી ગંગાસાગર સુધી રામકથા દ્વારા પ્રેમનો વરસાદ વરસાવતા ચાલતા રહે છે. જાણે કે 'સાધુ તો ચલતા ભલા' એ સૂત્ર સ્વયં જીવે... ને બાપુ કહે ' સાધુ તો ગાતા, નાચતા ભલા.' એ આચરણ સહજ આપણી સામે દેખાય આવે, એમાં બેમત નહીં ... બાપુની રામકથામાં 'પ્રેમ પદારથ' સહજ ઉજાગર થતો હોય. આવો, મોરારિબાપુના 'પ્રેમ'ના પર્જન્યની ભીનાશ અનુભવીએ. મોરારિબાપુ કહે છેઃ

'પ્રામાણિક પ્રેમ પ્રસન્નતાની જનેતા છે. વિશુદ્ધ પ્રેમમાં બોલવાનું બંધ થઈ જાય છે. પ્રેમસાગરમાં કોઈનો અનાદર નથી થઈ શકતો. પ્રેમ પરમાત્માથી પણ મોટી ચીજ છે. પ્રેમ ન હોય તો બધી પૂજા કેવળ વિધિ-વિધાન છે. જીદ કરે એ લોકો કદાચ જીતતા હશે, બાકી પ્રેમ કરે એ લોકો તો હંમેશા હારે જ છે. વિશુદ્ધ પ્રેમમાં બોલવાનું બંધ થઈ જાય છે. પ્રામાણિક પ્રેમ પ્રસન્નતાની જનેતા છે. પ્રેમમાર્ગમાં કોઈનો અનાદર નથી થઈ શકતો. પ્રેમ પ્રસાદથી પ્રગટ થાય છે, પ્રમાદથી વિલીન થઈ જાય છે. પ્રેમ ભીડનો વિષય નથી, પ્રેમ એકાન્તિક અવસ્થા છે. એ 'ગોડ પાર્ટિકલ' છે. એમાંથી જ બ્રહ્માંડ નીકળ્યું છે. પ્રેમનો એ વિસ્તાર છે.

તલગાજરડી સાધુની સાધુતા એમના ઉમદા સ્વભાવથી છલકાતી રહે છે, પ્રેમાળ સાધુ, પ્રેમલક્ષણા ભક્તિનો ગાનાર હોવાથી એમની ભીતર સૃષ્ટિ તરફ અનુરાગ રેલાતો રહે છે. મોરારિબાપુનો પ્રેમ સમષ્ટિગત અનુભવાય છે. તલગાજરડાના હિંચકે બેસતા બાપુને કોઈપણ માણસ સીધા જ મળી શકે, જોઈ શકે, વાત કરી શકે, પોતાની આપદા વર્ણવીને પીડા ઓછી કરી શકે એટલા સમીપ છે. આંતરરાષ્ટ્રીય માણસ મોરારિબાપુની આ લાક્ષણિકતા રહી છે. એ સમજના મૂળિયા કદાચ ભીતર રસાયેલા પ્રેમતત્ત્વમાં રહેલા હોય એમ બને. બાપુનાં થોડાંક વચનો અહીં રાખું, જે આપણને આ મારગનું અજવાળું પીરસે છેઃ

"પ્રેમ આધ્યાત્મિક છે. 'કથા' પ્રેમનો સંદેશ છે. સત્ય મારા માટે, પ્રેમ તમારા માટે અને કરુણા બધા માટે. સત્ય જેટલું સચવાય એટલું. પ્રેમ હંમેશા બીજા માટે. પ્રેમ કેવળ પોતાના માટે હોય તો કદાચ એનું સ્વરૂપ બદલાઈ જઈ શકે છે. સૌને પોતાનું વ્યક્તિત્વ હોય છે. જેવા હોય એવા એને પ્રેમ કરો. બાળકને પ્યાર આપો, પ્યાર જેવો જગતમાં કોઈ ધર્મ નથી. જે ભગવાનને પ્રગટાવી શકે એનું નામ પ્રેમ. પ્રેમ મુક્ત રાખે, મોહ બંધનમાં નાખે. પ્રેમ મુક્તિ આપે છે અને સ્વાર્થ કબજો જમાવે છે. પ્રેમરૂપી બાળકને જન્મ આપવા માટેનાં મા-બાપનું નામ 'પરમાત્મા' છે. પરમાત્માનું નામ પ્રેમને પ્રગટ કરી શકે છે. પ્રેમ ધીરેધીરે વધે અને પ્રેમ વધવાથી પ્રગટ થયેલા પરમાત્મા આપણી હેસિયત અનુસાર આપણા અનુભવમાં આવે."

બાપુ 'પ્રેમધર્મ'ની ધજાપતાકા લેહરાવી, રામકથાને વ્યાસપીઠ પરથી ગાતા પ્રેમમારગનો જાણે અનોખો પથ ચીંધતા રહે છે. વ્યાસપીઠ પર બેસવાની પાત્રતા જ

**(અનુસંધાન પાના નં. ૧૬૧ ઉપર)**

## (૦૫) ડૉ. વિક્રમ સારાભાઈ : સ્વપ્ન દ્રષ્ટા વિજ્ઞાની

**- પદ્મનાભ જોષી**

ઈ.સ. ૧૯૧૯ના ઓગસ્ટ માસની ૧૨મી તારીખે સારાભાઈ પરિવારમાં એક પુત્રનો જન્મ થયો. આ બાળક તે જ ભવિષ્યના મહાન સ્વપ્નદ્રષ્ટા વિજ્ઞાની ડૉ. વિક્રમ સારાભાઈ.

પિતા અંબાલાલ તથા માતા સરલાદેવી બાળકોના અભ્યાસ અંગે ખૂબ જ ઊંચા વિચારો ધરાવતાં હતાં. તે સમયે દેશમાં ઉપલબ્ધ શિક્ષણ પદ્ધતિથી તેઓ અસંતુષ્ટ હોવાથી તેઓ આ વિષય અંગે ખૂબ જ ચિંતિત હતા. ઇટાલીનાં શ્રીમતી મારિયા મૉન્ટેસરી નામના શિક્ષણવિદે શિક્ષણવિષયક આધુનિક વિચારો પુસ્તકરૂપે પ્રગટ કર્યા હતા. શ્રીમતી અને શ્રી સારાભાઈએ આ પુસ્તક વાંચતા તેઓ શ્રીમતી મોન્ટેસરીના શિક્ષણવિષયક વિચારો સાથે સંમત થયાં, તેટલું જ નહીં પરંતુ તેઓ સહપરિવાર ઇંગ્લેન્ડ ગયાં અને ડૉ. મોન્ટેસરીને મળીને આ અંગે ચર્ચા કરી. અંતે નક્કી થયું કે ડૉ. મૉન્ટેસરી અમદાવાદ આવે અને શિક્ષણની આધુનિક પદ્ધતિ મુજબની શાળા શરૂ કરે, જ્યાં સારાભાઈનાં બાળકો અભ્યાસ કરશે. ડૉ. મૉન્ટેસરીએ અમદાવાદ આવીને સારાભાઈના નિવાસસ્થાન રિટ્રીટમાં નવી પદ્ધતિ મુજબની શાળા શરૂ કરી. અને આ મૉન્ટેસરી પદ્ધતિ પ્રમાણે શરૂ કરવામાં આવેલી શાળામાં સારાભાઈનાં બાળકોએ શિક્ષણ મેળવવાનું શરૂ કર્યું. આ શાળામાં દેશ-પરદેશથી વિવિધ વિષયોમાં પારંગત શિક્ષકો નીમવામાં આવ્યા હતા. બાળકોના વિવિધ શોખ તથા રસને ધ્યાનમાં રાખીને તેઓ તે દિશામાં યોગ્ય માર્ગદર્શન મેળવી શકે તેનો ખાસ ખ્યાલ રાખવામાં આવ્યો હતો. દરેક બાળક પોતાના રસ મુજબના વિષયમાં આગળ વધી શકે અને તે મજુબ તેમનું વ્યક્તિત્વ વિકસી શકે તે આ પદ્ધતિનું મહત્ત્વનું પાસું હતું. અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, બંગાળી, વિજ્ઞાન, ગણિત, ઇતિહાસ, ભૂગોળ, નૃત્ય, સંગીત, શિલ્પકામ, બાગકામ વગેરે અનેક વિષયોના નિષ્ણાતો આ શાળામાં નિયુક્ત કરવામાં આવ્યા હતા.

ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર જેવી મહાન વિભૂતિનું માર્ગદર્શન પણ લેવામાં આવ્યું હતું. નીતિ-નિયમોને વ્યક્તિઘડતરના ભાગરૂપ ગણવામાં આવ્યાં હતાં. ઉનાળાના વેકેશનમાં આખું કુટુંબ તથા શિક્ષકો જુદાં જુદાં રમણીય સ્થળોએ પશુ, પક્ષી તથા કુદરતી સૌંદર્ય વિષે જાણવા તથા અનુભવવા જતાં હતાં. સંપૂર્ણ સ્વતંત્રતા, નિષ્ણાતોની દેખરેખ અને યોગ્ય માર્ગદર્શન તથા મા-બાપની હૂંફ બાળકોના શિક્ષણનો મહત્ત્વનો ભાગ બન્યાં હતાં. આવા કુદરતી અને સ્વતંત્ર વાતાવરણમાં મા-બાપની હૂંફ અને શિક્ષકોના માર્ગદર્શનમાં પાંચ બહેનો તથા બે ભાઈઓની સાથે વિક્રમભાઈનો ઉછેર થયો.

શાહીબાગ વિસ્તારમાં તે સમયે ૨૧ એકર જમીનમાં સારાભાઈ પરિવારના નિવાસસ્થાન ઉપરાંત અનેક સુવિધાઓ ઊભી કરવામાં આવી હતી. ઇંગ્લેંડથી લાવવામાં આવેલ ઐતિહાસિક પ્રતિમાઓ, ગ્રીસની પ્રતિકૃતિઓ, 'વિનસ-ડ-મેલો' રિટ્રીટના વિશાળ બાગમાં ગોઠવવામાં આવ્યાં હતાં. આ બાગમાં ગુલાબનો બગીચો તથા સંતરાની વાડી પણ હતાં. અહીં અસંખ્ય જાતનાં કમળ, પદ્મ અને પોયણીઓ, વિવિધ વાંસ અને દેશવિદેશની અસાધારણ જાતની વનસ્પતિ અંબાલાલભાઈએ મંગાવેલી. તેઓ તે વિશે વાંચતા, અભ્યાસ કરીને મંગાવતા અને જાતસંભાળ લઈને ઉછેરતા. ફળ, ફૂલ અને વૃક્ષો ઉપર તેના શાસ્ત્રીય નામોનાં લેબલ લગાડવામાં આવતાં અને પૂનાથી તાલીમ પામેલા નિષ્ણાત ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ બાગની દેખભાળ રાખતા. આમ 'રિટ્રીટ'નો બગીચો એક અજોડ બૉટનિકલ ગાર્ડન બની ગયો હતો.

આવો અજોડ બાગ તૈયાર થતાં તેમણે પશુ-પક્ષી-પ્રાણી પાળવાં માંડ્યાં. કાળિયારમૃગ, હરણીઓ, હરણનાં બચ્ચાં, માઉસ ડીઅર, નીલગાય, માંકડાં, સસલાં, ઇરાની

બિલાડીઓ, કૂતરાં અને જાતજાતનાં કબૂતરો. તે સમયનાં અરબી ઘોડા અને જંગી વેલર ઘોડીઓ અને કાળિયાર મૃગો છૂટી જતાં અને તેમની નાસભાગ બાળકોને ગભરાવી મૂકતી. આરસ અને ફુવારામાં નહાતી અને નાચતી કાળા અને સફેદ રંગની હંસની બેલડીઓ, બ્રહ્મદેશ, મિસર અને જર્મનીથી આવેલા શ્વેત અને રંગબેરંગી ભાતીગળ મોર, સતત ચિત્કાર કરતા કાકાકૌઆ, રાસ્તગીર અને ગંજાવર મેકો જાતના પોપટ, આલ્સેશિયન બેલ અને પિકેનીસ કૂતરા, પશુ-પક્ષીઓથી રિટ્રીટનો બાગ અજોડ બન્યો હતો. આ સિવાય અંબાલાલભાઈનો પોપટનો સંગ્રહ ભારતભરમાં શ્રેષ્ઠ ગણાતો. ૧૯૩૭થી ૧૯૪૨ એ પાંચ વર્ષમાં જાતજાતનાં જળાશયી પક્ષીઓ તથા ઑસ્ટ્રેલિયા, આફ્રિકા અને દક્ષિણ અમેરિકાના અપ્રાપ્ય પશુ-પક્ષીઓ તેમણે પાળ્યાં હતાં. આ પશુ-પક્ષીને શક્ય તેટલા કુદરતી વાતાવરણમાં રાખવાનો અંબાલાભાઈ પ્રયત્ન કરતા હતા. આ ઉપરાંત રિટ્રીટમાં સ્વિમિંગપૂલ, ટેનિસ કોર્ટ, બેડમિન્ટન કોર્ટ અને ક્રિકેટનું મેદાન પણ હતાં. કુટુંબના દરેક સભ્ય માટે ઘોડા પણ હતા. ૧૯૨૪માં પ્રથમ વખત ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર રિટ્રીટમાં રહેવા આવ્યા હતા. તેઓની સાથે દીનબંધુ એન્ડ્રુઝ અને ક્ષિતિમોહનસેન આવ્યા હતા. આ મુલાકાત સારાભાઈ કુટુંબ સાથે એક ગાઢ સંબંધમાં પરિણમી હતી. આવા મહાનુભાવોની સંનિધિ દ્વારા બાળકોમાં સંસ્કાર સિંચનનો ઉદ્દેશ હતો. આ વાતાવરણમાં વિક્રમભાઈની બૌદ્ધિક અને અધ્યાત્મિક પ્રતિભાના પાયા નંખાયા હતા.

રિટ્રીટ શાળાનાં વિવિધ વિષયો પ્રત્યે તેમનું ધ્યાન કેન્દ્રિત થયું હતું. વિક્રમભાઈ સર્વકાર્યોમાં નિપુણ હતા. તેઓની ગ્રહણશક્તિ ખૂબ જ ત્વરિત હતી તેમ જ તેમનામાં ઊંડી સમજણ શક્તિ તથા યાદશક્તિ હતાં. તેઓનો યાંત્રિક વસ્તુઓ પ્રત્યેનો રસ જોઈને શાળામાં એક નાની પણ ઉપયોગી, સાધનોથી સુસજ્જ એવી યંત્રશાળાનો પણ ઉમેરો કરવામાં આવ્યો. આ યંત્રશાળાની દેખરેખ માટે એક શિક્ષક પણ નીમવામાં આવ્યા હતા. આ પછી ભૌતિકશાસ્ત્ર તથા રસાયણશાસ્ત્રની પ્રયોગશાળા પણ સ્થાપવામાં આવી હતી.

વિક્રમભાઈ આ યંત્રશાળામાં ઘણો સમય ગાળતા. આ યંત્રો તેમને રોમાંચ આપતા. અહીં ભવિષ્યના વિજ્ઞાનીને પોતાની બુદ્ધિ અને સંશોધનવૃત્તિ કસવાની તક મળતી. આ રિટ્રીટ શાળામાં જ બાળક વિક્રમની તેજસ્વી કારકિર્દીના પાયા નંખાયા. તેમની પાસે ભાષાઓ, ગણિતશાસ્ત્ર અને કળાનું ભરપૂર જ્ઞાન હતું. તેઓએ ઘણી જ સારી શૈક્ષણિક આદતો પાડી હતી અને ખંતથી સતત કામ કર્યું હતું. આ ઉપરાંત તેઓ જે કંઈ વાંચતા કે કરતા તેમાં ઊંડી સમજશક્તિ દેખાતી. તેઓની પસંદગીનો વિષય વિજ્ઞાન હતો. આવા વાતાવરણમાં વિક્રમના વ્યક્તિત્વનું ઘડતર થયું હતું અને યોગ્ય કેળવણીના પાયા નાખવામાં આવ્યા હતા.

આ સમયે દેશની સ્વાતંત્ર્ય ચળવળ ચાલતી હોવાથી મહાત્મા ગાંધીજી, પંડિત મોતીલાલ તથા જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, ઍની બેસન્ટ, ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર, મૌલાના આઝાદ, સરોજીની નાયડુ, સર સી.વી. રામન જેવી વ્યક્તિઓ અમદાવાદની મુલાકાતે આવતી, ત્યારે તેઓ સારાભાઈ કુટુંબની મહેમાનગતિ માણતાં. આમ વિદ્યાર્થી અવસ્થામાં વિક્રમભાઈ અસાધારણ વ્યક્તિઓના સહવાસમાં રહી શક્યા હતા. ગુરુદેવ રવીન્દ્રનાથ ફક્ત ચિત્રકાર, કવિ જ નહોતા પરંતુ મસ્તકના અવલોકન દ્વારા તેઓ વ્યક્તિનું ભવિષ્ય કહી શકતા હતા. વિક્રમભાઈના મસ્તકનું અવલોકન કરીને તેઓએ જણાવ્યું હતું કે, આ બાળક ભવિષ્યમાં મહાન વિભૂતિ બનશે.

૧૯૩૭માં આર. સી. ટેકનિકલ હાઈસ્કૂલ દ્વારા મેટ્રિકની પરીક્ષામાં પાસ થઈને ગુજરાત કૉલેજમાં ઇન્ટર સાયન્સ સુધીનો અભ્યાસ પૂરો કરીને વિક્રમભાઈ ઇંગ્લેંડની કેમ્બ્રિજ યુનિવર્સિટીની સેંટ જહોન્સ કોલેજમાં વધુ અભ્યાસ માટે દાખલ થયા હતા. આ સમય દરમિયાન વિદ્યાર્થી તરીકે વિક્રમભાઈએ ગણિત અને વિજ્ઞાનના વિષયોમાં ઘણો જ રસ બતાવ્યો હતો. અને હંમેશા ખૂબ જ હોશિયાર વિદ્યાર્થી તરીકે તેઓ જાણીતા હતા.

૧૯૪૦માં કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી ગણિત અને

વિજ્ઞાનના વિષયો લઈને તેઓ 'ટ્રિપોસ' મેળવીને આગળ અભ્યાસ કરતા હતા ત્યાં જ બીજું વિશ્વયુદ્ધ શરૂ થવાથી તેઓએ ભારત પાછા ફરવું પડ્યું. ભારત આવીને તેઓએ બેંગ્લોરની જાણીતી વિજ્ઞાન સંસ્થા 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ'માં નૉબેલ પારિતોષિકવિજેતા સર સી. વી. રામનના માર્ગદર્શન હેઠળ અભ્યાસ ચાલુ રાખ્યો હતો. તેઓએ અનુસ્નાતક તથા પીએચ.ડી.ના અભ્યાસ માટે વૈશ્વિક કિરણો અર્થાત્ ૐજદ્બૈષ્ઠ ઇઠ્ઠઅજ વિષય પસંદ કર્યો હતો. કૉસ્મિક કિરણોના સંશોધન કાર્ય માટે તે સમયે જરૂરી સાધનો તથા ઉકરણો ઉપલબ્ધ ન હોવાથી વિક્રમભાઈ દેશની વિવિધ વૈજ્ઞાનિક સંશોધન સંસ્થાઓની મુલાકાત લેતા. કેટલાંક સાધનો તો તેમણે પોતે બનાવવા પડેલાં. આમ વૈજ્ઞાનિક સંશોધન પ્રત્યેનો પ્રેમ તથા ધગશ હોવાથી તેઓએ વૈજ્ઞાનિક સંશોધનને જ પોતાના જીવનનું ધ્યેય માન્યું હતું. બેંગ્લોરમાં સંશોધન કાર્ય કરી રહ્યા હતા તે દરમ્યાન તેઓ બે વ્યક્તિઓના સંપર્કમાં આવ્યા હતા. જે બન્ને વ્યક્તિઓની વિક્રમભાઈની કારકિર્દી ઉપર ખૂબ જ ઊંડી અસર પડી હતી. ડૉ. હોમી ભાભા પણ કેમ્બ્રિજમાં ભૌતિકશાસ્ત્રમાં પીએચ.ડી.ની ડિગ્રી મેળવીને ડૉ. રામનની સંસ્થામાં સંશોધન કાર્ય કરી રહ્યા હતા. વિક્રમભાઈને ડૉ. ભાભા તરફ એક અનેરું આકર્ષણ હતું. કુમારી મૃણાલિની સ્વામીનાથન એક યુવા નૃત્યાંગના રૂપે વિક્રમભાઈના સંપર્કમાં આવ્યાં. તેઓ બેંગ્લોરમાં તેમની નૃત્યસાધનામાં વ્યસ્ત હતાં અને કેટલીક વાર તેમના જાહેર નૃત્યનો કાર્યક્રમ પણ યોજાતો. વિક્રમભાઈને સંગીત અને નૃત્ય કાર્યક્રમમાં બાળપણથી જ રસ હતો. આથી તેઓ સંગીત અને નૃત્ય કાર્યક્રમોમાં અચૂક હાજરી આપતા. યુવાન વિક્રમભાઈનું વ્યક્તિત્વ એટલું ખીલી ઊઠ્યું હતું કે કોઈપણ કાર્યક્રમમાં તેમની હાજરી છુપાઈ શકતી નહોતી. વિક્રમભાઈ અને મૃણાલિનીને સંગીત તથા નૃત્યમાં ઊંડો રસ હોવાથી બન્ને મળતાં, ટાગોર અને શેક્સપિયરની કાવ્યરચનાઓ વાંચીને આનંદ અનુભવતાં અને આમ આ પરિચય લગ્નમાં પરિણમ્યો. બન્નેનાં કુટુંબો સમાજસેવા સાથે સંકળાયેલાં હોવાથી એકબીજાથી પરિચિત હતાં.

વિક્રમભાઈ સંશોધન કાર્ય દરમ્યાન એક વિરલ વ્યક્તિના સંપર્કમાં આવ્યા હતા. સંશોધનકાર્ય અને પ્રયોગો માટે તેઓ વિવિધ વૈજ્ઞાનિક સંશોધન સંસ્થાની મુલાકાત લેતા હતા, તે દરમ્યાન પૂના ખાતે આવેલ ઇન્ડિયન મિટીઑરોલૉજિકલ ડિપાર્ટમેન્ટના વડા ડૉ. રામનાથનને તેઓ મળ્યા. ડૉ. રામનાથનના વૈજ્ઞાનિક સંશોધન અને માનવીય અભિગમે વિક્રમભાઈને તેમના તરફ આકર્ષિત કર્યા. તેઓને વૈજ્ઞાનિક સંશોધનમાં અતિશય રસ હોવાથી ભવિષ્યમાં અમદાવાદમાં તેઓ એક વૈજ્ઞાનિક સંશોધન સંસ્થા સ્થાપવાની ઇચ્છા રાખતા હતા. તેઓએ આ અંગેના તેઓના વિચારો ડૉ. રામનાથનને જણાવ્યા હતા. અને તે અંગે ચર્ચા કર્યા બાદ તેઓએ ડૉ. રામનાથનને આ પ્રયોગશાળામાં નિયામક તરીકે જોડાવા નિમંત્રણ આપ્યું. ડૉ. રામનાથને ૧૯૪૮માં પોતાની નિવૃત્તિ બાદ આ નવી સંસ્થામાં જોડાવા અંગેના વિક્રમભાઈના આમંત્રણનો સ્વીકાર કર્યો હતો.

૧૯૪૫માં બીજા વિશ્વયુદ્ધનો અંત આવ્યા બાદ વિક્રમભાઈ કેમ્બ્રિજ જઈને પીએચ.ડી.નું સંશોધન કાર્ય પૂરું કરવાના કામમાં પરોવાઈ ગયા. ૧૯૪૯માં 'કૉસ્મિક કિરણો' વિષયમાં વિક્રમભાઈને પીએચ.ડી.ની ડિગ્રી મળી. અને ડૉ. વિક્રમ સારાભાઈ ૨૮ વર્ષની વયે ભારત પાછા ફર્યા.

સ્વપ્નદ્રષ્ટા વિજ્ઞાનીઃ-

ભારત પાછા ફરીને ડૉ. વિક્રમભાઈએ વૈજ્ઞાનિક અને સંસ્થાસ્થાપક તરીકેની કારકિર્દી શરૂ કરી. ડૉ. વિક્રમ સારાભાઈની વિજ્ઞાની તરીકેની કારકિર્દી તથા તેઓ દ્વારા અમદાવાદમાં વૈજ્ઞાનિક સંશોધન માટે સ્થપાયેલી સંસ્થા 'ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી'ની વિકાસગાથા એકબીજા સાથે ગૂંથાયેલાં છે. ભારતને સ્વતંત્રતા મળ્યા પહેલાં બ્રિટિશ સરકારના વ્યાપક શોષણને કારણે વિજ્ઞાનીઓ, વેપારીઓ તથા ઉદ્યોગપતિઓ તેઓના વ્યવસાયમાં નવું કંઈ કરી શકતા નહોતા. પરંતુ સ્વતંત્રતા મળ્યા બાદ ભારત સરકારે દેશના ઔદ્યોગિક વિકાસ તથા આધુનિકીકરણ માટે વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી દ્વારા રાષ્ટ્ર ઘડતરના કાર્ય માટે અનેક સવલતો તથા નાણાકીય સહાય આપવાની ઇચ્છા દર્શાવી હતી. ડૉ.

સારાભાઈ માટે આ એક ઉમદા તક હતી અને તેઓએ પણ રાષ્ટ્ર-ઘડતરના કાર્યમાં ઝંપલાવ્યું. ૧૯૪૭થી ૧૯૭૧ના ૨૪ વર્ષના ગાળા દરમ્યાન ડૉ. વિક્રમ સારાભાઈએ ૩૫થી પણ વધારે સંસ્થાઓ સ્થાપી. વૈજ્ઞાનિક સંશોધન, મિલ ઉદ્યોગના આધુનિકીકરણ માટે સંશોધન, અવકાશ વિજ્ઞાન, પરમાણુશક્તિ-સંશોધન, રાસાયણિક અને દવાઉદ્યોગ, શૈક્ષણિક સંસ્થા, વહીવટ વિષયક સંસ્થાઓ, કમ્પ્યુટર ઉદ્યોગ, ઇલેક્ટ્રૉનિક્સ, તથા નૃત્ય અને સંગીતની સંસ્થાઓનો આમાં સમાવેશ થતો હતો. આ બધી સંસ્થાઓ સ્થાપવા પાછળનો ડૉ. વિક્રમ સારાભાઈનો એક ખૂબ જ મહત્ત્વનો ઉદ્દેશ એ હતો કે દેશને સ્વતંત્રતા મળ્યા બાદ ભારત દેશને વિકસિત દેશોની હરોળમાં ઊભો રાખવા માટે આપણે સ્વનિર્ભર બનવું જોઈએ. આ ઉદ્દેશને કેન્દ્રમાં રાખીને તેઓએ તાલીમ વિષયક સંસ્થાઓ ઊભી કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. પરદેશમાં તાલીમ લેવા આપણા વિજ્ઞાનીઓ, ટેક્નૉલૉજિસ્ટો, ઇજનેરો, ડૉક્ટરો, વહીવટી અધિકારીઓ, શિક્ષકોને મોકલવામાં તેઓ માનતા હતા. આ તાલીમ પામેલા નિષ્ણાતો યુવાનોને તાલીમ આપી એ દ્વારા રાષ્ટ્ર-નિર્માણના કાર્ય માટે તૈયાર કરવાની જવાબદારી લે તે વિચારને કેન્દ્રમાં રાખીને જ તેઓએ આ સંસ્થાઓ સ્થાપી હતી. ૧૯૪૭માં પોતાનાં માતા-પિતા દ્વારા સ્થાપવામાં આવેલ 'કર્મક્ષેત્ર એજ્યુકેશનલ ફાઉન્ડેશન' તથા 'અમદાવાદ એજ્યુકેશન સોસાયટી'ના સહયોગથી 'ફિઝિકલ રિસર્ચ લેબૉરેટરી'ની સ્થાપના કરવામાં આવી. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીએ યુનિવર્સિટી વિસ્તારમાં લેબૉરેટરી બાંધવા માટે જમીન આપી. ભારત સરકારના પરમાણુ ઊર્જા ખાતું, કાઉન્સિલ ફૉર સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ, મુંબઈ સરકાર, ભારત સરકાર તથા આ બે ટ્રસ્ટોએ ફિઝિકલ રિસર્ચ લેબૉરેટરી માટે જરૂરી સવલતો, નાણાકીય સાધનો તથા બિલ્ડિંગ બાંધવાની જવાબદારી ઉપાડી લીધી. અમદાવાદ એજ્યુકેશન સોસાયટી દ્વારા સ્થાપવામાં આવેલી એમ. જી. સાયન્સ કૉલેજના બે ઓરડાઓમાં લેબૉરેટરીની શરૂઆત કરવામાં આવી. ૧૯૪૮માં પૂનાની ઇન્ડિયન મિટીઑરોલૉજિકલ ડિપાર્ટમેન્ટમાંથી નિવૃત્ત થયેલા ડૉ. કે. આર. રામનાથન આ નવી લેબૉરેટરીના પ્રથમ નિયામક તરીકે જોડાયા અને આ રીતે ડૉ. વિક્રમ સારાભાઈનું પ્રથમ સ્વપ્ન સાકાર થવાની શુભ શરૂઆત થઈ.

ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીમાં શરૂઆતમાં બે વિભાગો શરૂ કરવામાં આવ્યા. (૧) હવામાન વિષયક ભૌતિક વિજ્ઞાન (૨) કૉસ્મિક કિરણો વિષયક વૈજ્ઞાનિક સંશોધન. ડૉ. રામનાથન પ્રથમ વિભાગના વડા અને ડૉ. સારાભાઈ દ્વિતીય વિભાગના વડા નીમાયા. શરૂઆતમાં મર્યાદિત નાણાકીય સાધનો તથા સવલતોને કારણે ઓછી સંખ્યામાં વૈજ્ઞાનિક સાધનો વસાવી શકાયાં હતાં.

ભૌતિક વિજ્ઞાનમાં સ્નાતક, અનુસ્નાતક તથા પીએચ.ડી. ડિગ્રીની ઇચ્છા રાખતા હોશિયાર વિદ્યાર્થીઓને આ બે વિષયોમાં ઉચ્ચ અભ્યાસાર્થે લેવામાં આવતા. આ સમય દરમ્યાન ડૉ. રામનાથન તથા ડૉ. સારાભાઈ વ્યક્તિગત રીતે તેઓનું વૈજ્ઞાનિક સંશોધન કાર્ય પણ કરતા હતા.

ડૉ. રામનાથન પી.આર.એલ.ના નિયામક તરીકે જોડાયા બાદ ડૉ. સારાભાઈએ ડૉ. રામનાથનને યુરોપના દેશોની મુલાકાત લેવા જણાવ્યું હતું. જેથી કરીને તે વખતે દુનિયાના દેશોમાં આ વિષયોમાં ચાલી રહેલા વૈજ્ઞાનિક સંશોધન અંગે જાણી શકાય. અને પી.આર.એલ.માં થઈ રહેલા સંશોધન કાર્યથી અનેક દેશોના વિજ્ઞાનીઓને વાકેફ કરી શકાય. ડૉ. રામનાથનના જીવનની આ પ્રથમ વિદેશ યાત્રા હતી. આ સમય દરમ્યાન દેશના તથા પરદેશના વિજ્ઞાનીઓ પણ પી.આર.એલ.ની મુલાકાત લેતા હતા. આ બધાં કારણોથી બહુ જ ટૂંકાગાળામાં પી.આર.એલ.ભૌતિકશાસ્ત્રમાં સંશોધન માટેની સંસ્થા તરીકે ફક્ત દેશમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ જાણીતી બની.

એ દરમ્યાન ઇન્ટરનેશનલ જીઑફિઝિકલ યર આ.જી.વાય. ની તૈયારી ચાલતી હતી. આ માટે ડૉ. સારાભાઈ તથા ડૉ. રામનાથને આ વિષયને લગતા વૈજ્ઞાનિક સંશોધન કાર્ય હાથ ધરવાની એક દરખાસ્ત રજૂ કરી. આંતરરાષ્ટ્રીય સમિતિએ આ દરખાસ્ત સ્વીકારી અને

પી.આર.એલ. આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક સંશોધન માટેનું એક મહત્ત્વનું કેન્દ્ર બન્યું.

૧૯૫૪માપી.આર.એલ.ના નવા મકાનનું વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુના હાથે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ વર્ષો ઈન્ટરનેશનલ જિઑફિઝિકલ યર (આઈ.જી.વાય.)ની તૈયારીનાં હતાં. ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક યુનિયન દ્વારા દુનિયાના બધા વિજ્ઞાનીઓએ જુલાઈ-૧૯૫૭થી ડિસેમ્બર-૧૯૫૮ સુધીના દોઢ વર્ષના સમયગાળા દરમ્યાન સાથે મળી સમુદ્ર, પૃથ્વી, પૃથ્વીના વાતાવરણનાં ઉચ્ચ સ્તર, બહારથી આવતાં બધી જાતનાં કિરણો સાથે વાતાવરણની પ્રક્રિયાઓ તેમ જ સૂર્યનું બહુલક્ષી અવલોકન કરવાનું નક્કી કર્યું. દરેક પ્રકારનાં અવલોકન માટે એક સરખા પ્રમાણભૂત અવલોકન યંત્રો બનાવી દુનિયાના લગભગ બધા જ દેશની પ્રયોગશાળાઓએ આ વૈજ્ઞાનિક અભિગમમાં ભાગ લીધો. પી.આર.એલ. પણ આ આંતરરાષ્ટ્રીય સામૂહિક કાર્યક્રમમાં જોડાઈ અને ડૉ. રામનાથન ભારતની આઈ.જી.વાય. સમિતિના અધ્યક્ષ નીમાયા.

તે દરમ્યાન આંતરાષ્ટ્રીય ક્ષેત્રે એક અતિ મહત્ત્વની ઘટના બની. ૧૯૫૭માં સોવિયેટ રશિયાએ અવકાશમાં કૃત્રિમ ઉપગ્રહ ‘સ્પુટનિક’ તરતો મૂક્યો. અને વિશ્વમાં અવકાશ કાર્યક્રમની શરૂઆત થઈ. આ ઘટનાએ આંતરાષ્ટ્રીય સ્તરે અવકાશ કાર્યક્રમો શરૂ કરવા અનેક વિકસિત દેશોને આગળ કર્યા. અને અવકાશમાં પહોંચવાની તીવ્ર સ્પર્ધાની શરૂઆત થઈ. ડૉ. વિક્રમ સારાભાઈએ શરૂ કરેલું કૉસ્મિક કિરણો વિષયક વૈજ્ઞાનિક સંશોધન પણ આ જ વિષયમાં હતું. ૧૯૬૦માં ડૉ. વિક્રમ સારાભાઈએ ભારત સરકાર સમક્ષ ભારતીય અવકાશ કાર્યક્રમ શરૂ કરવાની દરખાસ્ત મૂકી. ભારત સરકારે પરમાણુશક્તિ પંચના વડા ડૉ. ભાભાને આ અંગે અભિપ્રાય આપવા જણાવ્યું. ડૉ. ભાભાએ આ અંગે તપાસ કરીને ભારત સરકારને આ દરખાસ્ત સ્વીકારવા જણાવ્યું. ૧૯૬૨માં પરમાણુઊર્જા મંત્રાલય હેઠળ ઇન્ડિયન નેશનલ કમિટિ ફોર સ્પેસ રિસર્ચની સ્થાપના થઈ. ડૉ. વિક્રમ સારાભાઈને આ રાષ્ટ્રીય સમિતિના અધ્યક્ષ નીમવામાં આવ્યા. પી.આર.એલ.ને વડું મથક ગણવામાં આવ્યું. ૧૯૬૩ના નવેમ્બરની ૨૧મી તારીખે ભારતની ધરતી પરથી પ્રથમ રોકેટ સફળતાપૂર્વક છોડવામાં આવ્યું અને ભારતે અવકાશ યુગમાં પ્રવેશ કર્યો.

ભારતના પશ્ચિમ કિનારા ઉપર આવેલા કેરળના થુમ્બા નામના સ્થળને રૉકેટ અવકાશમાં છોડીને વાતાવરણ અંગેના વૈજ્ઞાનિક પ્રયોગો કરવા માટેના સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યું. થુમ્બા એ ભૂ-ચુંબકીય વિષુવવૃત્તની નજીક આવેલું સ્થળ છે. વિષુવવૃત્તની નજીકના અક્ષાંશ ઉપરના પૃથ્વીના ઉચ્ચ સ્તરના વાતાવરણ તથા અયનાવરણની ઘટનાઓનો અભ્યાસ ભૂ-ચુંબકીય વિષુવવૃત્તીય પ્રદેશો માટે મહત્ત્વનો ગણાય છે. એટલે આ દૃષ્ટિએ થુમ્બા ઇક્વેટૉરિયલ રૉકેટ લોંચિંગ સ્ટેશન (ટી.ઈ.આર.એલ.એસ.)નું સ્થાન ત્યાં હોય તે યોગ્ય છે. નવેમ્બર-૧૯૩૬માં જયારે આ મથક કાર્યરત થયું ત્યારથી અત્યાર સુધીમાં હવામાન, અયનાવરણ, ઉચ્ચ સ્તરના વાતાવરણ તથા ખગોળ-ભૌતિકશાસ્ત્રના પ્રાયોગિક અભ્યાસ અને સંશોધન માટે જુદીજુદી બનાવટનાં અસંખ્ય સાઉન્ડિંગ રૉકેટ અવકાશમાં છોડવામાં આવ્યાં છે. આમાંના ઘણા પ્રયોગોમાં ભારતીય વિજ્ઞાનીઓ સાથે ફ્રાન્સ, જર્મની, જાપાન, બ્રિટન, અમેરિકા અને રશિયાના વિજ્ઞાનીઓએ પણ ભાગ લીધો હતો. સંયુક્ત રાષ્ટ્રસંઘ તરફથી ટી.ઈ.આર.એલ.એસ.ને સાઉન્ડિંગ રૉકેટના પ્રયોગો માટેની આંતરરાષ્ટ્રીય સુવિધા તરીકે માન્યતા મળી છે. ૧૯૬૮ના ફેબ્રુઆરીમાં ભારતના વડાપ્રધાને આ મથક સંયુક્ત રાષ્ટ્રસંઘને અર્પણ કર્યું હતું.

ત્યાર બાદ ત્રિવેન્દ્રમ ખાતે ‘સ્પેસ સાયન્સ એન્ડ ટેક્નૉલૉજી સેન્ટર’ની ડૉ. સારાભાઈએ સ્થાપના કરી. આ બન્ને સંસ્થાઓમાં પી.આર.એલ. ડૉ.સારાભાઈના માર્ગદર્શન હેઠળ અનુસ્નાતક તથા પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરનાર નિષ્ણાત યુવાન વિજ્ઞાનીઓ તથા ટેક્નૉલૉજિસ્ટોને વિવિધ જવાબદારી સોંપવામાં આવતી હતી. તે પહેલાં આ યુવાન વિજ્ઞાનીઓને આ વિષયમાં આધુનિક સંશોધન અંગેની તાલીમ મળે તે માટે યુરોપ તથા અમેરિકા મોકલવામાં આવતા હતા. ૧૯૬૭માં અમદાવાદમાં

'એક્સ્પેરિમેન્ટલ સૅટલાઇટ કમ્યુનિકેશન્સ અર્થ સ્ટેશન' ઈ.એસ.સી.ઈ.એસ. 'યુનાઈટેડ નેશન્સ ડેવેલપમેન્ટ પ્રોગ્રામ' યુ.એન.ડી.પી.ની સહાયથી સ્થાપવામાં આવ્યું. અહીં કૃત્રિમ ઉપગ્રહ સાથે સીધા સંપર્કમાં રહીને સંદેશા વ્યવહારના પ્રયોગો કરવામાં આવતા હતા.

ત્યાર બાદ શ્રીહરિકોટા નામના સ્થળે 'શ્રીહરિકોટા રેન્જ' નામની સંસ્થાની શરૂઆત કરવામાં આવી, જ્યાંથી ઉપગ્રહ પ્રક્ષેપકવાહક અર્થાત સૅટલાઇટ લોંચિંગ વ્હિકલ વિષયક સંશોધન અને પ્રયોગો કરવામાં આવે છે.

૧૯૬૯માં ભારતીય અવકાશ કાર્યક્રમના ઝડપી વિકાસને કારણે 'ભારતીય અવકાશ સંશોધન સંસ્થા- ઇન્ડિયન સ્પેસ રિસર્સ ઑર્ગેનાઇઝેશન'ની સ્થાપના કરવામાં આવી. અને ભારત સરકારે આ સંસ્થાના અધ્યક્ષ તરીકે ડૉ. વિક્રમ સારાભાઈની નિમણૂંક કરી. પી.આર.એલ. ઈસરોનું વડું મથક બનાવવામાં આવ્યું.

ડૉ. વિક્રમ સારાભાઈએ જ્યારે ભારતીય અવકાશ કાર્યક્રમ તૈયાર કર્યો ત્યારે આ કાર્યક્રમના મુખ્યત્વે બે ઉદ્દેશો નક્કી કરવામાં આવ્યા હતા. (૧) ઉપગ્રહની રચના તથા નિર્માણ (૨) ઉપગ્રહ અવકાશમાં તરતો મૂકવા માટેના રોકેટ કે વાહકની રચના, નિર્માણ તથા સફળ ઉડ્ડયન. આ બન્ને બાબતોમાં ભારતીય વિજ્ઞાનીઓ તથા ઇજનેરો સ્વાવલંબી બને તે ડૉ. સારાભાઈની યોજના હતી. ડૉ. સારાભાઈ માટે ઉપગ્રહ એ વિકાસના એક સાધનરૂપ હતો. ઉપગ્રહ દ્વારા તેઓ મુખ્યત્વે ત્રણ ક્ષેત્રોમાં આગળ વધવા માંગતા હતા. (૧) ઝડપી સંદેશાવ્યવહાર, (૨) ટેલિવિઝન અને તે દ્વારા શિક્ષણ તથા (૩) હવામાન વિષયક આગાહી. અવકાશના શાંતિમય ઉપયોગ દ્વારા તેઓ ભારતને અલ્પવિકસિત જૂથમાંથી વિકસિત દેશોની હરોળમાં મૂકવા માંગતા હતા.

લગભગ ૧૯૬૮-૬૯માં તેઓની જાણમાં આવ્યું કે અમેરિકા એક ખૂબ જ શક્તિશાળી ઉપગ્રહ વિવિધ વૈજ્ઞાનિક પ્રયોગો અને માહિતી એકઠી કરવા અવકાશમાં તરતો મૂકવા વિચારી રહ્યું છે. તેઓ અમેરિકા ગયા અને અમેરિકાની અવકાશ સંસ્થા નાસા 'નેશનલ ઍરોનૉટિક્સ એન્ડ સ્પેસ ઍડ્મિનિસ્ટ્રેશન' સાથે વાટાઘાટો શરૂ કરી. તેઓ નાસાના અધિકારીઓને સમજાવીને અતિ શક્તિશાળી ઉપગ્રહ એ.ટી.એસ.-૬ (ઍપ્લિકેશન્સ ટૅક્નૉલૉજી સૅટલાઇટ નં-૬) ભારતને એક વર્ષ માટે શૈક્ષણિક પ્રયોગ માટે મળે તે અંગેની સમજુતી ઉપર સહી-સિક્કા કરીને પાછા ફર્યા.

ડૉ. વિક્રમ સારાભાઈ માટે આ તક અતિ મહત્ત્વની હતી. તેઓએ કહ્યું હતું : ''હું એક સ્વપ્નદ્રષ્ટા છું અને હું એ દિવસની કલ્પના કરું છું કે ભારતનો પ્રત્યેક નાગરિક ટેલિવિઝન મારફત શિક્ષણ પ્રાપ્ત કરી શકે અને દેશના ખૂણે ખૂણે વસતા પ્રત્યેક માનવી સુધી જ્ઞાનનો સંદેશ પહોંચાડવાનો આ એક જ ઉપાય છે. આપણે ઉપગ્રહો મારફતે કદાચ તે કરીશું.'' આ યોજનાને તેઓએ સાઈટ- 'સૅટલાઇટ ઈન્સ્ટ્રક્શનલ ટેલિવિઝન ઍક્સ્પેરિમેન્ટ' અર્થાત 'ઉપગ્રહ શૈક્ષણિક દૂરદર્શન પ્રયોગ' નામ આપ્યું હતું. એક પ્રયોગરૂપે દેશના અલ્પવિકસિત લગભગ ૩૦૦૦ ગામડાંઓમાં ઉપગ્રહ દ્વારા સીધા પ્રસારણથી ટેલિવિઝન કાર્યક્રમ દ્વારા શિક્ષણ પહોંચાડવાની આ અદ્‌ભૂત યોજના હતી. ભારતનાં છ રાજ્યો - આન્ધ્રપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, કર્ણાટક, ઓરિસ્સા અને રાજસ્થાન રાજ્યોમાં સમાન દશ્ય અને જે તે રાજ્યની પ્રાદેશિક ભાષાને આવરી લેતો આ અભૂતપૂર્વ પ્રયોગ હતો. ૧૯૭૧માં તેઓની ઓચિંતી વિદાય બાદ ૧૯૭૫માં આ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો અને તે સફળ થયો હતો.

૧૯૬૬માં ભારતમાં એક અઘટિત બનાવ બન્યો. ભારતના જાણીતા વિજ્ઞાની, ઊર્જાપંચના અધ્યક્ષ ડૉ. હોમીભાભાનું વિમાની અકસ્માતમાં અવસાન થયું. ભારત સરકારે આ સ્થાન માટે ડૉ. વિક્રમ સારાભાઈની પસંદગી કરી. ૧૯૬૩માં ભારત સરકારે ઇલેક્ટ્રૉનિક્સ સમિતિ બનાવી હતી. તેના અધ્યક્ષ ડૉ. ભાભા હતા અને એ સમિતિના એક સભ્ય ડૉ. સારાભાઈ હતા. હવે આ જવાબદારી પણ ડૉ. સારાભાઈ ઉપર આવી. આમ ૧૯૬૬માં ડૉ. વિક્રમ સારાભાઈ ફક્ત ભારતીય અવકાશ કાર્યક્રમના વડા જ નહીં પરંતુ ભારતીય પરમાણુ ઊર્જાપંચ તથા ઇલેક્ટ્રૉનિક્સ સમિતિના પણ અધ્યક્ષ બન્યા.

પરમાણુઊર્જા વિભાગ સાથે સંકળાયેલા વિજ્ઞાનીઓ માનતા હતા કે ડૉ. સારાભાઈ, ડૉ. ભાભાનાં અધૂરાં કાર્યો પૂરાં કરવામાં વહીવટી માર્ગદર્શન આપશે. પરંતુ થોડા જ સમયમાં તે વિભાગના વિજ્ઞાનીઓ તથા ટૅક્નૉલોજિસ્ટો આશ્ચર્યમાં પડી ગયા, કારણ કે ડૉ. સારાભાઈ ફક્ત ડૉ. ભાભાનાં અધૂરાં કાર્યો પૂરાં કરવાની જ જવાબદારી નહીં પરંતુ પોતાનું આગવું પ્રદાન કરવા માટે પણ તૈયારી કરી ચૂક્યા હતા.

૧૯૬૮માં સંયુક્ત રાષ્ટ્રસંઘનાં ઉપક્રમે અવકાશનાં શાંતિમય ઉપયોગ અંગેની આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. વિયેના ખાતે મળેલી આ પ્રથમ પરિષદના અધ્યક્ષસ્થાને ડૉ. વિક્રમ સારાભાઈની વરણી કરવામાં આવી. આ પરિષદના અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતાં ડૉ. સારાભાઈએ ભારતીય અવકાશ કાર્યક્રમના હેતુ અંગે વિગતવાર સમજણ આપી હતી. ખાસ તો અલ્પવિકસિત દેશોને માટે અવકાશ કાર્યક્રમ રાષ્ટ્રીય વિકાસના એક મહત્ત્વના ભાગરૂપે ગણવા તેઓએ ભાર મૂક્યો હતો. અલ્પવિકસિત દેશોએ આધુનિક પદ્ધતિઓ સ્વીકારીને આગળ વધવું જોઈએ અને આધુનિક ટૅક્નૉલૉજી સ્વીકારવી જોઈએ. આમ થશે તો જ વિકસિત અને અલ્પવિકસિત દેશો આત્મનિર્ભર થઈ શકશે.

૧૯૭૦માં સંયુક્ત રાષ્ટ્રસંઘના ઉપક્રમે પરમાણુઊર્જાના શાંતિમય ઉપયોગો અંગે વિયેના ખાતે મળેલી પરિષદના અધ્યક્ષપદે ડૉ. વિક્રમ સારાભાઈની વરણી કરવામાં આવી હતી. આ પરિષદના અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતા તેઓએ અલ્પવિકસિત દેશોને પરમાણુઊર્જાના શાંતિમય ઉપયોગ માટે આગળ વધવા અનુરોધ કર્યો હતો. નિઃશસ્ત્રીકરણના પ્રખર હિમાયતી ડૉ. વિક્રમ સારાભાઈ ઇંગ્લેંડના પ્રખ્યાત ચિંતક લોર્ડ બર્ટ્રાંડ રસેલે સ્થાપેલી પગવાશ કન્ટિન્યૂઇંગ કમિટિમાં નિયમિત ભાગ લેતા. તેઓ કહેતા કે પરમાણુઊર્જાના ઉપયોગ દ્વારા મારે મહાત્મા ગાંધીજીનું વિકેન્દ્રિત સમાજ રચનાનું સ્વપ્ન સાકાર કરવું છે.

ડૉ. હોમી ભાભાએ 'ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ' સંસ્થાને ભારતીય પરમાણુઊર્જા કાર્યક્રમની માતૃસંસ્થા બનાવી તેવી જ રીતે ડૉ. વિક્રમ સારાભાઈએ 'ફિઝિકલ રિસર્ચ લેબૉરેટરી'ને ભારતીય અવકાશ કાર્યક્રમની માતૃસંસ્થા બનાવી.

ડૉ. વિક્રમ સારાભાઈએ તેઓનું કાર્યક્ષેત્ર ફક્ત વૈજ્ઞાનિક સંશોધન અને રાષ્ટ્રીય વિકાસ કાર્યમાં પ્રદાન કરતી સંશોધન સંસ્થાઓ સ્થાપવામાં જ મર્યાદિત નહોતું રાખ્યું. તેઓના પિતા શ્રી અંબાલાલ સારાભાઈ પ્રખ્યાત ઉદ્યોગપતિ હતા. કુટુંબનો ઉદ્યોગપતિ તરીકેનો વારસો પણ ડૉ. સારાભાઈએ જાળવ્યો હતો. દેશના પ્રણાલિકાગત ઔદ્યોગિક માળખાને આધુનિકીકરણ દ્વારા પ્રગતિના પંથે દોરવાના કાર્યમાં પણ વિક્રમભાઈનો અમૂલ્ય ફાળો હતો. આપણા દેશમાં રાસાયણિક અને દવાઉદ્યોગ ઊભો કરવામાં ડૉ. સારાભાઈએ અગત્યનું પ્રદાન કર્યું હતું. વડોદરામાં સારાભાઈ કેમિકલ્સ નામે ઔદ્યોગિક એકમની સ્થાપનાથી સ્વતંત્ર ભારતમાં દવાઉદ્યોગની શરૂઆત થઈ હતી એમ કહી શકાય. અત્યાર સુધી અનેક અગત્યની દવાઓ વિદેશમાંથી આયાત કરવી પડતી ને હવે સારાભાઈ કેમિકલ્સની સ્થાપનાથી તે દેશમાં જ બનવા માંડી. અને તેઓએ દવાઉદ્યોગને લગતાં અનેક ઔદ્યોગિક એકમો સ્થાપ્યાં. આ પ્રકારનાં ઔદ્યોગિક એકમોમાં ઉત્પાદિત માલનું ધોરણ શ્રેષ્ઠ રહે તેવો ડૉ. વિક્રમ સારાભાઈ હંમેશા આગ્રહ રાખતા. વળી આ ઉદ્યોગમાં ઈ.ડી.પી. અર્થાત ઇલેક્ટ્રૉનિક ડેટા પ્રોસેસિંગ અને વૈજ્ઞાનિક સંશોધનની પદ્ધતિ શરૂ કરનાર ડૉ. વિક્રમ સારાભાઈ પ્રથમ હતા.

ડૉ. વિક્રમ સારાભાઈએ વિવિધ સંસ્થાઓના સ્થાપક તરીકેની તેઓની કારકિર્દી અમદાવાદમાંથી શરૂ કરી હતી. આજે અમદાવાદમાં વિવિધ વિષયોને લગતી જેટલી સંસ્થાઓ છે તેટલી સંસ્થાઓ દેશનાં બીજાં શહેરોમાં ભાગ્યે જ હશે. અમદાવાદ શહેરે નવી સંસ્થાઓ અને નવા વિચારો સહેલાઈથી સ્વીકાર્યાં છે, તે અંગે ડૉ. સારાભાઈએ જણાવ્યું હતું કે "અમદાવાદની રચના જ એવી છે કે તે નવા વિચારોને આવકારે છે, તક આપે છે, મતમતાંતરોને પણ આ શહેર અનુકૂળ રહે છે. મહાત્મા ગાંધીજી જેવા તદ્દન

નવા વિચારો લઈને આવ્યા અને આ શહેરે તેમને પૂરતો સાથ આપ્યો. મારા મૂળને પોષનારું કંઈ હોય તો તે અમદાવાદે આપેલું આ નવા વિચારોને સમર્થન.''

સંસ્થાના વડાએ સંસ્થાના સભ્યોની સર્જનશક્તિ યોગ્ય રીતે ખીલી શકે અને તેનો યોગ્ય ઉપયોગ થઈ શકે તે માટે વિશ્વાસ અને સ્વતંત્ર રીતે કામ કરી શકાય તેવું વાતાવરણ ઊભું કરવું જોઈએ. ટૂંકમાં, સંસ્થાના વડાની લાયકાતમાં માનવીય અભિગમની જરૂરિયાતને તેઓ અતિ મહત્ત્વની ગણતા હતા. વિક્રમભાઈ તેઓની સંસ્થા સાથે સંકળાયેલા સભ્યો સાથેનો સંબંધ ફક્ત સંસ્થાના દરવાજા સુધી મર્યાદિત નહોતા રાખતા પરંતુ તેમના ઘર-કુટુંબના સભ્યો, તેમને યોગ્ય સવલતો અને મહેનતાણું મળી રહે તેવી બધી જ બાબતોનો આ સંબંધમાં સમાવેશ થઈ જતો હતો. તેઓની સંસ્થાના સભ્યોને કદી પણ કોઈ માગણીઓ લઈને વિક્રમભાઈ પાસે જવાની જરૂર પડી નહોતી.

દરરોજ ૧૮થી ૨૦ કલાક સતત કાર્યશીલ એવા વિક્રમભાઈનું સમગ્ર જીવન એ સમય સાથેની એક તીવ્ર સ્પર્ધા સમાન હતું. તેઓ માટે કોઈપણ કાર્ય અશક્ય નહોતું. કહેવાતા અશક્ય કાર્યને શક્યતામાં ફેરવવાની અખૂટ ધીરજ તથા આત્મવિશ્વાસ એ તેમના વિરલ વ્યક્તિત્વનાં મહત્ત્વનાં પાસાં હતાં. અતિશય કામના બોજાથી આપણે થાક અનુભવતા હોઈએ, ત્યારે મોં પર સ્વચ્છ પાણીના છંટકાવથી પ્રફુલ્લિતતા અનુભવી શકાય તેવો અનુભવ વિક્રમભાઈને મળવાથી થતો. સદાય નમ્ર અને સાદાઈને વરેલા વિક્રમભાઈ જીવનની છેલ્લી ક્ષણ સુધી કાર્યરત રહ્યા હતા, કારણ કે તેઓએ અનેક અધૂરાં સ્વપ્નો પૂરાં કરવાનાં હતાં.

૧૯૭૧ના ડિસેમ્બરની ૩૦મીની વહેલી સવારે થુમ્બા રોકેટ મથક નજીક કોવાલામ નામના સ્થળે ડૉ. વિક્રમ સારાભાઈનું અચાનક ફક્ત ૫૨ વર્ષની વયે અવસાન થયું. આગલી રાત્રે લગભગ ૧.૦૦ વાગ્યા સુધી કાર્યરત રહેલા અને ચિરનિદ્રાની અંતિમ ક્ષણ સુધી માનવકલ્યાણનાં કાર્યમાં ડૂબેલા ડૉ. વિક્રમ સારાભાઈ એક સાચા કર્મયોગીનું જીવન જીવી ગયા.

માસાચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજીના કોસ્મિક કિરણો અંગે સંશોધન કાર્ય કરતા જાણીતા વિજ્ઞાની ડૉ. બ્રૂનો રોસીએ સાચું જ કહ્યું હતું કે ડૉ. વિક્રમ સારાભાઈની ઓચિંતી વિદાયથી ફક્ત ભારતના જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના વિજ્ઞાનીઓને ખોટ પડી છે. ખરેખર તો વિક્રમ સારાભાઈની વિદાયથી વિજ્ઞાને ઘણું ગુમાવ્યું છે.

ડૉ. વિક્રમ સારાભાઈ આર્કાઇવ્ઝ, નહેરુ ફાઉન્ડેશન ફોર ડિવેલપમેન્ટ અમદાવાદ

**(અનુસંધાન પાના નં. ૧૫૨ ઉપરથી)**

પ્રેમાળપણું-ભાવદશામાં જીવવું કહી શકાય. પ્રેમમૂર્તિ બાપુનાં જીવનકાર્યો બોલે એ સાંભળીએ, જોઈએ, તો માલુમ પડે કે 'મહોબ્બતના માલમી' મોરારિબાપુ છે. તલગાજરડાના આંગણે જતો કોઈપણ જરૂરિયાતમંદ કદી નિરાશ થતો નથી. કચ્છમાં ધરતીકંપથી સર્જાયેલી કરુણાંતિકામાં સહભાગી બનવા, લોકોનાં આંસુ લૂછવા, બનતું કરી છૂટવા, બાપુ ત્યાં પહોચી ગયેલા. અરે! સોમાલિયાના દુષ્કાળમાં પીડિતોને અહીંથી મદદ કરે, નેપાળમાં કે વિશ્વના કોઈપણ ખૂણે માનવતાનો સાદ પડે, ત્યાં તલગાજરડું હાજરી પુરાવે છે. પ્રેમથી પ્રાપ્ત કરુણા માનવતાનો સાદ પાડતી હશે? બાપુ શું કહે છે તે પામીએ;

''પરમ પ્રેમ દ્વૈત મીટાવીને એકત્વ સર્જે છે. પ્રેમથી ત્યાગ આવે છે, ત્યાગથી અનંત શાંતિ આવે છે. રામરસ પ્રેમરસ છે. જીવનનો મર્મ પ્રેમ છે. પ્રેમમારગ ન્યાયનો મારગ છે જ નહીં. પ્રેમસાગર છે ભૂલવાનો મારગ; કરુણા વિના પ્રેમ વિધુર છે. પ્રેમની છાયા કરુણા હોવી જોઈએ. પ્રેમ સમસ્ત શુભનો સંગ્રહ છે. પ્રેમ અશુભને શુભ કરી દે છે; પ્રેમ દૂષણને ભૂષણ કરી દે છે; વિષને અમૃત કરી દે છે. જીવનમાં સહજ અને સ્વાભાવિક જીવવું પુણ્ય છે. પ્રેમ પુણ્ય છે. નફરત પાપ છે.'

મધુવન સોસાયટી, જેસર રોડ, ખોડલ પાનવાળી શેરી, મું. સાવરકુંડલા- ૩૬૪૫૧૫, મો. ૯૯૭૯૧૮૭૫૮૭

## (૦૭) અંતિમ ક્ષણનો વિવેક

**- જેમ્સ ડગ્લાસ, અનુ. મોહન દાંડીકર**

૬૦ના દશકામાં એક ખ્રિસ્તી સંન્યાસી લેખક થઈ ગયા, થોમસ મેર્ટન. એણે જીવનને અને જીવનનાં રહસ્યોને જાણવાના ઘણા પ્રયત્નો કર્યા. પછી તેઓ એવા તારણ પર પહોંચ્યા કે આપણી પાસે સચ્ચાઈઓનો એક ઘણો મોટો ખજાનો છે, જેને આપણે બધા જાણીએ તો છીએ, પણ આપણે તેની ચર્ચા નથી કરતા. ન કહેવાયેલું સત્ય !! મેર્ટન કહે છે : "આ એ સત્ય છે જેને સહન કરવાનું સામર્થ્ય આપણામાં નથી. આ આપણા જીવનની, આપણી દુનિયાની એવી કડવી સચ્ચાઈ છે, જેનાથી બધા મોં ફેરવી લે છે. આ ડર અથવા તો મોં ફેરવી લેવું, આપણી અંદર એક અંધકારનું અથવા શૂન્યતાનું સર્જન કરે છે. જેની અજાણતામાં બીજી બધી સચ્ચાઈઓની વારંવાર કતલ થયાં કરે છે. એ જ કારણે આપણી દુનિયા અંદરને અંદર ઘાયલ થઈને લોહીલુહાણ છે.

આ ન કહેવાયેલું અથવા અકથનીય શું છે ? મેર્ટન કહે છે : "એક ઘેરી શૂન્યતા રચવામાં આવી છે. જે બધું ગળી જાય છે. સરકારી જાહેરાતો હોય કે કાયદાકીય ફેંસલો હોય કે કોઈ ઔપચારિક અહેવાલ હોય કે ઐતિહાસિક સાક્ષ્ય હોય, બધાં જ ખોખલાં લાગે છે. કેમ કે બધાં જ એ શૂન્યતામાં ખોવાઈ જાય છે. આ જ શૂન્યતા આપણને એ સૂક્ષ્મ અને શુદ્ધ સચ્ચાઈનું ભાન કરાવે છે. જે સામે છે, પણ ન કહેવાયેલું અથવા અકથનીય છે. એવું કેમ છે ? એમનો જવાબ છે : "કેમ કે આપણે એ સત્યને બોલ્યા પછીના પરિણામથી ડરીએ છીએ." તો પછી એ જરૂરી શું કામ છે કે આપણે એ ન કહેવાયેલાંનો સામનો કરીએ ? તેઓ ફરી જવાબ આપે છે : "કેમ કે એ ન કહેવાયેલાંથી જન્મેલા અંધકારના ગર્ભમાં અનેક અમંગળ તત્ત્વો કોળે છે. અસત્યની શક્તિઓ, સમાજની સત્ય ન બોલી શકવાની, સત્યનો સામનો ન કરી શકવાની અશક્તિઓનો લાભ લે છે, અને સમાજને કાયર, છળકપટ અને દગાથી ભરેલાં ટોળામાં બદલી નાખે છે. સમાજનું આ એવું નુકસાન છે, પતન છે, જેનું શબ્દોમાં વર્ણન કરવું અશક્ય છે." આ કાયર, ન કહેવાયેલું સત્ય, ત્યાં વિયેટનામમાં, નાઝીઓના અત્યાચારોમાં, ક્યારેક આખી દુનિયામાં જેણે ઝેર ઘોળી રાખ્યું હતું એ ઠંડાયુદ્ધમાં અથવા આજે જે સૌની ગરદન પર સવાર છે એ આતંકવાદમાં- દરેક જગ્યાએ અડ્ડો જમાવીને બેઠું છે. એ આપણને આહ્વાન આપે છે કે કહી શકો તો દુનિયાને આ કહો.

અમેરિકન લેખક અને ઇતિહાસના સંશોધનકર્તા જેમ્સ ડગ્લાસની સાથે પણ આવું જ બન્યું : "ત્યારે હું મારા દેશ અમેરિકામાં થયેલી અત્યંત ક્રૂર, સંગીન પણ અત્યંત બેચેન બનાવી દેનારી ચાર હત્યાઓનાં કારણોની તપાસમાં વ્યસ્ત હતો. એ હત્યાઓ હતી - જોન એફ. કેનેડી, માર્ટિન લ્યૂથર કિંગ જુનિયર, માલ્કમ એક્સ અને રોબર્ટ એફ. કેનેડીની. આ ચારેયને ૧૯૬૦ના દશકમાં, કોઈ સાડાચાર વરસના ગાળામાં, ગોળી મારી દેવામાં આવી હતી. જો હું કહું કે આ હત્યાઓએ એમેરિકાના રાજકીય અને આધ્યાત્મિક પરિદૃશ્યને હંમેશાંને માટે બદલી નાખ્યું. અને લોકતંત્રને નામે અમારા હાથમાં બચી ગયું એક ખોખલું બનાવટી મોહરું, તો તે ખોટું નથી. આ ચારેયની યોજનાબદ્ધ હત્યા પાછળની કડીઓ જોડવામાં જ્યારે હું વ્યસ્ત હતો ત્યારે એક આશ્ચર્યકારક તથ્યે મારું ધ્યાન ખેંચ્યું, આ ચારે હત્યાઓની પાછળ કેવી થથરાવી મૂકે તેવી સમાનતા હતી ! સમાનતા બન્ને બાજુ હતી. જેમની હત્યા થઈ છે એમનામાં પણ અને જે હત્યારાઓ હતા એમનામાં પણ."

એ ૬૦નો દશકો હતો, જગત બે મહાશક્તિઓના

**(અનુસંધાન પાના નં. ૧૬૭ ઉપર)**

## (૦૭) કર્મનિષ્ઠ રસોયા બહેન જયામાડી : એક વિશેષ વ્યકિતત્વ

**- મહિપતસિંહ ઝાલા**

લોકભારતી સંસ્થામાં વર્ષોથી વર્ષવાર છાત્રાલયની પરંપરા અસ્તિત્વમાં છે. લોકસેવાનાં ત્રણ વરસ, તો ત્રણે વરસના વિદ્યાર્થીઓના ભાઈઓના છાત્રાલય અલગ-અલગ. એ જ રીતે જમવાનું પણ અલગ-અલગ. અધ્યાપન મંદિરનું છાત્રાલય અને રસોડું પણ અલગ. સ્નાતક નઈ તાલીમ મહાવિદ્યાલયનું અને અનુસ્નાતક કેન્દ્રનું છાત્રાલય અને રસોડું પણ અલગ. પંચાયતી રાજ તાલીમ કેન્દ્રનું તો ખરું જ. જો કે વિદ્યાર્થિની બહેનોની સંખ્યા પહેલાં ઓછી રહેતી એટલે બધા જ વિભાગોની બહેનોનું રસોડું એક જ રહેતું. પણ અધ્યાપન મંદિરમાં બહેનોની સંખ્યા વધી એટલે લોકસેવાની બહેનોનું અને અધ્યાપન મંદિર તથા સ્નાતક નઈ તાલીમ મહાવિદ્યાલયની બહેનોનાં રસોડાં અલગ થયાં. ગૃહમાતા પણ અલગ થયાં, જે પહેલાં સમગ્ર બહેનોનું રસોડું અને ગૃહમાતા એક જ હતા.

આવી રચના હોવાથી આ દરેક છાત્રાલય દીઠ રસોઈ કરવા માટે એક બહેન હોય. સામાન્ય રીતે આ બહેનો સણોસરા ગામની જ હોય અને મોટે ભાગે કોળી સમાજમાંથી વધારે હોય છે. જો કે મારે આજે જેના વિષે લખવાનું થયું છે તે બહેન જયાબહેન સુથાર જ્ઞાતિનાં છે. આ પહેલાં પણ એક સુથાર જ્ઞાતિનાં બહેન શાંતાબહેન રસોયા તરીકેની બહુ સારી કામગીરી કરી ગયેલાં(જેમના વિષે થોડાં વરસ પહેલાં 'કોડિયું'માં તેમની કામગીરી-આવડત વિષે શ્રી વિક્રમભાઈ ભટ્ટે લેખ લખેલો). કેટલાંક વરસથી એક વાળંદ જ્ઞાતિનાં બહેન શારદાબેન પણ કામ કરે છે. તેમની કામગીરી પણ સારી છે.

જયામાડી સંસ્થાના રસોડામાં વરસોથી(પહેલા 'જયાબેન' હવે 'જયામાડી') રસોઈ બનાવવાનું કામ કરે છે. તેમને બે દીકરા એક દીકરી એમ ત્રણ સંતાનો છે. મોટો દીકરો સુથારનું કામ કરે છે. નાનાને જયાબેને ભણાવ્યો અને લોકભારતીનો સ્નાતક થઈને જી.બી.ટી.સી. કરીને ઘણાં વરસથી ભાવનગરની એક હાઈસ્કૂલમાં કામ કરે છે. છોકરાંઓ નાનાં હતાં ત્યારથી પિતાની છાંયા ખોઈ બેઠેલાં. પણ આ જયાબેને બીજો આધાર ન રહેતા હિંમતપૂર્વક સંસ્થામાં રસોયા તરીકેની કામગીરી સ્વીકારી અને છોકરાંઓને પગભર બનાવ્યાં.

જયાબેન રાંધણના કામમાં એટલા કુશળ બની ગયાં કે સારા રસોયાને પણ એક બાજુ મૂકે, તેવી રસોઈ બનાવતાં થઈ ગયાં. તેમનો સ્વભાવ પણ એટલો જ સરસ અને વાત કરવાની આવડત પણ એટલી જ સરસ. લોકભારતીમાં મોટા રસોડા સિવાય અન્ય ૮-૯ રસોડાં ચાલે છે. અને એ બધામાં બહેનો જ રસોયા તરીકે કામ કરતી હોય છે. એટલે મોટા રસોડાનાં રસોયા બહેનો સાથે રસોયા બહેનોની કુલ સંખ્યા ૮-૧૦ થવા જાય. આમાં જયાબેન આગેવાન જેવાં ગણાય. રસોઈનું કામ સારું કરે એટલે ગૃહપતિઓ અને વિદ્યાર્થીઓ તેમના છાત્રાલયમાં રસોઈ બનાવવા જયાબહેન રસોઈ બનાવવા આવે તેવી માંગણી કરે. જો કે ધીમે ધીમે એવી વ્યવસ્થા કરી કે જે તે છાત્રાલયમાં જે રસોઈ કરતાં હોય તે બહેન કાયમી એ જ છાત્રાલયમાં રહે. એટલે લોકસેવા મહાવિદ્યાલયના પહેલાં વરસના વિદ્યાર્થીઓ બીજા વરસમાં અને પછી ત્રીજા વરસમાં આવે, ત્યારે ત્રીજા વરસમાં જયામાડી જ કામ કરતાં હોય એટલે એમને જયામાડીનો લાભ મળે. દર વરસે વિદ્યાર્થીઓનાં છાત્રાલય બદલાય એવી ગોઠવણી પહેલેથી જ કરેલી છે. જો કે એવું નથી કે જયામાડી સિવાય બીજાં બહેનોની રસોઈ સારી નહોતી થતી. અપવાદરૂપ કોઈ બહેન ક્યારેક અનઆવડતવાળા કે ઓછી આવડતવાળા આવી જાય તો તેને મોટા રસોડે રસોયા ભાઈની મદદમાં મૂકે એટલે ટ્રેઈન થાય. આવું ક્યારેક કરવું પણ પડે. કારણ કે આ પ્રકારનું કામ કરવાવાળા સ્થાનિક ગામમાં ઓછા મળતા હોય છે. પણ વિદ્યાર્થીઓને ભોજનમાં અસંતોષ ન રહે એ વાત કેન્દ્રમાં કાયમ રહે છે.

લોકભારતીનાં છાત્રાલયમાં વરસોથી આ બહેનો જ રસોઈનું કામ કરતાં આવ્યાં છે અને છતાં ક્યારેય વિદ્યાર્થીઓને આ રસોયા બહેનો વચ્ચે બોલાચાલી કે ઝગડા કે અણછાજતું વર્તન જોવાનો એક પણ કિસ્સો બન્યો નથી. એટલે મોટાભાગની બહેનો પોતાના ઘરનાં છોકરાંઓ માટે જે લાગણીથી રસોઈ બનાવે એટલી જ લાગણીથી અહીં પણ રસોઈ બનાવે છે. પણ આમાં જયામાડીએ એક વિશેષ છાપ ઊભી કરી. લોકસેવાના અભ્યાસક્રમમાં દરેક વર્ષમાં જુદી જુદી શિબિરો આવે છે, એ પછી આદિવાસી શિબિર હોય કે લોકસેવાના ત્રીજા વરસમાં આવતી ગ્રામશિબિર હોય. આવી શિબિરોમાં રસોડાનું કામ તો જે તે સ્થળે જઈને કરવા જવાનું હોય. એ વખતે બીજી કોઈ બહેનો બહાર જવા માટે તૈયાર ન થાય. આદિવાસી શિબિર તો આદિવાસી વિસ્તારોમાં જ થાય. ક્યારેક ડાંગ જિલ્લામાં હોય, ક્યારેક સુરત જિલ્લામાં હોય, ક્યારેક સાબરકાંઠામાં હોય. પહેલાં તો આ શિબિર ૨૧ દિવસની રહેતી, હવે ૧૫ દિવસ કે એથી ઓછા દિવસની કરવામાં આવે છે. પણ આટલા દિવસ બહાર રહેવાનું અને આટલે દૂર જવાનું કોઈ બહેનો કરી શકે નહિ. બીજા કોઈ તૈયાર થાય નહિ, પણ એ વખતે જયાબહેન કોઈપણ આનાકાની કર્યા વગર, રાજીખુશીથી તૈયાર થઈ જાય. એમનામાં એવી શક્તિ-આવડત પણ ખરી કે જે એક ગૃહપતિ કરી શકે એવી કુશળતાથી વિદ્યાર્થીઓને સમજાવી શકે. આદિવાસી શિબિરમાં ગૃહમાતા કે કોઈ કાર્યકર બહેનો ન જઈ શકે, ત્યારે આ જયામાડી ગૃહમાતાની કામગીરી પણ કરે, એવી આવડત અને પક્વતા. ક્યારેક કંઈક શિખામણ પણ આપે કે 'તમે અહીં ભણવા માટે આવ્યા તો એમાં જ વધારે કાળજી રાખો અને તમારા મા-બાપને સંતોષ થાય તેવી રીતે રહો.'

લોકભારતીના છાત્રાલયમાં આપણે સૌ જાણીએ છીએ તેમ રોટલી-ભાખરી વણવી, શાક સમારવું, રસોડાનો કોઠાર લાવવો એ બધું વિદ્યાર્થીઓ જ ગૃહકાર્યના વારા પ્રમાણે કરતા હોય છે. એટલે દરેક વિદ્યાર્થીનો વારો ટુકડી મુજબ રોટલી વણવામાં આવે, ભાખરી વણવામાં આવે, શાક સમારવામાં આવે. આ બધી વખતે રસોઈ કરવાવાળાં બહેનો રોટલી-ભાખરી ચોડવવાનું કામ કરે. રોટલી-ભાખરીનાં ગોરણાં રસોયા બહેનો તૈયાર કરી રાખે. સવારે દસ-સવા દસે વર્ગો પૂરા થાય એટલે રોટલીના ગૃહકાર્યવાળા વિદ્યાર્થીઓ રોટલી વણવા માટે આવી જાય. વિદ્યાર્થીઓ રોટલી વણતાં જાય અને રસોયા બહેન રોટલી ચોડવતાં જાય. ક્યારેક વિદ્યાર્થીઓ પણ રોટલી ચોડવવામાં મદદ કરે. આ જ રીતે સાંજે પાંચ વાગ્યે ભાખરીની ટુકડી આવે અને ભાખરી વણે, રસોયાબહેન ભાખરી ચોડવતાં જાય. આ બધી વખતે આ જયાબહેનનો(હવે તો 'જયામાડી' તરીકે વિદ્યાર્થીઓમાં ઓળખાવા લાગ્યાં છે) કંઈકને કંઈક વાતો-વાર્તાલાપ વિદ્યાર્થીઓ સાથે ચાલતો હોય. કેટલાક અટકચાળા વિદ્યાર્થીઓને ઠપકો પણ આપે અને વિદ્યાર્થી એ સાંભળી પણ લે, એવી છાપ જયામાડીએ ઊભી કરેલી. તેઓ વિદ્યાર્થી માટે એક ખાસ શબ્દ વાપરતા, તે 'રૂપાળો'! 'રૂપાળો કયાં ગયો.' આવી નિકટતા તે છાત્રાલયના વિદ્યાર્થીઓ સાથે કેળવેલી જોવા મળે. જયાબહેનનું ઘર સણોસરા ગામને ઉત્તરના છેડે આવે છે. સંસ્થાથી ગામ ૧ કિલોમિટર જેટલું છે અને ગામને બીજે છેડે એમનું ઘર એટલે લગભગ બીજો એક કિલોમિટર ચાલવાનું થાય. સવારે સવા આઠ-સાડા આઠ વાગ્યે આવે અને બપોરે સવા અગિયાર-સાડા અગિયાર વાગ્યે પાછા ઘેર જાય. એ જ રીતે સાંજના રસોઈ માટે સવા ત્રણ-ચારની વચ્ચે ઘેરથી આવે અને સાંજે સાડા છ-સાત વાગ્યે ઘેર જાય. આમ બે વખત જવા આવવાનું થાય એટલે રોજ ૮ કિલોમિટર તેમને ચાલવાનું થાય, એમ કહેવાય. પણ જયામાડી વરસોથી આ ક્રમ ચલાવે છે.

મેં અગાઉ જેમ ઉલ્લેખ કર્યો, બહાર શિબિરોમાં જવાનું થાય તો જયાબહેન સિવાય કોઈ તૈયાર ન થાય. એ જ રીતે ૧૯૮૧માં જયારે મોરબી ડેમ તૂટ્યો ત્યારે ત્યાં સેવાકાર્યોની જરૂર ઊભી થઈ હતી. લોકભારતી સંસ્થા પહેલેથી જ જયાંજયાં આવી સ્થિતિ ઊભી થાય ત્યાંત્યાં લોકભારતીના વિદ્યાર્થીઓ અને કાર્યકરોને આમાં મદદરૂપ થવા માટે મોકલે. સાવરકુંડલાના શેત્રુજી કાંઠાના ગામોમાં એટલું બધું એક વખત પૂરના કારણે નુકશાન થયેલું ત્યારે

પણ ત્યાં એક વર્ષના વિદ્યાર્થીઓ-કાર્યકરો ગયેલા. હું પણ તેમાં એ વખતે ગયેલો. એ જ રીતે જૂનાગઢ પાસેના શાહપુર-વંથલી આજુબાજુના ગામોમાં ચોમાસામાં ઓઝત નદીમાં એટલું બધું પાણી આવેલું કે કેટલાંય ગામો તારાજ થઈ ગયેલાં. શાહપુરની સંસ્થામાં કેડ-કેડ સમાણાં પાણી ભરાઈ ગયેલાં. સંસ્થામાં અને આજુબાજુનાં ગામોમાં કાચાં મકાનો ધરાશયી થઈ ગયેલાં, ઘરોમાં અને બજારોમાં એક ફૂટ જેટલા કીચડના થર જામી ગયેલા. એ વખતે પણ શાહપુર અને વંથલીમાં આ કામોમાં મદદ માટે લોકભારતીનાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનો-કાર્યકરો ગયેલાં. વંથલીનો પૂલ-જૂનાગઢ-વેરાવળ રોડ-કેટલો બધો ઉંચો છે પણ આ પૂલને આઝતના પૂરના પાણીએ હતો-નહોતો કરી નાખેલો એ મેં નજરે જોયેલું.

આપણે વાત કરતાં હતાં મોરબી ડેમ તૂટ્યો એ વખતની. ત્યાં જવાનું લોકભારતી સંસ્થાએ નક્કી કર્યું. એ વખતે ૫૦-૬૦ જેટલાં ભાઈઓ-બહેનો અને કાર્યકરાને જવાનું થયેલું. એ વખતે વરસોથી રસોયા તરીકેની કામગીરી કરતા સ્વ. ડાહ્યાભાઈ રસોયાને લઈ જવાના હતા. અને તેમની મદદમાં એક રસોયા બહેનને લઈ જવાનાં હતાં. ત્યારે પણ એટલે દૂર જવાની હિંમત જયામાડીએ જ કરેલી. અને એ પણ અઠવાડિયું-દસ દિવસ નહિ, પૂરો એક મહિનો ત્યાં રહેવાનું થયેલું. અને એટલો લાંબો સમય આ જયામાડી પણ ત્યાં રહેલાં. લોકભારતીના વિદ્યાર્થીઓની કામગીરી જોવા માટે પૂ. મનુદાદા પણ ગયેલા અને રસોડાની કામગીરી જોઈને બહુ ખુશ થયેલા. શ્રી ડાહ્યાભાઈ અને જયામાડીને આવી સરસ કામગીરી કરવા માટે અભિનંદન પણ આપેલાં.

આમ આ જયામાડી જ્યાં અને જ્યારે સંસ્થાને જરૂર હોય ત્યાં રસોયા તરીકે જવા માટે તૈયાર હોય. કાયમ હસતાં-હસતાં આ કામગીરી સ્વીકારી લે. નિષ્ઠાપૂર્વક કામ કરે અને મારું આ કામ સારું થાય એવી ધગશથી, 'બીજાને વધારે સંતોષ કેમ આપી શકું' એવી લાગણીથી કામ કરે.

હવે તો એમની ઉંમર ૭૯-૮૦ જેટલી થઈ છે. તેમને તેમનો દીકરો-વહુ હવે આ કામ છોડી દેવાનું કહે છે. વચ્ચે કંઈક થોડો વખત છોડી પણ દીધેલું. પણ તેઓનો ઘેર બેઠા બેઠા જીવ અકળાવા લાગ્યો. કાંઈ પ્રવૃત્તિ વગર બેઠા બેઠા સમય જતો ન હતો. તો ફરીવાર પાછી કામગીરી શરૂ કરેલી. એક વખત 'બારશ'ના ઉત્સવ વખતે લોકભારતીમાં ગયેલા ત્યારે મેં પૂછેલું કે "જયાબેન, હજી તમે કામે આવો છો - કામ કરો છો ?" તો કહે કે "બાપુ, વચ્ચે મેં થોડો વખત કામ બંધ કરેલું પણ મારો દિવસ જતો નહોતો, કાયમ વિદ્યાર્થીઓ વચ્ચે રહી છું, એટલે મને ઘેર ગમતું જ નહોતું. એટલે મેં ફરી આવવાનું શરૂ કર્યું." (હમણાં સાંભળ્યું કે હવે કામ છોડી દીધું છે. તેમ છતાં જરૂર પડે ત્યારે બોલાવે છે)

કામ(રસોઈનું) તો ત્યાં બીજા બહેનો પણ કરે છે, પણ આટલી નિષ્ઠા અને લાગણી સાથે કામ કરવાવાળા ઓછા મળે. સંસ્થા અને વિદ્યાર્થીઓ પ્રત્યેની કામ કરવાની નિષ્ઠા-ભાવના અને પ્રેમની ત્રિવેણીને ખરેખર હું મનોમન પ્રણામ કરું છું. અને સાથેસાથે ચોક્કસ અનુભવ કરું છું કે નાનાદાદાની સંસ્થામાં વિદ્યાર્થીઓના ઘડતરમાં અનેક પરિબળો જેમ કામ કરે છે તેમ આ રસોડામાં રસોઈ બનાવતાં બહેનોનો ફાળો પણ ઓછો નથી. સ્વ. મનુદાદા વારંવાર કહેતા કે 'છાત્રાલયમાં જે પ્રશ્નો ઊભા થાય છે તેમાં જો તેમને બંને ટાઈમ ભોજન સરખું મળતું હશે તો છાત્રાલયના ૫૦ ટકા પ્રશ્નો આપોઆપ હલ થઈ જશે.' કોઈકોઈ વખત મનુદાદા દાળ-શાક ચાખવા પણ છાત્રાલયમાં આવતા.

આ રસોયા બહેનો કે જે આખું વરસ વિદ્યાર્થીઓને સરસ રસોઈ બનાવીને જમાડે છે, ત્યારે તેમનું વરસ પૂરું થાય ત્યારે કેટલાંક રસોયા બહેનો માટે તેમને ઋણ ચૂકવવાનું વિદ્યાર્થીઓને મન થાય. ઘણાં વરસ પહેલાં કેટલાક વિદ્યાર્થીઓ આવું ઋણ ચૂકવવા માટે કંઈક ભેટ આપવાનું વિચારેલું. પણ આ વાતની ગૃહપતિમંડળને જાણ થતાં તેઓને અટકાવેલા. કારણ કે આવું કરવાથી જેને તમે કાંઈ નથી આપતા તેને અસંતોષ થાય. રસોયા બહેનોમાં અંદરોઅંદર કડવાશ પેદા થાય એવું બનશે, એમ માનીને આ વાત વિદ્યાર્થીઓને સમજાવી. આવી પ્રથા ઊભી કરવા જેવી નથી એમ સૌને લાગ્યું. ટૂંકમાં વાત એ કહેવાની છે કે એક વરસમાં વિદ્યાર્થીઓ સાથે આ બહેનો કેટલી લાગણી

અને આત્મીયતા ઊભી કરી દેતાં હોય છે ! આવું વાતાવરણ ઊભું કરવું એ બહુ મોટી વાત છે. રસોયા બહેનોને ત્યાં તેમના ઘેર કંઈક લગ્ન પ્રસંગ હોય તો જે તે રસોયા બહેનો જે છાત્રાલયમાં રાંધતા હોય તે આખા છાત્રાલયને જમવાનું આમંત્રણ આપે. એ છાત્રાલયના બધા જ વિદ્યાર્થીઓ એ રસોયા બહેનોને ત્યાં તે દિવસે સવારથી પહોંચી જાય. ગામ લોકોને માટે જમણવાર રાખેલો હોય તેની તૈયારીમાં મદદ કરે, પીરસવાનું પણ વિદ્યાર્થીઓ જ કરે. જેના કારણે બહુ મોટી મદદ મળે. એંઠી થાળીઓ લેવાનું કામ પણ આ વિદ્યાર્થીઓ કરે અને એ પણ ત્યાં તેમના ઘરના સભ્યોની સાથે, એમને મદદમાં લઈને આ બધું કરે. જેને ત્યાં પ્રસંગ હોય ત્યારે લોકભારતીના કાર્યકરોને પણ જમવાનું આમંત્રણ આપે, અને બધા જ કાર્યકરો હોંશેહોંશે જમવા આવે. કેટલાક કાર્યકરો પણ આ કામમાં મદદમાં જોડાય. આવી નિકટતા આ બહેનો સાથે કેળવાતી હોય છે. લોકભારતી કાર્યકરોની સહકારી મંડળી પણ ચાલે છે. આ રસોયા બહેનોને પણ કાર્યકરની જેમ જ આ મંડળીના સભ્યો બનાવાય છે. એટલે એક કાર્યકર જેટલું જ એમને પણ માન આપવામાં આવે છે. એમને પણ તેમના પગાર મુજબ ધીરાણ આપવામાં આવતું હોય છે. જો કે આ બહેનો કોઈ કાયમી નથી હોતાં, છતાં તેમની સાથે કાર્યકર જેવો વ્યવહાર થતો હોય છે. એ બહુ અગત્યનું છે.

જયામાડીનું બીજું પણ એક પાસું છે અને તે એ કે કાર્યકર કુટુંબમાં પણ તેમનું એટલું જ માન છે. કારણ કે કાર્યકર કુટુંબમાં લગ્ન પ્રસંગ કે એવો બીજો કોઈ સારો પ્રસંગ હોય-જમવામાં વધારે સંખ્યા હોય ત્યારે તેમને રસોઈ બનાવવા માટે ખાસ બોલાવે. ત્યારે પણ એટલી જ કાળજીથી તેઓ કામ કરે કે ઘરના કોઈને ચિંતા ન રહે.

૧૯૭૫ની સાલથી સંસ્થાએ મને ગૃહપતિની જવાબદારી સોંપેલી. ઘણી વખત રસોયા બહેનોને કોઈકને કોઈક પ્રશ્ન માટે મળવાનું થતું. 'બારશ ઉત્સવ' વખતે ઘણાં વરસ સુધી રસોડાની ભોજન ટુકડીમાં રહેવાનું થયેલું. એ વખતે પણ આ બહેનો સાથે વધારે સંપર્કમાં આવવાનું થતું. એ ઉપરાંત છેલ્લા વરસોમાં મુખ્યગૃહપતિની મદદમાં કામગીરી સોંપાયેલી(શ્રી અરુણભાઈ મુખ્યગૃહપતિ હતા) એટલે ત્યારે પણ આ બહેનોના કેટલાક પ્રશ્નો માટે મળવાનું થતું.

હું નોકરીમાંથી તો નિવૃત્ત થયો ૧૯૯૭માં પણ સ્વ. મનુદાદાના આગ્રહથી મુખ્યગૃહપતિની મદદમાં કામગીરી માટે ૨૦૦૦ની સાલ સુધી રહેલો. એ પછી ૨૦૦૮ની સાલમાં સંસ્થાએ મને મુખ્યગૃહપતિની કામગીરી કરવા માટે બોલાવેલો અને ફરી છ એક વરસ લોકભારતીમાં રહેવાનું થયું. મારો ઉલ્લેખ એટલા માટે કર્યો કે ૧૯૭૫ની સાલથી તે ૨૦૧૪ની સાલ સુધી હું આ છાત્રાલયનાં કામો સાથે સંકળાયેલો રહ્યો. મદદનીશ મુખ્યગૃહપતિની કામગીરી વખતે અને ૨૦૦૮થી મુખ્યગૃહપતિની જવાબદારી વખતે દરેક છાત્રાલયમાં વિદ્યાર્થીઓને જમવાનું સારું મળે છે કે નહિ, રસોયા બહેનો રસોઈ સારી બનાવે છે કે નહિ તે જોવાની કામગીરી પણ અવાર-નવાર દરેક છાત્રાલયનાં રસોડે જઈને કરતો. છાત્રાલયમાં રસોઈ સારી થાય અને વિદ્યાર્થીઓને પૂરતો સંતોષ થાય, એ જોવાનું કામ પહેલાં જે તે છાત્રાલયના ગૃહપતિનું છે. ગૃહપતિએ આ કામ બંને સમય કરવું જોઈએ. દાળ-શાક કે બીજી રસોઈ જે થતી હોય તે ચાખવી જોઈએ. આ કામ જે તે ગૃહપતિની ફરજમાં આવે છે અને આવો આગ્રહ મનુદાદા કાયમ રાખતા અને ગૃહપતિમંડળમાં આ વાત ગૃહપતિઓને કહેતા પણ ખરા. હું મુખ્યગૃહપતિ તરીકે જોડાયો ત્યારે લોકસેવાના બીજા વરસનું છાત્રાલય પણ સંભાળતો. બંને સમયે રસોઈ ચાખવાનું મોટે ભાગે કરતો. એ જ રીતે બીજા છાત્રાલયોમાં પણ જતો. જે કોઈ મુખ્યગૃહપતિ હોય તેણે આ કામ પણ કરવું જોઈએ. આ ઉલ્લેખ એટલા માટે કરું છું કે આ બધી કામગીરીને કારણે રસોયા બહેનો સાથે વધારે સંપર્કમાં આવવાનું થતું. કોની રસોઈ સારી થાય છે, કોની નબળી થાય છે તેની જાણકારી મળતી. એટલે છાત્રાલયનું વાતાવરણ સારું રાખવામાં આ રસોયા બહેનોનો કેટલો ફાળો છે તેનો અનુભવ થતો. ભાઈઓના છાત્રાલયમાં રસોયા બહેન તરીકે એક બહેનની હાજરી હોય તેના કારણે વિદ્યાર્થીઓમાં બોલ-ચાલમાં એક સંયમની ભૂમિકા પણ

ઊભી થાય છે. ઘરના વાતાવરણની અનુભૂતિ થાય એવું હું ચોક્કસ અનુભવું છું. એટલે જ મેં આગળ ઉલ્લેખ કર્યો છે કે લોકભારતીના વિદ્યાર્થીઓના ઘડતરમાં આ રસોયા બહેનોનો પણ એટલો જ ફાળો છે. અલગ-અલગ રસોડાંઓના કારણે થોડો ખર્ચ કદાચ વધારે આવતો હશે, પણ તેમાંથી વિદ્યાર્થીઓને જે શીખવાનું મળે છે તેની કિંમત ઘણી મોટી છે. કદાચ આખા ગુજરાતમાં લોકભારતીમાં જ આવાં અલગ અલગ રસોડાં જોવાં મળે.

ઘણાં વખતથી રસોયા બહેન તરીકેની જયામાડીની કામગીરી વિષે લખવાનું મન થતું હતું અને સાથે સાથે સમગ્ર રસોયા બહેનોની કામગીરીઓ તેની વિદ્યાર્થીઓ ઉપર પડતી અસર વિષે લખવાનું મન હતું. અને એ મારફત રસોયા બહેનોને અને વિશેષ વ્યક્તિત્વ ધરાવતા જયામાડીને ન્યાય આપવાનો પ્રયત્ન આ લખાણ દ્વારા મેં કર્યો છે. આ રસોયા બહેનો માટે 'અન્નપૂર્ણા બહેનો' એવો શબ્દ વાપરવાનું પણ મન થાય. આવાં રસોયા બહેનો અને ખાસ જયામાડીને વંદનપૂર્વક આદરની લાગણી વ્યક્ત કરીને વીરમું છું.

●---------●●●--------●●●---------●

મો. ૯૮૭૯૦૫૭૭૪૫

**(અનુસંધાન પાના નં. ૧૬૨ ઉપરથી)**

ઠંડાયુદ્ધમાં ફસાયેલું કણસી રહ્યું હતું. અમેરિકા અને રશિયાની વચ્ચે તણાવ એ હદે પહોંચી ગયો હતો કે જ્યાંથી એણે વિસ્ફોટ જ કરવાનો હતો. ઓક્ટોબર ૧૯૬૨. રશિયાએ ક્યૂબામાં પોતાની મિસાઈલો ખડકી દીધી હતી, જેનું નાળચું સીધું અમેરિકા તરફ હતું. અમેરિકાના નાકનો અને સુરક્ષાનો પણ આ સવાલ હતો. બન્ને મહાશક્તિઓ હતી. બન્ને પરમાણુ હથિયારોથી સુસજ્જ હતી. જગત અણુબોમ્બની ટોચે પહોંચી ગયું હતું. બસ, થવામાં જ હતો એક એવો અણુધડાકો, જે હિરોશીમામાં થયેલા ધડાકા કરતાં અનેક અનેક ગણો વધુ હોત. અમેરિકામાં પેન્ટાગોનના અધિકારીઓની ઘડિયાળ ટક .... ટક કરતી આગળ વધતી જતી હતી. જગતનો વિનાશ નજીકને નજીક આવતો જતો હતો. અડધી રાતની સ્તબ્ધતા હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ જોન કેનેડી ભારે દબાણમાં હતા. અને દબાણના એ અંધકારમાં કશુંક શોધી રહ્યા હતા... અને તે જ વખતે સંયુક્ત અમેરિકન સૈન્યના એમના મુખ્ય અધિકારીએ એમને સીધી અને સ્પષ્ટ સલાહ આપી : " સર, આપણે અત્યારેને અત્યારે જ રશિયન મિસાઈલો પર હુમલો કરી દેવો જોઈએ. આપણો ઓચિંતો હુમલો એમને સ્વસ્થ થવા માટેનો કોઈ મોકો નહિ આપે !" અને રાષ્ટ્રપતિનો એક આદેશ જગતના વિનાશનો રસ્તો ખોલી દેત ! પરિસ્થિતિ જ એવી હતી ! રાષ્ટ્રપતિ કેનેડી એ દબાણની સામે ઝૂકી જ જાત. પણ તેઓ ઝૂક્યા નહિ. એમણે પોતાના સૈન્ય અધિકારીને બાજુ પર મૂકી દીધા. અને એ ભયંકર દબાણને હડસેલીને આગળ આવ્યા. અને ઠંડા યુદ્ધના પોતાના સૌથી મોટા હરીફ રશિયન વડાપ્રધાન કૃશ્ચેવ સાથે સીધી વાત કરી : "માનનીય વડાપ્રધાનશ્રી, એ જરૂરી છે કે આપણે બન્ને આપણી સફળતાના ઉન્માદમાંથી બહાર આવીએ. આપણી નિર્ણાયક અંતિમ નિષ્ફળતાથી બચીએ અને જગતને અમર્યાદિત વિનાશમાંથી બચાવીએ !" કેનેડીએ કહ્યું અને કૃશ્ચેવે સાંભળ્યું ! ... અને આખું જગત અંતિમ વિનાશની ટોચે પહોંચી ગયું હતું, ત્યાંથી પાછું વળ્યું.......

કેટલાયે લોકોને આ ન ગમ્યું. અસહ્ય લાગ્યું.... રાષ્ટ્રદ્રોહ ! ...... રાષ્ટ્રપતિ કેનેડીનો આ જ ફેંસલો એમને ડગ્લાસની એ દુર્ભાગી સડકો પર લઈ ગયો, જ્યાં ગોળીઓએ એમને ચાળણી જેવા કરી દીધા હતા !

"એ બનાવના ચાર દાયકા પછી જ્યારે હું કેનેડી અને કૃશ્ચેવ વચ્ચે થયેલા સંવાદોનું અધ્યયન કરી રહ્યો હતો ત્યારે, સાચું કહું છું કે ત્યારે, હું એ "અંતિમ ક્ષણના વિવેક"ને સમજી શક્યો હતો ! જેને ઈશુએ પોતાના શબ્દોમાં કહ્યું હતું : "પોતાના શત્રુને પ્રેમ કરો" ... કેટલું મોટું સત્ય હતું આ !! આ નાનકડા વાક્યના અપાર નૈતિક બળે તે દિવસે દુનિયાને બચાવી લીધી. અને યુદ્ધના બે સૌથી મોટા કટ્ટર દુશ્મનો શાંતિના મસીહા બની ગયા !!

## (૦૮) ભાંગ્યાનો ભેરુ- જવાંમર્દ - બટુકડું પંખી .......'કાળિયોકોશી'

- હીરજી ભીંગરાડિયા

જેના મોઢામાં ખોરાકને ચાવી ઝીણો કરે એવા દાંતની નથી સગવડ કે નથી સ્વાદ પારખવા શક્તિશાળી જીભ. અરે, ગંધ-સુગંધની ગતાગમ કરાવે એવું નાકેય ભગવાને નથી આપ્યું, એવા પંખીસમાજના સભ્ય કાળિયોકોશીની ન્યાય-પ્રિયતા મનુષ્યનેય પાઠ ભણાવે એવી છે.

પંખી નાનકડું પણ હિંમતમાં બહુ મોટકડું ! કહેવું પડે, ભાઈ ! પંખીની દુનિયામાં કાળિયોકોશી એટલે નબળા-દૂબળાનો રક્ષક અને માથાભારેનું માન મૂકાવનારો ગણાય. હોલાં, લેલાં, પીળક જેવાં ઢીલાં અને નરમ-શાંત સ્વભાવનાં પંખીઓનું તો એ દિલ દઈને ધ્યાન રાખે. પંખી-સમાજમાં નાનેથી માંડી મોટા સુધીમાં કોઈને પણ એની નજરે અન્યાય થતો ભળાય-એ એનાથી સહન ન થાય ! પોતે કદમાં છે નાનકડું એટલે બળ ભલે ઓછું હોય, પણ ચપળતા અને કળ સુવાંગ એના બાપની ! છીણી હોય ભલે નાની, પણ એ હોય જે પાક્કી ગજવેલની ! એની જેમ છાતી ? છાતી છત્રીસ ઈંચની-કારગીલના સૈનિકના જેવી ! હિંમતે જવાંમર્દ જીવ ! એનાથી શરીરે-બળે ઘણાં મોટાં, લાગ મળે તો આને તો આખેઆખો ખાઈ જાય એવાં સમળી, ખેરખટ્ટા, શકરાબાજ કે ગીધ જેવાની સામે પણ જંગે ચડતા તે અચકાય નહીં. માત્ર વઢી-ભઢીને કે વિરોધ પ્રદર્શિત કરીને રોડવી લેવાનું નહીં, ગુનેગાર કે શકમંદને તો બસ પીછો કરી હદની બહાર ધકેલ્યે જ જંપે ! આક્રમણ કરવાની એની રીત જ સાવ નીરાળી ! 'પહેલો ઘા પરમેશ્વરનો' એ જ કાળિયાકોશીનો જીવનમંત્ર ! વાટ નહીં જોવાની. મનને લાગ્યું ? તો પછી બસ સીધું જ આક્રમણ ! સામા પક્ષને વહેમ પણ ન હોય કે આ સીધો જ ત્રાટકશે ! દુશ્મનોને મીણ કહ્યા વિના છૂટકો નહીં.

અમારી વાડીએ મગફળીનું ખળું હાલે. ખંપાળીથી પાથરા ઢોરવાનું કામ ચાલુ હતું. બાજુમાં ઝાડને છાંયડે શાંતિથી ઊભા ઊભા વાગોળતા બળદની ખુંધ પર બેસી એક કાળિયોકોશી બધું જોતો હતો. બન્યું એવું કે ખળાની પાળીએ ૫-૭ હોલાં-પારેવાં ભોંય પડી, શીંગ વીણી-ફોડી ચણવાની મહેનતમાં હતાં. એવામાં એક કાગડો ત્યાં આવી ઉતર્યો અને હોલાંને પજવવા માંડ્યો. કાળિયાકોશીથી આવું અજાણ રહે ખરું ? એણે બળદની કોંટ ઉપરથી ટોરપીડોની જેમ કાગડા ઉપર એવો કલકલિયો ધૂબકો માર્યો કે ખુદ કાગડો ગભરાટમાં કોં...કોં... કરીને ગડથોલિયું ખાઈ ગયો ! ભાગવા માટે ભોંય ભારે પડી ગઈ, બોલો ! બધાની 'ઉડ્ય' ઊડી જાણનાર કાગડાને એની એકાવન ઉડ્યમાંથી એકેય કામ ન આવી ! કાગડો કાળો દેકારો કરતો આગળ અને કાળિયોકોશી પાછળ ! દૂર ક્યાંયનો ક્યાંય ધકેલી આવ્યા પછી પાછો ફરી ન્યાયધીશની અદાથી તટસ્થભાવે પાછો એ જ બળદની ખૂંધ પર આવી ઝૂલવા લાગ્યો ! જાણે કંઈ બન્યું જ નથી. આને 'પંખીની નાતનો પટેલ' કહ્યો છે, તે બિરૂદ તે દિ' બરાબરનું સાર્થક ભળાયું.

**દેખાવ અને રૂપ-રંગઃ** નામ જ એનું છે 'કાળિયોકોશી', પછી રંગ બાબતે તો પૂછવાનું જ ક્યાં રહ્યું ? કૃષ્ણેય કાળા જ હતાને ? રંગ એનો પૂંછડીથી માથા સુધી પગ, ચાંચ કે ડોક-પાંખ બધું જ કાળું ! ઝીણવટથી નીરખીએ તો આંખો રાતી ભળાય. અમારે ધનીમા વાર્તા કહેતા- 'બાર હાથનું ચીભડું અને તેર હાથનું એનું બિયું' બસ, એના જેવું જ. કોશીના દેહની પૂંછડીથી માથા સુધીની કુલ લંબાઈ ૧૩ ઇંચ, પણ એમાં એકલી પૂંછડી જ થાય ૭ ઇંચ ! નર-માદા બન્ને દેખાવે સાવ સરખાં ! બન્નેની પૂંછડી છેડે કલાત્મક રીતે ખાંચાવાળી. ગુજરાતમાં એક અહીંનો સ્થાનિક અને બહારથી આવી લટાર મારી જનાર સફેદ પેટો–રાખોડીકોશી અને ભૃંગરાજ જેવી જાતો છે.

પોતાની બોલી થોડી કર્કશ, પણ મીઠા ટહુકાયે કરી જાણે ! નકલમાં એવો પાવરધો કે ભાતભાતના અવાજો કાઢીને આપણને બીજા પંખીઓ હોવાના ભ્રમમાં નાખી દે ! કોઈવાર મોજમાં આવીને મોઢેથી એવી સીટી વગાડે જાણે

વનવગડે ઘેટાં-બકરાં ચરાવતો કોઈ ગોવાળિયો હોય ! મોટા સ્ટેજ ઉપર શોભે એવો મિમિક્રીનો જાણે જબરો કલાકાર !

**બાળ-ઉછેર:** બાળઉછેર માટે પંખીઓને મોટી ચિંતા સતાવતી હોય છે, બીજા શિકારી પંખીઓની કૂડી નજરમાંથી બચી શકાય તેવા ગોપનીય સ્થળ પસંદ કરવાની. પણ આપણા કાળિયાને એ બાબતે જરાયે ઊંચો જીવ નહીં ! બીજા પંખી માળો ભાળી જાય તો છોને ભાળી જતાં ! હોલાં, પીળક, લેલાં જેવાં અસોળ પંખીઓ તો કાળિયાકોશીના માળાવાળા ઝાડ પર જ નજીકમાં પોતાના માળા બનાવતા હોય છે. પછી કોની મગરૂર કે કાગડા, ખેરખટ્ટા, સમળી, બાજ કે ગીધ જેવા ચોર-લૂંટારા કાળિયાના માળાવાળા ઝાડ પાસે ફરકવાની હિંમત કરે ?

કહેવાય બધાં પંખી જ, પણ બધાં કંઈ એક સરખી સંખ્યામાં ઈંડા ન મૂકે. ગીધ વરસમાં એક ઈંડું મૂકે. તો તેતર બે વાર ૭-૮-૯ ઈંડાં મૂકે. હોલાં ઈંડાં બે જ મૂકે, પણ વરસમાં મૂકે પાંચ વખત. ચકલી બે-ત્રણ વાર પણ પાંચ-પાંચની સંખ્યામાં. જ્યારે કાળાકોશીની માદા વરસમાં એક જ વાર ચૈત્રથી અષાઢ દરમિયાન ઝાડવામાં આછો-પાતળો રોડવી લેવા જેવો માળો બાંધી ૩થી ૫ ધોળા રંગ પર જાંબુડિયા ઝાંયની છાંટવાળા ઈંડાં મૂકે છે.

**પ્રકૃતિની તકેદારી:** પ્રકૃતિની વ્યવસ્થા અજોડ છે. એને સૃષ્ટિનું સંચાલન વ્યવસ્થિત ચાલતું રહે એમાં રસ છે અને એટલે જ કોઈનું અતિ વધુ કે અતિ કમ પ્રમાણ ન થઈ જાય તેની તકેદારી રાખવી પડે છે. એણે તો બધાંને નિભાવવાનાં છેને ? ઊંડું વિચારીએ તો ખ્યાલ આવશે કે ઝડપી અને મોટી સંખ્યામાં વંશવૃદ્ધિ કરનારા જીવોની સંખ્યા માપબારી ન વધી જાય તે અર્થે તેને અંકુશમાં રાખવા અજીબ કરામત ગોઠવેલી છે. રાક્ષસી સંખ્યાએ વધતા કેટલાક જીવોને નિયંત્રણમાં રાખવાનું કામ પંખી-જગતને સોંપાયેલું છે. તમે જુઓ ! ઝીણાં જીવડાં, ફૂદાં-કીટકોથી માંડી ઉંદરડા અને કેટલાક સરિસૃપો સુદ્ધાંને આરોગી જઈ કાબૂમાં ન લેવાય તો બીજા જીવોને જીવવું દોહ્યલું બની જાય. એક નિરીક્ષણ કરી જો જો ! પાક પર આવાં બધાં ઝીણાં જંતુઓને પ્રગટાવાનો ગાળો આરંભાય કે બરાબર તે જ ટાણે પંખીઓમાં પણ બચ્ચાં ઊછરી રહ્યાં હોય છે. વળી બચ્ચાં હોય અતિ ભૂખાવળાં ! માતાએ વારંવાર ફૂદાં-પતંગિયાં-ઇયળો પકડી લાવી એનાં મોઢામાં મૂક્યાં કરવાં પડતાં હોય છે.

એક પંખી-નિરીક્ષકના કહેવા અનુસાર પંખી એક કલાકમાં ૨૪ વખત માળામાં આવી બચ્ચાંને ખવરાવી જાય છે. દિવસભર ૧૬ કલાકમાં ૩૮૪ વાર અને એવા ૧૮-૨૦ દિવસ રહેતાં બચ્ચાંના શિશુકાળ દરમ્યાન એક બચ્ચું કેટલાં જીવડાં આરોગી જાય એનો હિસાબ કરી લેજો ! હવે તમે જ વિચારો. આમ તો આપણે આવાં પંખીઓને સારીપેઠે ઓછાં કરી નાખ્યાં છે. છતાં ધરતી પર કેટલી બધી જાતનાં અને કેટલાં બધાં પક્ષીઓ છે ? એ બધાં પાક પરની ઉપદ્રવી જીવાતોના ભક્ષક જ છેને ?

**શિકારની અલગઅલગ રીતો:** જીવડાંઓનો શિકાર કરવાની પંખીઓની રીતો અવનવી હોય છે. સાંતીની હરફર હોય ત્યારે સાંતીની પાછળ બગલા અને કાબરોની ટુકડીઓ ન હોય ત્યાંથી આવી જાય છે. કારણમાં સાંતીની રાંપ કે દાંતા વડે જમીનની ઊથલપાથલ થતાં જમીનમાં છુપાયેલાં જીવડાંને જમીનમાંથી બહાર નીકળવું પડે છે. અરે, મોલમાં પિયત થતું હોય ત્યાં પાણી જમીનમાં ઉતરતાવેંત જીવડાંઓ માપબારી સંખ્યામાં જમીનમંથી બહાર આવતાં હોય છે. બસ, ત્યાં જ ક્યારામાં રેલાતા જતાં પાણીની સાથોસાથ બગલાની ટીમ હડિયાપાટી કરતી હોય છે. ક્યારામાં પાણી ક્યાં પહોંચ્યું છે એની ખબર નાકા પાસે ઊભેલા પાણતિયાને વગર સંભાળ્યે બગલા પર નજર કરવા માત્રથી પડી જતી હોય છે.

જ્યારે કાળાકોશીને ઘડીને તો ભગવાને હાથ ધોઈ નાખ્યા હશે-એની માટીનો પીંડો જ નોખી ભાતનો હશે ! એની બધી બાબતો પર આફરીન થઈ જવાય એવું છે. એની બેસવાની છટા તો જુઓ ! એકદમ ટટ્ટાર ! આપણને એમ લાગે જાણે પગ પર નહીં, પૂંછડી ઉપર જ બેઠો છે ! ઝાડવાની આગળ પડતી ડાળી હોય કે તારનો થાંભલો હોય, અરે ! છેવટે ફરતાં-ચરતાં કે ઊભેલાં ઢોરની પીઠ તો હોય ને ! એની કાંધ ઉપર કે છેવટ શિંગડાની ટોચ ઉપર, આસન તો ઊંચું જ લેવાનું ! સીધો જમીન ઉપર બેઠેલો કાળોકોશી ક્યારેય ભળાય જ નહીંને ! એને હોય છે બે બાજુની ચિંતા ! એક, પોતાની પેટપૂજા માટે જીવડાં પકડવાનાં

અને બીજી આસપાસમાં ક્યાંય કોઈ નબળા-દૂબળા પંખીને કોઈ આતંકવાદી પંખી દુભવતું તો નથીને, એનું પણ એણે રાખવાનું હોય છે ધ્યાન ! એટલે નીચે બેઠા થોડું પોસાણ થાય ? દા.ત. પશુની પીઠ પર સવાર થયેલ હોય, પશુ ચરતું ચરતું હાલતું જાય, જીવડાં ઊડતાં જાય, કોશીભાઈ ચાંચમાં વીણતાં જાય !

એની જીવરાઈ જ એવી કે એનો જોટો જડવો પંખીની નાતમાં મુશ્કેલ ! જીવડું જમીન પર ભળાય કે હવામાં ઊડતું નજરે ચડે, અરે ! પાણીમાં જ ભલેને તરતું હોય, એની નજરચૂક થાય જ શાની ? આપણી આંખ દૃશ્ય જુએ અને એ ઊડીને ક્યાં ગયો, શું પકડ્યું-એનો નિર્ણય કરી રહીએ એ પહેલાં તો એણે ઠારથી જ વીજળીક ઉડ ઉપાડી, તરાપ મારી, જીવડાને મોઢામાં લઈ, મૂળ સ્થાને પાછો આવી ગયેલો ભળાય. એની નજરમાંથી જીવડું બચી જ ન શકે, કે એની તરાપમાંથી છટકી જ ન શકે. ત્રાંસી-આડી-ઊભી-ચત્તી ગમે તેવી ગુલાંટ-લોંકી અને ઊડ પણ એવી જ મસ્તીભરી !

**એનું યોગદાનઃ** આપણા અનાજ, શાકભાજી, ફળફળાદિ તો શું સુગંધ-શોભા આપતાં ફૂલ-પાંદડાંવાળા અને ઈમારતી લાકડ-ફકડની જરૂરિયાતો પૂરી પાડતાં નાનેથી માંડી મોટા સુધીના પાકોને વેડતી-રંજાડતી ઇયળો, ફૂદાઓ, ભમરીઓ અને તીડ-ખપેડી જેવા પર નિયંત્રણો રાખતો એનો આપણા પરનો ઉપકાર કૃતજ્ઞ હોય તેનાથી ભુલાય ખરો ? કેટકેટલા મોંઘા ઝેર અને તેને છાંટવાની કડાકૂટ અને તે પછી ખોરાકને, હવાને, પાણીને ઝેરીલાં બનાવી આપઘાતને માર્ગે જતાં બચાવનાર વાડીની વાડમાં-ઝાડવાઓમાં વસેલાં પક્ષીઓ જ છે. જરૂર છે એનાં રક્ષણ, બેસણાની સોઈ આપણી વાડીઓમાં ઊભી કરવાની.

**એક તહોમતનામુંઃ** દાગ તો ભાઈ સોળે કળાએ ખીલેલો પૂર્ણિમાના ચંદ્રમામાંયે છે. 'જડચેતન ગુણ દોષમય વિશ્વ કિન્હ કરતાર !' તો પછી કાળિયોકોશી સર્વાંગસંપૂર્ણ તો કેમ હોય ? એની સામે શૌર્યના ગુમાનમાં આવી કાબર પાસેથી શિકાર ઝૂંટવી લીધાનો અને હુડહુડ જેવા રાંક પંખીને લૂંટવાનો ગૂનો કર્યાનો કેસ નોંધાયેલ છે. કેસની વિગત વિજયગુપ્ત મોર્યના 'પ્રકૃતિના લાડકવાયા' પુસ્તકમાં છે. કાળિયાકોશીની સમગ્ર જીવન ફાઈલનો અભ્યાસ કર્યા પછી અને તેના તરફથી મળતા ખેતી અને પર્યાવરણીય અનેકવિધ લાભોના યોગદાનને ધ્યાને લેતાં એણે કરેલી મામૂલી ગેરવર્તણૂક બાબત એને માફ ન કરી શકીએ ? કરી જ દેવાય મિત્રો !

●---------●●●--------●●●---------●

પંચવટી બાગ, માલપરા, જિ. બોટાદ, મો.૯૩૨૭૫૭૨૨૯૭

**શ્રદ્ધાંજલિ**

સ્વ. પૂ. નાનાભાઈ ભટ્ટના દીકરી, લોકભારતી પ્રાથમિક શાળાના ભૂતપુર્વ શિક્ષિકા અને ગુજરાતના જાણીતા કવિશ્રી હસમુખભાઈ પાઠકના પત્ની સરલાબહેનનું ૮૭ વર્ષની વયે તેમના અમદાવાદ ખાતેના નિવાસ સ્થાને તા.૨૦ ઑક્ટોબરના રોજ અવસાન થયેલ છે.

સંપર્ક : પુત્ર : રાજા તુલસીમોહન, મો. ૯૯૭૪૦૮૯૧૯૯

આ ખાલીપાને આપણે તેમના વત્સલ સંસ્મરણો અને તેમણે કરેલા સેવાકીય સત્કર્મોને અનુસરીને વંદન સાથે લોકદક્ષિણામૂર્તિ પરિવાર શ્રદ્ધાંજલિ પાઠવે છે.

**શ્રદ્ધાંજલિ**

આપણા સન્માનિત વિદ્યાર્થી અને સફાઈ-વિજ્ઞાન ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ નમૂનેદાર કામ કરનાર શ્રી કંચનભાઈ શિવરામભાઈ પટેલનું તા. ૦૫ ઑક્ટોબરના રોજ ૯૦ વર્ષની વયે તેમના વતન ભાણપુર ખાતે અવસાન થયેલ છે.

સંપર્કઃ પુત્રઃ ભરતભાઈ, મો. ૯૮૭૯૫૩૦૬૫૩

આ ખાલીપાને આપણે તેમના વત્સલ સંસ્મરણો અને તેમણે કરેલા સેવાકીય સત્કર્મોને અનુસરીને વંદન સાથે લોકદક્ષિણામૂર્તિ પરિવાર શ્રદ્ધાંજલિ પાઠવે છે.

## (૦૯) સંસ્થા સમાચાર - ઑક્ટોબર : ૨૦૧૯

- સંકલન : પ્રશાંત મહેતા

**લોકભારતી સમાચાર**

- તા.૦૧ના રોજ ગાંધીજીવન યાત્રાના કાર્યક્રમની પૂર્વતૈયારીના ભાગરૂપે બી.આર.એસ. અને એમ.આર.એસ.ના વિદ્યાર્થીઓનો અભિમુખતા કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી હસમુખભાઈ સુથાર અને શ્રી મુકુંદભાઈ શ્રીમાળીએ પ્રાસંગિક વાતો કરી અને જરૂરી માર્ગદર્શન આપ્યું.
- તા.૦૧ના રોજ અધ્યાપન મંદિરમાં શ્રી દિગંતભાઈ દેવમુરારિએ વિદ્યાર્થીઓને 'ઓસ્ટ્રેલિયાની સંસ્કૃતિ અને જીવન' વિષેની રસપ્રદ વાતો કરી.
- તા.૦૨ના રોજ ગાંધીજયંતી નિમિત્તે સવારે પ્રાતઃ પ્રાર્થના યોજાઈ, જેમાં 'મંગળ પ્રભાત' પુસ્તકમાંથી એક પ્રસંગનું વાચન કરવામાં આવ્યું. ગાંધીજયંતી કાર્યક્રમમાં શ્રી રાજુભાઈ-દીપ્તિબહેન પુરોહિતે(તેઓ કોબા-ગાંધીનગર કેન્દ્ર બનાવીને ગામડાંઓમાં અવૈધિક શિક્ષણની પ્રવૃત્તિમાં રત છે) ગાંધીવિચાર અન્વયે અભ્યાસપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. બપોરના લોકભારતીના સમગ્ર કાર્યકરો તરફથી આપણાં સાતેય તળાવડાં પાણીથી છલકાઈ ગયાં તે નિમિત્તે 'હરખ-જમણ' યોજવામાં આવ્યું. આ નિમિત્તે શ્રી વિઠ્ઠલભાઈ વાછાણી, શ્રી મગનભાઈ કાલરિયા, શ્રી રમણીકભાઈ કાલરિયા અને લોકભારતીના અન્ય કેટલાક શુભેચ્છકો પણ ઉપસ્થિત રહ્યા.
- તા.૦૨ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના મુખ્યવિષય ગુજરાતીના વિદ્યાર્થીઓ સમક્ષ આગંતુક કવિ શ્રી ઘનશ્યામભાઈ રાઠોડે સ્વરચિત કાવ્યપાઠ કરી ગઝલના સ્વરૂપ વિષે વાતો કરી. આ સાથે શ્રી નિતીનભાઈ ભીંગરાડિયા જોડાયા.
- ગાંધીજયંતી નિમિત્તે ગ્રામજીવન યાત્રામાં વિદ્યાર્થીઓ અને કાર્યકરો તા.૦૩ના રોજ સણોસરાની આજુબાજુનાં પચાસ ગામોમાં સ્વચ્છતા-આરોગ્ય, વ્યસન-મુક્તિ, પ્લાસ્ટિક-મુક્તિ, સાક્ષરતા અને કૃષિ-ગોપાલન-સજીવ ખેતીનો સંદેશ લઈને સવારથી સાંજ સુધી જઈ આવ્યાં. આ વર્ષ ગાંધી-૧૫૦નું વર્ષ હોઈ, ગુજરાત સરકારશ્રીના પર્યટન વિભાગ દ્વારા આ ગ્રામજીવન યાત્રાને પુરસ્કૃત કરવામાં આવી.
- તા.૦૫ના રોજ એમ.બી.એ.ના વિદ્યાર્થી એમ.આર. સૈયદે વિદ્યાર્થીઓને સ્લાઈસરની કાર્ય પ્રણાલીનું ડેમોન્ટ્રેશન બતાવ્યું.
- તા.૦૯ના રોજ લોકભારતીના પૂર્વ અને સન્માનિત વિદ્યાર્થી અને પર્યાવરણ ક્ષેત્રે કાર્યરત શ્રી વી.ડી.બાલા પોતાની ટીમ સાથે આવ્યા અને તેઓએ લોકભારતી અંગેની એક શોર્ટ ફિલ્મ બનાવવા માટે વીડિયોગ્રાફી કરી તેમ જ શ્રી અરુણભાઈની મુલાકાત લીધી.
- તા.૦૯ના રોજ અધ્યાપન મંદિરમાં પૂર્વવિદ્યાર્થી શ્રી મનીષભાઈ જોળિયાએ 'મંદબુદ્ધિનાં બાળકોનું શિક્ષણ' વિષે વાત કરી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૯ના રોજ ગ્રામ પંચાયત મંત્રી ઓપવર્ગ ૨૨૪માં ૧૪ દિવસ માટે ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, અમરેલી, રાજકોટ, મોરબી જિલ્લાઓમાંથી કુલ ૩૮ તાલીમાર્થીઓ હાજર થયા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. ૧૦ના રોજ 'મહિલા કિસાન દિવસ' અવાણિયા મુકામે ઉજવવામાં આવ્યો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી નિગમભાઈ શુકલ તથા

શ્રી પ્રદીપભાઈ કયાડા તા.૧૦ના રોજ જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા આયોજિત 'ઝર્ક' મિટીંગમાં ભાગ લેવા માટે તરઘડીયા મુકામે જઈ આવ્યા.

- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી નિગમભાઈ શુકલ તા.૧૧ના રોજ કલેકટર ઓફિસ, ભાવનગર ખાતે આયોજિત 'પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના'ની મિટીંગમાં ભાગ લેવા માટે જઈ આવ્યા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તલ પાકના ભુતિયા ગામે અને મગફળી પાકના મહુવા તાલુકાના ગુંદરણા ગામે ફિલ્ડ ડે યોજાઈ ગયો. જેમાં ૭૯ ખેડૂત ભાઈઓએ ભાગ લીધો.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૦ના રોજ ઓપવર્ગ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવેએ તાલીમાર્થીઓ સમક્ષ લોકભારતીમાં પંચાયતીરાજ ચલાવવા પાછળના હેતુઓ અને ગામડાને બેઠું કરવા તલાટીમંત્રી તરીકેની ભૂમિકા ખુબ જ સરળ ભાષાથી સ્પષ્ટ કરી વર્ગ પ્રારંભ કરાવેલ.
- તા.૧૩ના રોજ જળક્રાંતિ ટ્રસ્ટ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ભાગ લેવા માટે શ્રી શ્રીધરભાઈ ગજ્જર ભેખડિયા (તા. કવાંટ, જિ. છોટાઉદેપુર) જઈ આવ્યા.
- યુ.કે.થી પ્રસારિત થતાં સામયિક 'ઓપિનિયન'ની પહેલથી 'દર્શક'ના વિદેશમાં વસતાં ચાહકોએ એકઠી કરેલી નિધિમાંથી શરૂ કરેલ 'દર્શક વ્યાખ્યાનમાળા'ના આ ચોથા વર્ષે તા.૧૫મીના રોજ મૈત્રી વિદ્યાપીઠ, માનવ મંદિર, સુરેન્દ્રનગરના સહયોગ અને આતિથ્યથી સુરેન્દ્રનગર મુકામે મૈત્રી વિદ્યાપીઠ, માનવ મંદિર, સુરેન્દ્રનગરના સભાખંડમાં સુપ્રતિષ્ઠ કટારચી, લેખક, સંપાદક, પ્રકાશક માનનીય શ્રી ઉર્વીશ કોઠારીએ 'સૉક્રેટીસ, ભારતીય સંસ્કૃતિ અને વર્તમાન : 'દર્શક'ની સાખે' વિષય પર ચોથું અભ્યાસપૂર્ણ અને મનનીય વ્યાખ્યાન આપ્યું. મૈત્રી વિદ્યાપીઠ, સુરેન્દ્રનગરના માનનીયશ્રી નિખિલેશભાઈ દેસાઈ અને માનનીયશ્રી જયશ્રીબહેન દેસાઈએ કાર્યક્રમને સફળ બનાવવા ઘણી જહેમત ઊઠાવી અને સઘળી વ્યવસ્થા-આયોજન ગોઠવ્યાં. કાર્યક્રમનું સંચાલન શ્રી અરુણભાઈ દવેએ કર્યું. લોકભારતીમાંથી મોટી સંખ્યામાં કાર્યકરો આ કાર્યક્રમમાં ભાગ લેવા જઈ આવ્યાં.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૬ના રોજ રાત્રિપ્રવૃત્તિમાં શ્રી દિગંતભાઈ દેવમુરારિએ ભારત અને ઓસ્ટ્રેલિયાની સામાજિક તેમ જ આર્થિક બાબતો તાલીમાર્થીઓએ પૂછેલ પ્રશ્નો દ્વારા સરસ રીતે સમજણ આપી અને તાલીમાર્થીઓને નવું જાણવા-સમજવા મળ્યું.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૭ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિએ તાલીમાર્થીઓ સમક્ષ પોતાના પ્રવાસના અનુભવો અને કૈલાશ માનસરોવર યાત્રાનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રજૂઆત કરી.
- તા.૧૭ના રોજ શ્રી પ્રવિણભાઈ ઠક્કરે લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષ તેમ જ એમ.આર.એસ.ના વિદ્યાર્થીઓ સમક્ષ વકતવ્ય આપ્યું.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૯ના રોજ તાલીમાર્થીઓ તથા કાર્યકર શ્રી જીવણભાઈ જોગરાણા શૈક્ષણિક પ્રવાસમાં જઈ આવ્યા.
- તા.૧૯ના રોજ અધ્યાપન મંદિરના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનું વાલીમિલન યોજાયું. જેમાં શ્રી અરુણભાઈ, શ્રી હસમુખભાઈ દેવમુરારિ તથા શ્રી રામચંદ્રભાઈએ પ્રાસંગિક વાત કરી.
- એગ્રોસેલના કૃષિ વૈજ્ઞાનિક ડો. સી. પી. સિંગ થોડા દિવસ લોકભારતીના કૃષિ સંશોધન કેન્દ્રમાં મુલાકાતે આવી ગયા અને લોક-૦૧ ઘઉંના બ્રીડર સીડ્ઝની વેચાણ-વિતરણ વ્યવસ્થા સંપન્ન કરી. તેઓએ માઈધાર અને મણારની મુલાકાત પણ

લીધી.

- પૂ. નાનાદાદાનાં મોટાં દીકરી શ્રી સરલાબહેન પાઠકના નિધનના સમાચાર મળ્યા. તા.૨૦ના રોજ સાયં પ્રાર્થનામાં તેઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૦ના રોજ ઓપવર્ગ શુભેચ્છા કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ તાલીમાર્થીઓ સમક્ષ લોકભારતીની તમારી પાસેની અપેક્ષા તેમ જ એક સારો સમાજ રચવાની પ્રેરક વાત કરી આર્શીવચન પાઠવ્યા, તેમજ પ્રમાણપત્ર આપવામાં આવ્યા.
- સંવત ૨૦૭૬ના નવા વર્ષ નિમિત્તે તા.૨૮ના રોજ મુખ્ય રસોડે મા. શ્રી અરુણભાઈ દવેની ઉપસ્થિતિમાં સ્નેહ મિલન રાખવામાં આવ્યું, જેમાં સૌને નવા વર્ષની શુભેચ્છાઓ આપી, સંસ્થાની પ્રવૃત્તિઓનો ટૂંકો અહેવાલ આપ્યો અને લોકભારતીના ધ્યેયને આનુષાંગિક પ્રવૃત્તિઓમાં સૌને ઉત્સાહપૂર્વક ભળવા અનુરોધ કર્યો.
- તા.૨૮ના રોજ મા.શ્રી મનસુખભાઈ માંડવિયાના વતન હણોલ મુકામે યોજાયેલ નૂતન વર્ષના સ્નેહ મિલન કાર્યક્રમમાં હાજરી આપવા શ્રી અરુણભાઈ દવે અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ જઈ આવ્યા.
- અધ્યાપન મંદિરમાં 'ખજાનાની શોધ'નો કાર્યક્રમ યોજાયો. જેમાં શ્રી અરુણભાઈ અને શ્રી હસમુખભાઈએ ઉપસ્થિત રહીને આ નિમિત્તે પ્રાસંગિક વાત કરી.
- અધ્યાપન મંદિરમાં ભાવનગર ડાયેટમાંથી શ્રી સંજયભાઈ તલસાણીયાએ પ્રાર્થના સંમેલનમાં ગાંધી-૧૫૦ નિમિત્તે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પ્રેરક વાત કરી.
- અધ્યાપન મંદિરમાં સ્વયં શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.
- શ્રી અરુણભાઈ દવે ગાંધી-૧૫૦ અને બીજી ઑકટોબરની ઉજવણી સંદર્ભે ઘણા વ્યસ્ત રહ્યા. તા. ૬એ ચલાળા ખાતે નાગરભાઈ દોશી સ્મારક નિધિની વાર્ષિક ટ્રસ્ટીમંડળની બેઠકમાં હાજરી આપી. તા. ૧૨ અને ૧૩ બે દિવસ ગુજરાતમાં ચાલતાં ત્રીસેક જેટલાં લોકવિજ્ઞાન કેન્દ્રના સરકાર નિયૂકત મુખ્ય સલાહકાર તરીકે વાર્ષિક મૂલ્યાંકન બેઠકોમાં અમદાવાદ સ્થિત 'સાયન્સ સીટી' ખાતે હાજર રહી માર્ગદર્શન કરી આવ્યા. તા.૧૫મીએ સુરેન્દ્રનગર ખાતે પૂ. મનુદાદાની જન્મજયંતિ નિમિત્તે યોજાએલ વ્યાખ્યાનમાળાનું સુપેરે સંચાલન કરી, તા.૧૮મીએ માઈધાર રહી આવ્યા. સ્થાનિક કાર્યક્રમોમાં સક્રિયતા દાખવીને તા. ૨૮મીએ લોકભારતી અને ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા ખાતે યોજાએલ સ્નેહમિલનોમાં શુભેચ્છાઓ પાઠવી ધન્યતા અનુભવી.

**આંબલા સમાચાર**

- તા.૨જીના રોજ ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં આસપાસના દસ ગામમાં સફાઈ, રેલી, પ્રદર્શન, ભીંતસૂત્રો વગેરે દસ ટુકડીમાં ગ્રામજનો તથા પ્રાથમિકશાળા મળી કાર્યક્રમ કરવામાં આવેલ. પ્રાથમિક શાળા તથા ગ્રામપંચાયતને કચરાપેટી, પુસ્તકો, સીડી, ગાંધીજી જીવનચરિત્ર, પેનડ્રાઈવ ભેટ આપવામાં આવી. આ નિમિત્તે ભાવનગર જિલ્લા સાંસદશ્રી ભારતીબેન શિયાળ જોડાયા હતા. બપોર પછી શ્રી નલિનભાઈ પંડિતનું વ્યાખ્યાન અને રાત્રે ગાંધી ફિલ્મ રાખવામાં આવેલ. સૌ કાર્યકર તથા વિદ્યાર્થી ભાઈઓ-બહેનો ઉત્સાહભેર ભાગ લીધેલ.
- આંબલા પ્રાથમિક શાળાના પ્રાંગણમાં શહીદ સ્મારક કાર્યક્રમ રાખવામાં આવેલ તે નિમિત્તે ભાવનગર જિલ્લા પ્રમુખશ્રી તથા ભાવનગર એસ.પી.શ્રી સંસ્થા મુલાકાતે આવેલ.
- તા.૨૧-૨૨ના રોજ નર્મદા સરકાર સરોવર સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા નીલકંઠધામ પોઈચા બે દિવસ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોનો પ્રવાસ ગોઠવવામાં

આવેલ.

- નૂતન વર્ષ નિમિત્તે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ જેમાં ભૂતપુર્વ વિદ્યાર્થી, ગ્રામજનો, આગેવાનો ઉપસ્થિત રહેલ. શ્રી અરુણભાઈ, શ્રી મેહુરભાઈ લવતુકા શ્રી ફાજલભાઈ ચૌહાણ તથા શ્રી લાલજીભાઈએ આશીર્વચન આપેલ.

**મણાર સમાચાર**

- તા.૦૨ના રોજ ગાંધી જયંતિ નિમિત્તે આ વિસ્તારના અલગ-અલગ ૧૦ ગામોમાં પદયાત્રા યોજવામાં આવી. જેમાં ગ્રામસફાઈ, સુત્રલેખન, ગાંધી પ્રદર્શન, ગાંધીગીતો, ગ્રામસભા તથા ગાંધીજીવન-કવન વિષે વિદ્યાર્થી તથા કાર્યકરો દ્વારા પ્રાથમિકશાળાઓમાં વાતો કરવામાં આવી.
- તા.૦૫ના રોજ ગુજરાત રાજયના નશાબંધી અને આબકારી ખાતા તરફથી લોકસાહિત્યકાર શ્રી મેરાણ ગઢવીનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં વ્યસન-મુક્તિ અને ગાંધીજીવન વિષે રોચક વાતો કરવામાં આવી.
- વિદ્યાલય કેંપસમાં નવરાત્રીપર્વની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી. જેમાં સુશોભન, લાઈટીંગ તથા ગરબીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.
- વિજયાદશમીના દિવસે વિદ્યાર્થીઓ માટે ફાફડા તથા જલેબીની ઉજાણી કરવામાં આવી અને દશેરાનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું.
- તા.૧૦થી ૨૩ સુધી ધો.૯થી ૧૨ના છાત્રોની સત્રાંત પરીક્ષા યોજવામાં આવી અને પરિણામો તૈયાર કરવામાં આવ્યા.
- શરદપૂર્ણિમા નિમિત્તે વિદ્યાલયના પ્રાંગણમાં દુધ-પૌઆનો કાર્યક્રમ રાખવામાં આવ્યો.
- મૈત્રી વિદ્યાપીઠ સુરેન્દ્રનગર મુકામે આયોજિત દર્શક વ્યાખ્યાનમાળામાં કાર્યકરો જઈ આવ્યા.
- તા.૨૪થી સત્રાંત વેકેશન શરૂ થયું. સૌ પોતાના વતન ગયા.
- આ માસમાં ભારતીય સંસ્કૃતિદર્શન પરીક્ષા યોજવામાં આવી. તેમાં ધો.૯થી ૧૨ના તમામ છાત્ર-છાત્રાઓ જોડાયા.
- પ્રકાશપર્વ દિવાળીમાં રોશનીના ઝગમગાટ માટે અહીની મહિલામંડળની ૩૦ બહેનોને દિવાળીના આકર્ષક કોડિયા બનાવવાની તાલીમ અમદાવાદની બહેનો દ્વારા આપવામાં આવી.
- ખેલમહાકુંભની ખો-ખોની સ્પર્ધા ઝોનલકક્ષાએ યોજાઈ ગઈ જેમાં મણાર-બેલાની બહેનોની સંયુકત ટીમે પ્રથમ સ્થાન જાળવ્યું.
- આ વર્ષના જિલ્લાકક્ષાના યુવામહોત્સવમાં આપણી સંગીત ટુકડી લોકગીતમાં પ્રથમ નંબરે આવી. સંગીતટુકડીની સૌ બહેનો તથા સંગીત શિક્ષકને અભિનંદન આપવામાં આવ્યા.
- આ માસમાં પીડીલાઈટ કંપનીના એન્જિનિયરોની ટુકડી બે વખત, મુંબઈથી શ્રી અજીતભાઈ દોશી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્ય શ્રી તમાલિયાભાઈ અને તેમના મિત્રો તથા સુરેન્દ્રનગર જિલ્લાના પૂર્વવિદ્યાર્થીઓ તેમના પરિવાર સાથે સંસ્થા મુલાકાતે આવી ગયા.
- આગામી ધો.૯ના છાત્ર-છાત્રાઓની રેલી(શિક્ષણ સંગોષ્ઠિ) અહીં યોજવાની હોવાથી તેના વિવિધ કામ શરૂ કરવામાં આવ્યા.
- અહીંના કૌશલ્ય વર્ધન કેન્દ્રના સીવણવર્ગના તાલીમ લીધેલ બહેનોએ વર્ષ દરમિયાન તૈયાર કરેલ ૧૦૦ જોડી કપડાનું (૪થી ૧૨ વર્ષના બાળકો માટે) જરૂરિયાતમંદ બાળકોમાં વિનામૂલ્યે વિતરણ તથા પ્લાસ્ટિક મુકત ભારત અન્વયે મહિલાઓ શાકભાજી લાવવા માટે પ્લાસ્ટિકની થેલીનો ઉપયોગ ન કરે તે માટે ૫૦ કાપડની થેલી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી. આ કાર્યક્રમમાં લોકશાળા તથા પ્રાથમિકશાળાનો તમામ સ્ટાફ તથા તળાજા આઈ.ટી.આઈ. કોલેજના પ્રિન્સિપાલ શ્રી દવેસાહેબ ઉપસ્થિત રહ્યા.